વિ. સંવત ૨૦૮૧, અષાઢ વદ - ૮

FRIDAY
18 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 226 CMD : Sanjay Shah

### અમદાવાદમાં એર ઇન્ડિયાના પ્લેન ક્રેશની ઘટના અંગે અમેરિકન ન્યૂઝ એજન્સી વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલથી ખળભળાટ : કેન્દ્ર સરકારે અપીલ કરી

# પ્લેન ક્રેશ પહેલાં કેપ્ટન સુમિત સભરવાલે ફ્યૂઅલ સ્વિચ બંધ કરી દીધી હતી : WSJ

# આંતરરાષ્ટ્રીય મીડિયાનું અપ્રમાણિત તારણો થકી બેજવાબદાર વલણ : IMCA

### વોલ સ્ટ્રીટ જર્નલે પ્રકાશિત કરેલા અહેવાલમાં કેપ્ટન સુમિત સભરવાલ અને કો-પાઇલટ ક્લાઇવ કુંદરે વચ્ચેની વાતચીતના કોકપિટ રેકોર્ડિંગમાંથી વાત બહાર આવી હોવાનો દાવો


નવી દિલ્હી, તા.૧૭

૧૨ જૂને અમદાવાદમાં ક્રેશ થયેલા એર ઇન્ડિયા વિમાનની દુર્ઘટના અંગે એક નવો અને ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. ન્યૂઝ એજન્સી રોઇટર્સ અનુસાર, અમેરિકન ન્યૂઝ એજન્સી વોલ સ્ટ્રીટ જર્નલએ અહેવાલ આપ્યો છે કે વિમાનના કેપ્ટન સુમિત સભરવાલે એન્જિનને ઈંધણનો પુરવઠો બંધ કરી દીધો હતો, જેના કારણે વિમાન ક્રેશ થયું. વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ અનુસાર બે પાઇલટ્સ વચ્ચેની વાતચીતના કોકપિટ રેકોર્ડિંગમાંથી આ વાત બહાર આવી છે. વોઇસ રેકોર્ડિંગમાં જાણવા મળ્યું છે કે, બોઇંગ વિમાન ઉડાડી રહેલા કો-પાઇલટ ક્લાઇવ કુંદરે કેપ્ટન સુમિત સભરવાલને ગભરાયેલા અવાજે પૂછ્યું, તમે ફ્યૂઅલ સ્વિચને 'કટઓફ' કેમ કરી? પ્રશ્ન પૂછતી વખતે કો-પાઇલટ આશ્ચર્યચકિત થયો હતો, જ્યારે કેપ્ટન સુમિત શાંત દેખાતા હતા. આ અહેવાલોને પગલે ખળભળાટ મચી ગયો છે. મોડી સાંજે ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય હેઠળના એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી) દ્વારા અપીલ કરાઈ છે, જેમાં જણાવાયું છે કે, એર ઇન્ડિયાના બી ૭૮૭-૮ વીટી-એએનબી વિમાન દુર્ઘટનાની તપાસ ચાલી રહી છે ત્યારે, તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી અકાળે તારણો કાઢવાથી દૂર રહે. એએઆઈબી જે એરક્રાફ્ટ અકસ્માતો અને ઘટનાઓની તપાસ નિયમો, ૨૦૧૭ અનુસાર કાર્ય કરે છે અને આઈસીએઓ એનેક્સ ૧૩ પ્રત્યે ભારત સરકારની જવાબદારીઓ પૂરી કરવા માટે જવાબદાર છે, તેણે ૨૦૧૨માં તેની સ્થાપના થઈ ત્યારથી ૯૨ અકસ્માતો અને ૧૧૧ ગંભીર ઘટનાઓની તપાસનો દોષરહિત રેકોર્ડ ધરાવે છે.

એએઆઈબીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, એએઆઈબીના ધ્યાન પર આવ્યું છે કે, આંતરરાષ્ટ્રીય મીડિયાના અમુક વર્ગો પસંદગીયુક્ત અને અપ્રમાણિત અહેવાલ દ્વારા વારંવાર તારણો કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવી કાર્યવાહી અત્યંત બેજવાબદાર છે, ખાસ કરીને જ્યારે તપાસ ચાલુ હોય. એએઆઈબીએ વિનંતી કરી છે કે, તેઓ અકાળ કથાઓ ફેલાવવાથી દૂર રહે, જે તપાસ પ્રક્રિયાની અખંડિતતાને નબળી પાડવાનું જોખમ ઉભું કરે છે. આ તબક્કે, કોઈ ચોક્કસ તારણો પર પહોંચવું ખૂબ વહેલું છે.

એએઆઈબી દ્વારા તપાસ હજુ પૂર્ણ થઈ નથી. અંતિમ તપાસ અહેવાલ મૂળ કારણો અને ભલામણો સાથે બહાર આવશે. તેથી, એએઆઈબી તમામ સંબંધિતોને તપાસ પૂર્ણ થયા પછી અંતિમ તપાસ અહેવાલના પ્રકાશનની રાહ જોવા અપીલ કરે છે.

વોલ સ્ટ્રીટ જર્નલે પોતાના રિપોર્ટમાં વિમાન દુર્ઘટનાની તપાસ કરનાર અમેરિકી અધિકારીઓની પ્રાથમિક તપાસથી પરિચિત લોકોને ટાંકીને આ માહિતી આપી હતી. જોકે, આ રિપોર્ટ પર ભારતના એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય, નાગરિક ઉડ્ડયન મંત્રાલય, બોઇંગ અથવા એર ઇન્ડિયા તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.




#### એર ઇન્ડિયા અને DGCAની કાર્યવાહી

એર ઇન્ડિયાએ બુધવારે માહિતી આપી હતી કે તેનાં તમામ બોઇંગ-૭૮૭ સિરીઝનાં વિમાનોના ફ્યૂઅલ કંટ્રોલ સ્વિચના લોકિંગ ફીચરની તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને તપાસ દરમિયાન ફ્યૂઅલ સ્વિચમાં કોઈ ખામી જોવા મળી નથી.

#### બોઇંગને બચાવવાનો પ્રયાસ

પાંચ દિવસ પહેલા, એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરોએ પ્રારંભિક તપાસ અહેવાલ જાહેર કર્યો હતો. એમાં જણાવાયું હતું કે, ફ્યૂઅલ સ્વિચ અચાનક રનથી કટ ઓફ સ્થિતિમાં જતી રહી હતી, જેના કારણે બંને એન્જિન બંધ થઈ ગયાં. અમેરિકન મીડિયા બોઇંગને સપોર્ટ કરે છે અને પાઇલટનું કૃત્ય હોવાની થિયરી રજૂ કરી બોઇંગને બચાવવાનો પ્રયાસ કરી રહ્યું હોવાનું મનાય છે.

#### ફેડરેશન ઓફ ઇન્ડિયન પાઇલટ્સે વિરોધ નોંધાવ્યો

ફેડરેશન ઓફ ઇન્ડિયન પાઇલટ્સએ બુધવારે એક નિવેદન બહાર પાડીને મીડિયા અધિકારીઓ અને અન્ય લોકોને અધૂરી માહિતી કે ગેરસમજ ફેલાવવાનું ટાળવાની અપીલ કરી હતી. ફેડરેશન ઓફ ઇન્ડિયન પાઇલટ્સના પ્રમુખ સીએસ રંધાવાએ જણાવ્યું હતું કે પાઇલટ સંગઠનો તપાસમાં સામેલ નહોતા અને જે રીતે રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે એ એકતરફી અને અપૂર્ણ છે. રિપોર્ટમાં કોકપિટ વાતચીતના ફક્ત કેટલાક ભાગો રજૂ કરવામાં આવ્યા છે અને પાઇલટ્સની છબિ ખરાબ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### સુપર સ્વચ્છ લીગમાં સુરત-ગાંધીનગર : ૧૦ લાખથી વધુની વસતીની કેટેગરીમાં

# સ્વચ્છતામાં દેશમાં અમદાવાદ અવ્વલ

### ગુજરાતમાં વડોદરા-રાજકોટ બાદ જૂનાગઢ-જામનગરને પછાડી ભાવનગર ચોથો નંબર

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ એવોર્ડની આજે ૧૭ જુલાઈના રોજ જાહેરાત કરવામાં આવી છે. આજે દિલ્હી ખાતે રાષ્ટ્રપતિભવન ખાતે યોજાયેલા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ના એવોર્ડ સમારંભમાં ૧૦ લાખથી ઉપરની વસતિ ધરાવતાં સૌથી સ્વચ્છ શહેરોમાં ગુજરાતના અમદાવાદે બાજી મારી છે. ૨૦૧૫માં અમદાવાદનો નંબર ૧૫મો હતો, જ્યાંથી આ વર્ષે પ્રથમ નંબરે આવ્યું છે.દેશમાં સુપર સ્વચ્છ લીગ(નવી કેટેગરી)માં સ્વચ્છતામાં ઇન્દોરે પહેલો નંબર જાળવી રાખ્યો છે. જ્યારે સુરત શહેરને બીજો નંબર આપવામાં આવ્યો છે. સ્વચ્છતા સર્વેક્ષણ એવોર્ડમાં ગુજરાતનાં ત્રણ શહેરનો સમાવેશ થયો છે, જેમાં સુપર સ્વચ્છ લીગમાં સુરત અને ગાંધીનગર તો મોટાં શહેરોમાં અમદાવાદનો સમાવેશ થયો છે. સ્વચ્છતામાં સુરતને બીજો નંબર મળતાં આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ અને મેયર સહિતના પદાધિકારીઓ દ્વારા રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ મેળવ્યો હતો. અમદાવાદ, રાજકોટ અને વડોદરા બાદ ૩ લાખથી ૧૦ લાખની વસતિની કેટેગરીમાં ભાવનગરે ચોથી રેન્ક મેળવી છે. આ જ કેટેગરીના જૂનાગઢ (૧૯મી રેન્ક), જામનગર(૨૬મી રેન્ક) પાછળ રહી ગયા છે. જ્યારે વાપીએ પાંચમો અને માત્ર ૨૦ હજારની વસતિ ધરાવતા ખેડાના કંજરીએ છઠ્ઠો નંબર મેળવ્યો છે.

#### સુપર સ્વચ્છ લીગ સિટીસ

| ૧૦ લાખથી વધુ | ૩ થી ૧૦ લાખ | ૫૦૦૦૦ થી ૩ લાખ | ૨૦૦૦૦થી ૫૦૦૦૦ | ૨૦ હજારથી ઓછી |
|---|---|---|---|---|
| ઈન્દોર<br>સુરત<br>નવી મુંબઈ<br>વિજયવાડા | નોઈડા<br>ચંડિગઢ<br>મૈસૂર<br>ઉજ્જૈન<br>ગાંધીનગર<br>ગુંટુર | નવી દિલ્હી મ્યુનિ. કાઉન્સિલ<br>તિરૂપતી<br>અંબિકાપુર<br>લોનાવાલા | વીટા<br>સાંસવડ<br>દેવલાલી<br>પ્રવરા<br>દુર્ગાપુર | પંચગીની<br>પાટણ<br>પન્હાળા<br>બિશરામપુર<br>બુદની |

#### સ્વચ્છ શહેર વસ્તી મુજબ પાંચ વિવિધ કેટેગરી

| | 1 | 2 | 3 |
|---|---|---|---|
| ૧૦ લાખથી વધુ | અમદાવાદ | ભોપાલ | લખનૌ |
| ૩ થી ૧૦ લાખ | મીરા-ભાયંદર | બિલાસપુર | જમશેદપુર |
| ૫૦૦૦૦ થી ૩ લાખ | દેવાસ | કર્હાડ | કરનાલ |
| ૨૦૦૦૦થી ૫૦૦૦૦ | પણજી | આસ્કા | કુમ્હારી |
| ૨૦ હજારથી ઓછી | બિલ્હા | ચીખલી | શાહગંજ |

### રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા પર સેકેન્ડરી પ્રતિબંધોની નાટોની ધમકી સામે ભારતનો જવાબ

# નાગરિકોની સુરક્ષા-ઊર્જાને પ્રાધાન્ય આપીશું

### અમે માર્કેટમાં ઉપલબ્ધ વિકલ્પો અને વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખતાં નિર્ણયો લઈશું : પ્રવક્તા

નવી દિલ્હી, તા.૧૭

વિદેશ મંત્રાલયે નાટોના સેક્રેટરી જનરલ માર્ક રૂટની ભારતને આપવામાં આવેલી ચેતવણીનો જવાબ આપ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે રશિયામાંથી ક્રૂડ ખરીદવા મામલે નાટોને કહ્યું છે કે, અમારા નાગરિકોની સુરક્ષા અને ઉર્જાની જરૂરિયાતને અમે હંમેશા પ્રાધાન્ય આપીશું.રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા પર સેકેન્ડરી પ્રતિબંધોના અનેક અહેવાલો જોયા છે. તેના પર અમે ફોકસ કરી રહ્યા છીએ. હું સ્પષ્ટપણે કહીશ કે, પોતાના નાગરિકોની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવી એ અમારા માટે હંમેશા પ્રાથમિકતા રહી છે. આ દિશામાં અમે માર્કેટમાં ઉપલબ્ધ વિકલ્પો અને વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખતાં નિર્ણયો લઈશું. આ મામલે કોઈ બેવડું વલણ અપનાવવામાં આવશે નહીં. નાટોના સેક્રેટરી જનરલ માર્ક રૂટે બુધવારે ભારત, ચીન, અને બ્રાઝિલને ચીમકી આપી હતી કે, જો તેઓ રશિયા સાથે ક્રૂડ બિઝનેસ ચાલુ રાખશે તો તેમણે સેકેન્ડરી પ્રતિબંધો ( વધારાના પ્રતિબંધો/ટેરિફ)નો સામનો કરવો પડશે. આ ત્રણેય દેશોને રશિયાના પ્રેસિડન્ટ પુતિન સાથે વાત કરવા તેમજ યુક્રેન સાથે શાંતિ મંત્રણા માટે દબાણ કરવા અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે, વર્ષોથી ગાઢ મિત્ર રશિયા પાસેથી ભારત ક્રૂડ ખરીદવા માગે છે. અમેરિકાએ રશિયા-યુક્રેન યુદ્ધના કારણે રશિયા સાથે બિઝનેસ પ્રતિબંધો લાદ્યા હતાં. જો કે, ભારતને સસ્તા દરે ક્રૂડ ઓફર કરતું હોવાથી મોટાપાયે ક્રૂડની ખરીદી થઈ રહી છે. એવામાં નાટોની ચીમકીથી વિવાદ સર્જાયો હતો. જો કે, ભારતે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું કે, પોતાના નાગરિકોની સુરક્ષા અને ઉર્જાની જરૂરિયાતો હંમેશા પ્રાથમિકતા રહેશે.



#### અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈન્ડોનેશિયાની ફોર્મ્યુલાવાળી ડીલ ભારત પર અપનાવશે

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રેડ ડીલને લઈને મોટો દાવો કર્યો છે. ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકી ઉત્પાદનોને જલ્દી જ ભારતીય બજારમાં પ્રવેશ મળશે. તેમણે દાવો કર્યો છે કે ઈન્ડોનેશિયા ફોર્મ્યુલાવાળી ડીલ ભારત સાથે પણ થશે. અમેરિકી ઉત્પાદનો પર ભારત પણ ઝીરો ટેરિફ લગાડશે. ટ્રમ્પે મંગળવારે ઈન્ડોનેશિયા પર ૧૯% ટેરિફ લાદ્યો. ૧ ઓગસ્ટથી, ઈન્ડોનેશિયાથી અમેરિકા જતાં માલ પર ૧૯% ટેરિફ ચૂકવવો પડશે. તે જ સમયે, ઈન્ડોનેશિયામાં અમેરિકન માલ પર કોઈ ટેરિફ ચૂકવવો પડશે નહીં.

#### રશિયામાંથી આયાત પર પ્રતિબંધ લાદવામાં આવે તો પણ ભારત પાસે અનેક માર્ગો

કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરીએ ટેરિફની ધમકીઓ પર આકરો જવાબ આપ્યો છે કે, ચિંતા ન કરો, જોઈ લઈશું. રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા મામલે પ્રતિબંધો લાદવાની ચીમકીઓ વચ્ચે હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું કે, રશિયામાંથી આયાત પર પ્રતિબંધ લાદવામાં આવે તો પણ ભારત પાસે અનેક માર્ગો છે. ટેરિફ પ્રતિબંધોના કારણે પુરવઠા પર કોઈ અસર નહીં થાય. ભારત વૈકલ્પિક સ્ત્રોતો પાસેથી પોતાની ક્રૂડ જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ છે.

### એશિયામાં નવા યુદ્ધના વાગતા ભણકારા!

# ચીને તાઈવાન નજીક ૫૮ ફાઈટર જેટ તહેનાત કરતાં ટેન્શન વધ્યું

### ફ્રાન્સે રાષ્ટ્રીય વ્યૂહનીતિ સમીક્ષામાં ચીનની લશ્કરી પ્રવૃત્તિઓ પર ચિંતા વ્યક્ત કરી

બેઇજિંગ, તા.૧૭

અમેરિકા અને ચીન ટેરિફને લઈને આમને-સામને છે. તો બીજી તરફ ચીન તાઈવાનની મુશ્કેલી વધારી રહ્યું છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે, અમારા દેશની આસપાસ હવાઈ ક્ષેત્રમાં ૫૮ ચીની ફાઈટર જેટ અને નવ ચીની નૌકાદળના જહાજો જોવા મળ્યા છે.

આમાંથી ૪૫ વિમાનો મધ્ય રેખા પાર કરીને તાઈવાનના ઉત્તરી, મધ્ય, દક્ષિણપશ્ચિમ અને પૂર્વીય એડીઆઈઝેડ (એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન)માં પ્રવેશ્યા હતા.

તાઈવાનના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યાનુસાર, 'ચીની વિમાનો અને નૌકાદળના જહાજોની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી છે.' અગાઉ બુધવારે તાઈવાનને ૩૮ ચીની વિમાનો મળ્યા હતા, જેમાંથી ૨૮ મધ્ય રેખા પાર કરીને તાઈવાનના મધ્ય અને દક્ષિણપશ્ચિમ ADIZમાં પ્રવેશ્યા હતા. નોંધનીય છે કે, ફ્રાન્સે પણ તેની ૨૦૨૫ની રાષ્ટ્રીય વ્યૂહનીતિ સમીક્ષામાં ચીનની લશ્કરી પ્રવૃત્તિઓ પર ચિંતા વ્યક્ત કરી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તાઈવાનની આસપાસ ચીનની લશ્કરી પ્રવૃત્તિઓ વધારી રહી છે.

#### અમેરિકાએ ટાયફૂન મિસાઈલ સિસ્ટમનું પરીક્ષણ કર્યું

આગામી સમયમાં ભારત-પ્રશાંત ક્ષેત્રમાં અમેરિકા અને ચીન વચ્ચે નવો તણાવ જોવા મળી શકે છે. ઓસ્ટ્રેલિયામાં ચાલી રહેલા તાલિસમેન સેબર લશ્કરી કવાયતમાં અમેરિકન સેનાએ મિડ-રેન્જ કેપેબિલિટી (ટાયફૂન) મિસાઈલ સિસ્ટમનું લાઈવ-ફાયરિંગ પરીક્ષણ કર્યું છે. અમેરિકાની બહાર આ પ્રકારનું આ પહેલું પરીક્ષણ છે. ફિલિપાઈન્સ પછી ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં આ બીજી વખત ટાયફૂનનું તૈનાત છે. ચીન પહેલાથી જ આ ક્ષેત્રમાં પોતાનો પ્રભાવ વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેથી અમેરિકન સેનાનું આ પગલું ચોક્કસપણે ચીન સાથે તેનો મુકાબલો વધારશે. યુરેશિયન ટાઈમ્સ અનુસાર, ઓસ્ટ્રેલિયાની સૌથી મોટી લશ્કરી કવાયત તાલિસમેન સેબર ૧૫ જુલાઈથી શરૂ થઈ છે. આ કવાયતમાં, અમેરિકન સેનાએ ઓસ્ટ્રેલિયા સાથે મળીને ઉત્તરીય પ્રદેશમાં ટાયફૂનનું લાઈવ-ફાયરિંગ પરીક્ષણ કર્યું. આ પહેલી વાર છે જ્યારે આ લાંબા અંતરની જહાજ-ડુબાડતી મિસાઈલ સિસ્ટમનું વિદેશી ધરતી પર પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અમેરિકન સેનાએ માહિતી આપી છે કે આ પરીક્ષણ સફળ રહ્યું છે.

### શિકોહાબાદ જમીન કૌભાંડ કેસમાં

# રોબર્ટ વાડ્રાની ૪૩ મિલકતો જપ્ત કરાઈ : ઈડીએ ચાર્જશીટ દાખલ કરી

### અન્ય લોકો અને કંપનીઓના નામ પણ સામેલ

નવી દિલ્હી, તા.૧૭

હરિયાણાના ગુરુગ્રામ શહેરના શિકોહાબાદ ગામની જમીન કૌભાંડ કેસમાં ઈડીએ રોબર્ટ વાડ્રા વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. ઈડીએ તેમની ૩૯ કરોડ રૂપિયાની ૪૫ મિલકતો પણ જપ્ત કરી છે. વાડ્રા પર મની લોન્ડરિંગનો પણ આરોપ છે, જેની ઈડી દ્વારા તપાસ ચાલી રહી છે. ચાર્જશીટમાં વાડ્રા ઉપરાંત અન્ય લોકો અને કંપનીઓના નામ પણ સામેલ છે.

આ મામલામાં જમીન ડીએલએફને ટ્રાન્સફર કરવાનો પણ આરોપ લાગ્યો છે. ઈડીએ અગાઉ ૧૪ જુલાઈના રોજ વાડ્રાની પાંચ કલાક સુધી પૂછપરછ કરી હતી, ત્યારબાદ આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. રોબર્ટ વાડ્રા પર આરોપ છે કે, તેમની કંપની સ્કાયલાઈટ પ્રાઈવેટ લિમિટેડને ગુરુગ્રામમાં ૩.૫૩ એકર જમીન ૭.૫૦ કરોડની કિંમત પર કોલોની ડેવલપ કરવાના નામ પર આપવામાં આવી હતી, જે તેમણે બારોબાર વેચી દીધી હતી. આ મામલો ૨૦૦૮નો છે. તે સમયે હરિયાણામાં ભૂપેન્દ્ર હુડ્ડા મુખ્યમંત્રી હતા. હરિયાણા સરકારે આ જમીનમાંથી ૨.૭૦ એકર જમીનને કોમર્શિયલ કોલોનીના રૂપે ડેવલપ કરવાની મંજૂરી આપતાં વાડ્રાની કંપનીને લાઈસન્સ આપ્યું હતું. પરંતુ, કોલોની વિકસિત કરવાને બદલે તેમની કંપનીએ આ જમીનને ૨૦૧૨માં ૫૮ કરોડ રૂપિયામાંડીએલએફ યુનિવર્સલ લિમિટેડને વેચી દીધી હતી. વાડ્રા પર આરોપ છે કે, હરિયાણા સરકાર પાસેથી ઓછી કિંમતે મળેલી જમીનને ડીએલએફ યુનિવર્સલ લિમિટેડને વેચીને રોબર્ટ વાડ્રાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટેલિટી પ્રાયવેટ લિમિટેડે કરોડોની કમાણી કરી હતી.

### વીડિયોમાં ઇમારત આગની લપેટમાં જોવા મળી

# ઈરાકમાં પાંચ દિવસ પહેલાં ખૂલેલાં શોપિંગ મોલમાં આગ, ૬૦નાં મોત

### સરકારે મોલના માલિક સામે કેસ નોંધ્યો

બગદાદ, તા.૧૭

ઈરાકના કુટ શહેરમાં એક મોટા સુપરમાર્કેટમાં ભીષણ આગ લાગવાથી અત્યાર સુધીમાં ૬૦ લોકોનાં મોત થયાં છે.. ૧૧ લોકો ગુમ છે. ૫૯ પીડિતની ઓળખ કરવામાં આવી છે.

એક મૃતદેહની ઓળખ થઈ શકી નહીં. વિસ્તારના ગવર્નરે જણાવ્યું હતું કે ઈમારતના માલિક અને મોલ સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ મોલ માત્ર ૫ દિવસ પહેલાં જ ખૂલ્યો હતો. હાલમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.ગવર્નરે કહ્યું હતું કે ઘટનાની તપાસ શરૂ થઈ ગઈ છે અને પ્રારંભિક રિપોર્ટ આગામી ૪૮ કલાકમાં જાહેર કરવામાં આવશે. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયોમાં શહેરમાં પાંચ માળની એક ઈમારત આગની લપેટમાં જોવા મળી હતી. આગ પહેલા માળે શરૂ થઈ અને ઝડપથી આખી ઈમારતમાં ફેલાઈ ગઈ. એક પ્રત્યક્ષદર્શીના જણાવ્યા મુજબ, આગ એરકન્ડિશનરમાં વિસ્ફોટથી શરૂ થઈ હતી. અકસ્માત બાદ સમગ્ર પ્રાંતમાં ત્રણ દિવસનો શોક જાહેર કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં ૫ માળની ઈમારતમાંથી વિશાળ જ્વાળાઓ અને ધુમાડો નીકળતો દેખાયો હતો, જેમાં ફાયરની ટીમ આગ બુઝાવવા અને ફસાયેલા લોકોને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

ઈરાકના ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, નાગરિક સંરક્ષણ ટીમોએ ૪૫થી વધુ લોકોને બચાવ્યા હતા, પરંતુ ઘણા હજુ પણ ગુમ છે. ઈરાકી વડાપ્રધાન મોહમ્મદ શિયા અલ-સુદાનીએ ગૃહ મંત્રીને ઘટનાસ્થળની તપાસ કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા પગલાં લેવાનો આદેશ આપ્યો હતો.

### કરોડો રૂપિયાના દારૂ કૌભાંડની તપાસ કરી રહેલી

# એસઆઈટીના રિપોર્ટમાં આંધ્ર દારૂ કૌભાંડના મુખ્ય સંચાલકોનો પર્દાફાશ

### ૩૩૦૦ કરોડના લાંચના ૯૦% બોસને મોકલાયા

અમરાવતી,તા.૧૭

આંધ્રપ્રદેશમાં કરોડો રૂપિયાના દારૂ કૌભાંડની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમએ દાવો કર્યો છે કે લગભગ ૨,૯૭૦ કરોડ, અથવા લગભગ ૩,૩૦૦ કરોડના કુલ લાંચના ૯૦%, સીધા 'બિગ બોસ' તરીકે ઓળખાતા મુખ્ય માસ્ટરમાઈન્ડને મોકલવામાં આવ્યા હતા. એસઆઈટી રિપોર્ટમાં ઉલ્લેખિત બિગ બોસ અગાઉની વાયએસઆર કોંગ્રેસ પાર્ટી (વાયએસઆરસીપી) સરકારના તત્કાલીન મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીનો ઉલ્લેખ કરે છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૩,૩૦૦ કરોડ રૂપિયામાંથી બાકીના ૧૦% રોકડ કુરિયર્સ, હેન્ડલર્સ અને પ્રભાવશાળી રાજકારણીઓ અને અમલદારોને માસિક પગાર ચૂકવવા પાછળ ખર્ચવામાં આવ્યા હતા, જેમણે ગેરકાયદેસર દારૂ રેકેટનો સરળ અમલ સુનિશ્ચિત કર્યો હતો, જેઓ મૂળભૂત રીતે પૈસા ઉઘરાવીને સિન્ડિકેટના મુખ્ય જૂથની રચના કરતા હતા. આ કૌભાંડ, જે કથિત રીતે પાછલી રૂજીઈ કોંગ્રેસ પાર્ટી (વાયએસઆરસીપી) સરકાર હેઠળ ફૂલ્યુંફાલ્યું હતું, તે રાજ કેસિરેડ્ડી દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું, જેમણે લાંચ વસૂલાત અને કમિશનના મુખ્ય હેન્ડલર તરીકે કામ કર્યું હતું. તપાસ અહેવાલમાં જણાવાયું છે કે તત્કાલીન મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીના પ્રવક્તા તરીકે કામ કરવા માટે જાણીતા બે વાયએસઆરસીપી સાંસદોને વિવાદાસ્પદ દારૂ નીતિ ડિઝાઈન કરવામાં અને લાંચની રકમ નક્કી કરવામાં યોગદાન આપવા બદલ દર મહિને ૫ કરોડ રૂપિયા મળતા હતા. આમાંથી એક સાંસદ હવે પાર્ટી સાથે સંકળાયેલા નથી, જ્યારે બીજા સાંસદ હજુ પણ સંસદમાં સભ્ય છે.

### નીતિશ કુમારની ચૂંટણીલક્ષી મોટી જાહેરાત

# બિહારમાં ૧૨૫ યુનિટ મફત વીજળીની જાહેરાત કરાઈ

### સરકાર ગરીબો માટે સૌરઊર્જા પ્લાન્ટનો ખર્ચ ઉઠાવશે

પટના, તા.૧૭

બિહારમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી પહેલા નીતિશ સરકારે રાજ્યના વીજ ગ્રાહકોને મોટી રાહત આપી છે. બિહારમાં ૧૨૫ યુનિટ મફત વીજળીની જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે પોતાના સત્તાવાર એકાઉન્ટ એક્સ પર આ વિશે માહિતી આપી છે. મુખ્યમંત્રીએ એક્સ પર લખ્યું કે, આપણે શરુઆતથી જ સસ્તા ભાવે વીજળી ઉત્પન્ન કરી રહ્યા છીએ. હવે અમે નક્કી કરી લીધું છે કે, પહેલી ઓગસ્ટથી રાજ્યના તમામ ઘરેલુ ગ્રાહકોની સંમતિ લીધા પછી, તેમને તેમના ઘરોની છત પર અથવા નજીકના જાહેર સ્થળોએ સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપિત કરીને લાભ આપવામાં આવશે.કુટીર જ્યોતિ યોજના હેઠળ, રાજ્ય સરકાર અત્યંત ગરીબ પરિવારો માટે સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપવાનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે અને બાકીની રકમ માટે પણ પૂરતો સહયોગ આપશે. જેના કારણે, ઘરેલુ ગ્રાહકોને ૧૨૫ યુનિટ સુધી વીજળી પર કોઈ ખર્ચ કરવો નહીં પડે. આગામી ત્રણ વર્ષમાં રાજ્યમાં ૧૦ હજાર મેગાવોટ સુધીની સૌર ઊર્જા ઉપલબ્ધ થશે.મુખ્યમંત્રી નીતિશ કુમારે એક મહત્ત્વપૂર્ણ સૂચના આપી હતી. મુખ્યમંત્રી નીતિશ કુમારના આ નિર્દેશથી બિહારમાં સરકારી શિક્ષક બનવાની રાહ જોઈ રહેલા ઉમેદવારોને મોટી રાહત મળી છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ વિશે માહિતી આપતાં કહ્યું હતું કે, અમે શિક્ષણ વિભાગને સરકારી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓની તાત્કાલિક ગણતરી કરવા અને આ અંગે નિમણૂક માટે ટૂંક સમયમાં ટીઈ ૪ પરીક્ષા યોજવા માટે કાર્યવાહી કરવા જણાવ્યું છે.

કારેલીબાગ વીઆઈપી રોડ પર કેરેટલેન જ્વેલર્સ શોરૂમમાં

# કર્મચારી મહિલાની નજર ચૂકવીને ગઠિયો અછોડો સેરવીને પલાયન

## ૩૦ હજારનો અછોડો સેરવી ગઠિયો એટીએમમાંથી નાણાં ઉપાડીને આવું છું તેમ કહી રવાના

વડોદરા, તા. ૧૭

શહેરના વીઆઈપી રોડ ઉપર આવેલા કેરેટલેન જ્વેલર્સ શોરૂમમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલા ગઠિયાએ કર્મચારી મહિલાની નજર ચુકવીને ૩૦ હજારજનો અછોડો સેરવી લીધા બાદ અછોડો ખરીદવા માટે એટીએમમાંથી નાણાં ઉપાડીને આવું છું તેમ કહી તે અછોડો લઈ પલાયન થતાં ગઠિયા વિરુધ્ધ શો રૂમના મેનેજરે હરણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

તાંદલજા વિસ્તારના મહામબલીપુરમ ખાતે રહેતા ઐયાનખાન અહેમદખાન પઠાણે હરણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે હું કારેલીબાગ વીઆઈપીરોડ વીરનગર સોસાયટી પાસે કેરેટલેન જ્વેલર્સ નામની કંપનીમા છેલ્લા બે વર્ષથી સ્ટોર ઈંચાર્જ તરીકે નોકરી કરુ છું. ગત ૧૯ જૂનના રોજ અમારા જ્વેલર્સના શો રૂમમાં હું તેમજ અન્ય કર્મચારીઓ ફરજ પર હાજર હતા તે સમયે બપોરના પોણા એક વાગ્યાના અરસામાં ગ્રાહકના સ્વાંગમાં એક ગઠિયો શોરૂમમાં આવ્યો હતો. તેણે કાઉન્ટર પર કર્મચારી પુર્ણિમાબેનને સોનાની ચેનો બતાવવાનું કહેતાં પુર્ણીમાબેને તેને સોનાની ટ્રેમાં ચેનો બતાવી હતી. આ ચેનો જોયા બાદ ગઠિયો હું ચેન ખરીદવા માટે એટીએમમાંથી નાણાં ઉપાડીને આવુ છું તેમ કહી જતો રહયો હતો. તે મોડી સુધી પરત નહી ફરતાં પુર્ણીમાબેને ચેનવાળી ટ્રેમાની ચેન ગણતાં તેમાંથી એક ચેન ઓછી હોવાનું જણાયુ હતું. ત્યારબાદ અમે એ જે તે વખતે ફરીયાદ આપેલ નહી પરંતુ તેની તપાસ માટે અરજી આપી હતી અને અરજી આપ્યા બાદ અમે અમારા શો રૂમમા લાગેલ સીસીટીવી કેમેરા ચેક કરતા તેમા અમારી દુકાનમા આવેલ ગઠિયાને પૂર્ણિમાબેન જયારે ચેન બતાવતા હતા તે સમયે તેણે તેમની નજર ચુકવીને ટ્રેમાંથી ૨ ગ્રામ અને ૭૫૦ મીલીગ્રામ વજનની ચેન જેની કિંમત ૩૦ હજારની છે તે સેરવી લીધી હોવાની જાણ થઈ હતી. આ વિગતોના પગલે પોલીસે ગઠિયા સામે ગુનો નોંધી શોરૂમના સીસીટીવી ફુટેજના આધારે તેની શોધખોળ શરૂ કરી છે.

**અછોડો લઈ પલાયન થતાં ગઠિયા વિરુદ્ધ શો રૂમના મેનેજરે હરણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી**

### ગોરવામાં ઢોર પકડવા ગયેલી પાલિકાની ટીમ સાથે ઘર્ષણ કરતી ત્રિપુટી સામે ફરિયાદ

વડોદરા, તા. ૧૭

ગોરવા વિસ્તારમાં ઢોર પકડવા ગયેલી કોર્પોરેશનની ટીમ સાથે ઝપાઝપીનો બનાવ બનતા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. કોર્પોરેશનની દબાણ શાખામાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા વેંકટેશ્વર એ પોલીસને કહ્યું છે કે, ગઈકાલે રાતે અમે વાહન લઈને ઢોર પકડવા નીકળ્યા હતા ત્યારે નંદાલય પાસે કેટલાક લોકો અમારી પાછળ આવ્યા હતા અને બૂમાબૂમ કરતા હતા. આ વખતે ભાવેશ રબારીએ અમારા માણસો સાથે ઝપાઝપી કરી હતી, તેમજ તેમાં મિત્ર ધવલ અને અન્ય એક જણાએ અપશબ્દો બોલી ઝઘડો કર્યો હતો. જ્યારે,એક જણાએ અમારી ગાડી ઉપર ઈંટ નો ટુકડો ફેંક્યો હતો. પરંતુ તેનાથી નુકસાન થયું નહતું. ગોરવા પોલીસે આ અંગે ગુનો નોંધ્યો છે. ગોરવામાં ઢોર પકડવા ગયેલી પાલીકાની ટીમ સાથે ઘર્ષણ કરતી ત્રિપૂટી સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

વાઘોડિયા રોડ પર રહેતા ખાનગી કંપનીના કર્મચારી સાથે

# સિક્કિમ-દાર્જિલિંગના પ્રવાસના બહાને કોલકાતાના ટ્રાવેલ એજન્ટ દ્વારા ઠગાઈ

## બેગ પેક કરો, ઓનલાઈન ટિકિટ મોકલું છું તેમ કહી ૧.૧૦ લાખની છેતરપિંડી

વડોદરા, તા. ૧૭

શહેરના વાઘોડિયારોડ પર રહેતા ખાનગી કંપનીના કર્મચારીને સિક્કિમ અને દાર્જીલીંગના પ્રવાસે મોકલવાના બહાને કોલકત્તાના ટ્રાવેલ એજન્ટે ૧.૧૦ લાખની છેતરપિંડી કરતા તેના વિરુધ્ધ છેતરાયેલા ગ્રાહકે બાપોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વાઘોડિયા રોડ વૈકુંઠ ચાર રસ્તા પાસે રુદ્રાક્ષ એલીગન્સમાં રહેતા અને ગેંડાસર્કલ પાસેની પેટ્રો એક્શન કંપનીમાં ફરજ બજાવતાં આકાશ રાજેશકુમાર દેસાઈએ બાપોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે ગત જાન્યુઆરી મહિનામાં અમારે દાર્જીલિંગ, સિક્કિમ ફરવા જવાનું હોવાથી મેં મારા મિત્ર ચિંતન પટેલને જાણ કરી હતી તેના થકી રાજર્ષિસેન શર્મા જે પશ્ચિમ બંગાળ કોલકાતા ખાતે રવિન્દ્રનગરમાં સેન બીસ્ટ્રો એન્ડ ટ્રાવેલ્સ નામની એજન્સી ચલાવે છે તેમનો સંપર્ક કર્યો હતો. તેણે મને ૧૦ વ્યકિતઓના પ્રવાસ માટે કુલ ૧.૫૦ લાખ થશે અને તેમાં હોટલ બુકીંગ અને ફલાઈટની ટિકિટ બુક કરાવી આપવાની વાત કરી હતી. મે તેને પ્રવાસ માટે હાં પાડતા તેણે મને એડવાન્સ પેટે ૭૫ હજાર આપવા જણાવ્યું હતું જે મે ગુગલ પેથી ચુકવ્યા હતા. ત્યારબાદ તેણે મને વોટ્સએપ પર ફાયનલ બુકીંગ પેટે બાકીના પૈસા આપી દેવાનું કહેતા મે તેને વધુ અલગ અલગ રીતે ૭૫ હજાર આપ્યા હતા. મે તેની પાસે હોટલ બુકીંગના વાઉચર માંગતા તેણે જાણીતી હોટલના મેક માય ટ્રીપ બુકીંગ એપ પરથી રૂમ બુક કરાવ્યા હોવાના વાઉચનર વોટ્સએપ પર મોકલ્યા હતા. જોકે હોટેલમાં તપાસ કરતાં આ વાઉચર બોગસ હોવાની જાણ થઈ હતી. અમે રાજર્ષિ પાસે ટિકીટની માગણી કરતાં તેણે ફલાઈટની કન્ફર્મ ટિકીટ મોકલું છું અને તમે તમારી બેગ પેક કરી રાખો રાત્રે મોબીલ પર ટિકીટ આવી જશે તેમ જણાવ્યું હતું. જોકે તેણે કોઈ ટિકીટ નહી મોકલા મે તેની પાસે નાણાં પરત માંગ્યા હતા જેમાં તેણે માત્ર તેણે બહાના બતાવ્યા બાદ માત્ર ૪૦ હજાર પરત કર્યા હતાં અને બાકીના ૧.૧૦ લાખ હજુ ચુકવ્યા નથી. આ વિગતોના પગલે પોલીસે રાજર્ષિસેન શર્મા સામે ગુનો નોંધી તપાસનો દોર કોલકતા તરફ લંબાવ્યો છે.

વડોદરા જિ.પં. હસ્તકના ૨૧ નાના મોટા બ્રિજ પૈકી

# બ્રિજના નિરીક્ષણ બાદ બે માઈનોર બ્રિજને બંધ કરી દેવામાં આવ્યા

વડોદરા, તા.૧૭

વડોદરા નજીક મહિસાગર નદી પર આવેલા ગંભીરા બ્રિજ તૂટી પડ્યાના ઘટના બાદ તંત્ર એકાએક કામે લાગ્યું છે. અને રાજ્યના તમામ નાના મોટા બ્રિજની સેફટી અંગેનું ચેકીંગ થઈ રહ્યું છે.અને જોખમી હોય તેવા બ્રિજ ઉપર કાંતો ભારદારી વાહનોની અવર-જવર બંધ કરવામાં આવી છે. કાંતો બ્રિજ વાહનોની અવર-જવર માટે સંપૂર્ણ બંધ કરવામાં આવ્યા છે. ત્યારે વડોદરા જિલ્લા પંચાયત હસ્તકના મેજર, માઈનોર બ્રિજ અને એક કોઝવે મળીને ૨૧ નાના મોટા બ્રિજોસનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતુ. જેમાં વર્ષો જૂના સાવલીનો એક અને વાઘોડિયા તાલુકાનો એક માઈનોર બ્રિજ સલામતીના કારણોસર બંધ કરવામાં આવ્યા છે.

વડોદરા જિલ્લા પંચાયતના બાંધકામ વિભાગ દ્વારા જુદીજુદી ટીમો બનાવીને જિલ્લા પંચાયત હસ્તકના વડોદરા, વાઘોડિયા, સાવલી, ડેસર અને ડભોઈ તાલુકાના ૮ મેજર, ૧૦ માઈનોર બ્રિજ અને ૧ કોઝવે મળીને ૨૧ બ્રિજોનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતુ. ટીમો દ્વારા નિરીક્ષણ કરાયા બાદ તેનો રિપોર્ટ રાજ્ય સરકારને આપવામાં આવ્યો હતો. જ્યારે આ બ્રિજોનું નિરીક્ષણ ડિઝાઈન સેલ દ્વારા પણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

જોકે, તમામ નાનો મોટા બ્રિજોસના નિરીક્ષણ બાદ વાઘોડિયા તાલુકાના રાઈપુરા એપ્રોચ રોડ સ્થિત માઈનોર બ્રિજ તેમજ સાવલી તાલુકાના ધનતેજ, તુલસીપુરા ચાંપાનેર રોડ સ્થિત માઈનોર બ્રિજને સલામતીના કારણોસર વાહનોની અવર- જવર માટે બંધ કરવામાં આવ્યા છે.

કોર્પોરેશન દ્વારા વિવિધ વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ

# ગધેડા માર્કેટ કિશનવાડી વિસ્તારમાં ટ્રાફિકને અડચણરૂપ દબાણો દૂર કરાયાં

## પાલિકાની ટીમ અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત રીતે દબાણો હટાવવાની કામગીરી કરાઈ

વડોદરા, તા. ૧૭

વડોદરા મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. સમયાંતરે આ કામગીરી કરવામાં આવે છે. આજરોજ પાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી.

શહેરના ગધેડા મારેકટ, કિશનવાડી વિસ્તાર સહિતના વિસ્તારોમાં દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં સૈયદ વાસણા ખાતે આવેલી જનક નગર સોસાયટીથી ગોકુલ પાર્ટી પ્લોટ સુધીમાં બનાવાયેલા પાકા ઓટલા, કમ્પાઉન્ડ વોલ અને ફેન્સીંગ સહિત ગેરકાયદે પાકા દબાણો પર દબાણ શાખાનું બુલડોઝર ફરી વળ્યું હતું.

જ્યારે શહેરના પૂર્વ વિસ્તારમાં હરણી- વારસિયા રોડના ગધેડા માર્કેટ ચાર રસ્તા આસપાસના હંગામી દબાણો સહિત રોડ રસ્તા પર ટ્રાફિક પોલીસની ડ્રાઈવ સાથે દબાણોનો સફાયો કરીને ત્રણ ટ્રક જેટલો માલ સામાન પાલિકા તંત્રએ કબજે કર્યો હતો. શહેરના પશ્ચિમ વિસ્તારમાં ટીપી રોડ પર સૈયદ વાસણાની જનક નગર સોસાયટીથી ગોકુલ પાર્ટી પ્લોટ સુધીમાં કેટલાક સોસાયટીના મકાન ધારકોએ ગેરકાયદે ઓટલા, કમ્પાઉન્ડ વોલ, ફેન્સીંગ બનાવી દીધા છે.

આ અંગેની જાણ થતા પાલિકા તંત્રની દબાણ શાખાની ટીમે બુલડોઝર સહિત વીજ નિગમની ટીમ, ફાયર બ્રિગેડ ટીમ, એમ્બ્યુલન્સ ટીમ, તથા બંદોબસ્ત અર્થે સ્થાનિક પોલીસ સાથે મળીને કાર્યવાહી શરૂ કરી હતી.

પરિણામે કેટલાક લોકોના ટોળા ઘટના સ્થળે એકત્ર થયા હતા અને પાલિકા ટીમ જોડે કરી હતી પરંતુ સ્થાનિક પોલીસ કાફલાએ તમામને સંયમતથી ખદેડી દીધા હતા. પરિણામે દબાણ શાખાની કામગીરી સરળ થઈ હતી.

આવી જ રીતે શહેરના પૂર્વ વિસ્તારમાં હરણી વારસિયા રીંગરોડના ગધેડા માર્કેટ ચાર રસ્તા ખાતે ટ્રાફિક પોલીસની ડ્રાઈવ સાથે નડતરરૂપ દબાણો તથા હંગામી દબાણોનો સફાયો કરીને દબાણ શાખાની ટીમે ત્રણ ટ્રક જેટલો માલ સામાન કબજે કર્યો હતો.

પોલીસ કમિશનરના જાહેરનામાની ઐસી કે તૈસી

# ડમ્પરચાલકે ચારથી પાંચ વાહનો સહિત પોલીસવાનને અડફેટે લેતાં કાચનો ભૂક્કો



વડોદરા, તા. ૧૭

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં અકોટા ચાર રસ્તા પાસે પીસીઆર વાનને ડમ્પર ચાલકે ટક્કર મારતા વાનના કાચના ભુક્કા થઈ ગયા છે. જ્યારે વાન ચાલક પોલીસનો બચાવ થતા ડમ્પર ચાલકને સ્થાનિક પોલીસ મથકે લઈ જવાયો હતો. વિસ્તારમાં ટ્રાફિકજામ સહિત ટોળા એકત્ર થયા હતા. આ ડમ્પર ચાલકે આગળ પણ કેટલાય વાહનચાલકોને અડફેટે લીધા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

વડોદરા શહેરમાં દિવસેને દિવસે એકબાદ એક ભારદારી વાહનો દ્વારા ગફલતભરી બેફામ હંકારીને રાહદારીઓને અડફેટે લેતા હોય છે, જેમા નિર્દોષ રાહદારીઓનો ભોગ લઈ લેતા હોય છે. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ વિસ્તારમાં અકોટા ગામ નજીક પોલીસની પીસીઆર વાન હતી. દરમિયાન પૂર ઝડપે આવેલા ડમ્પર ચાલકે ટક્કર મારતા પીસીઆર વાનના આગળના કાચ નો ભૂકો બોલી ગયો હતો. અકસ્માતના પરિણામે વિસ્તારમાં ટ્રાફિક જામ થતા ઘટના સ્થળે સ્થાનિકોના ટોળા એકત્ર થયા હતા. ટોળાએ જણાવ્યું હતું કે આ ડમ્પર ચાલકે આગળ પણ કેટલાક વાહન ચાલકને લીધા હોવાનો આક્ષેપ કર્યો હતો. પોલીસે ડમ્પર ચાલકને સ્થાનિક પોલીસ મથકે લઈ જઈ બેસાડી દીધો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે શહેરમાં ભારદારી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં પણ કેવી રીતે એન્ટ્રી લે છે તેની જો તપાસ થાય તો હમાનું રાજકારણ જરૂર બહાર આવે તેમ છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા સીસી અને ડામર પેચવર્કની કામગીરી

# ડભોઈ તાલુકાના રાજલી-મંડાળા રોડ પર પડેલા અસંખ્ય ખાડા પુરાયા

## વડોદરાના કુલ રોડ નેટવર્ક પૈકી ૮૫ ટકા રસ્તાઓનું સમારકામ પૂર્ણ



વડોદરા, તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ લોકોને અગવડ ન પડે એ ધ્યેય સાથે રાજ્ય સરકાર દ્વારા યુદ્ધના ધોરણે માર્ગ તેમજ બ્રિજ મરામતની કામગીરી શરૂ કરવામાં આવી છે, ત્યારે રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા આજે વડોદરા વિભાગના ડભોઈ તાલુકાના રાજલી-મંડાળા રોડ પર રિપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. માર્ગ દુરસ્તીકરણની આ કામગીરીનું વડોદરા ઝોનના અધિક્ષક ઈજનેર એ.આર. રાઠવા અને વડોદરા વિભાગના કાર્યપાલક ઈજનેર કે. એમ. બ્રહ્મભટ્ટ દ્વારા મોનીટરીંગ કરવામાં આવ્યું હતું.

વડોદરા વિભાગના કાર્યપાલક ઈજનેર કે. એમ. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ક્ષતિગ્રસ્ત માર્ગોનું દુરસ્તીકરણ કરવામાં આવી રહ્યું છે. વડોદરા વિભાગમાં કુલ ૯૦૦ કિલોમીટર લંબાઈનું રોડ નેટવર્ક છે, જેમાંથી ૩૦૦ કિલોમીટર લંબાઈનો રસ્તો ડી.એલ.પી. (દોષ જવાબદારી સમયગાળો) હેઠળ છે, જ્યારે બાકીનો ૬૦૦ કિલોમીટર લંબાઈનો રસ્તો માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)ની જવાબદારીમાં છે. ચોમાસું શરૂ થયું ત્યારથી આજ દિન સુધી કુલ ૫૧૦ કિલોમીટર લંબાઈના માર્ગનું દુરસ્તીકરણ કરવામાં આવ્યું છે.

મહિસાગર નદી પરનો ગંભીરા-મુજપુર બ્રિજ દુર્ઘટના

# વડોદરાના વકીલે વિવિધ મુદ્દા સાથે મુખ્યમંત્રીને રજૂઆત કરી


વડોદરા, તા. ૧૭

મહીસાગર નદી પર આવેલા ગંભીરા-મુજપુર બ્રિજના માનવસર્જિત હોનારતના મામલે વડોદરાના યુવા વકીલ દ્વારા જાહેર હિતને ધ્યાનમાં રાખીને રાજ્યના મુખ્યમંત્રી, માર્ગ અને મકાન વિભાગના મંત્રી, સચિવ, વડોદરા જિલ્લા કલેક્ટર અને સ્થાનિક માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને રજૂઆત કરાઈ છે. રજૂઆતમાં બ્રિજ તૂટવાની ઘટના સંદર્ભે ત્વરિત અને નક્કર કાર્યવાહી કરવાની માગ કરાઈ છે. તેમજ કાયદાકીય રીતે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે પણ રજૂઆત કરાઈ છે.

વડોદરાના વકીલ ભૌમિક એચ. શાહ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓને ગંભીરા બ્રિજની તપાસમાં ધ્યાન રાખવા જેવી બાબતો અંગે રજૂઆત કરાઈ છે. જેમાં તેમણે જણાવ્યું છેકે, બ્રિજ નિર્માણ સંબંધિત દસ્તાવેજો, પ્રાથમિક રિપોર્ટ/ઈન્સ્પેક્શન,પાછલા ૩ રિપોર્ટ અને અમલવારી, ફિટનેસ સર્ટિફિકેટ અને એજન્સીની યોગ્યતા, દુર્ઘટના માટે જવાબદાર સંસ્થાઓ પર કાર્યવાહી, ટેન્ડર પ્રક્રિયા અને ગેરંટી, બ્રિજ ખોલવાનો નિર્ણય, ઉમેટા બ્રિજ સાથે તુલના અને બેરીકેટીંગ, તૂટેલા ભાગનું ટેસ્ટિંગ, નવનિર્માણ અને પર્યાવરણની કાળજી સહિતના મુદ્દાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

તે ઉપરાંત નવનિર્માણની વિગતો જાહેર કરવી, લોકોને પડતી તકલીફો અને વૈકલ્પિક વ્યવસ્થા કરવી, સસ્પેન્ડ થયેલા અધિકારીઓ સામે કાર્યવાહી કરવી, વળતરની રિકવરી કરવી, અન્ય બ્રિજોની તપાસ કરવી, ભ્રષ્ટાચાર અને ખર્ચ વસૂલાત કરવી સહિતની માગ પણ કરાઈ છે.

### પોલીસકર્મી અને પત્રકાર એક દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં જેલહવાલે



વડોદરા, તા. ૧૭

વડોદરા નજીક નેશનલ હાઈ-વે ૪૮ પર દેણાથી ગોલ્ડન ચોકડી તરફ આવતા પેટ્રોલ પંપ પાસે ગલ્લો ચલાવતા મહિલા સાથે ખાનગી ચેનલના રિપોર્ટર હોવાથી ઓળખ રૂપિયાની માંગણી કરતો હતો. ત્યાં સુધી તેને રિક્ષાચાલકે વીડિયો ઉતારવાની ના પડતા ગાડીમાંથી ઉતરીને આવેલા ટ્રાફિકના ASI સાથે મળીને રિપોર્ટરે ચાલકને માર માર્યા બાદ તેના ગળામાંથી સોનાની ચેઈનની લૂંટ કરી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં રિક્ષાચાલકે કહેવાતા રિપોર્ટરને ઝડપી હરણી પોલીસને હવાલે કર્યો હતો, જ્યારે ટ્રાફિક પોલીસનો ASI ની ધરપકડ કરી પત્રકાર અને એએસઆઈને જેલ હવાલે કર્યો છે.

સાધલી ગ્રામ પંચાયતના વિરોધમાં યોજાયેલા

# બિનરાજકીય ધરણાં કાર્યક્રમને કોંગ્રેસે રાજકીય રંગ આપતાં પોલીસની ફરિયાદ

વડોદરા, તા. ૧૭

સાધલી ગ્રામ પંચાયત વિરુધ્ધમાં યોજાયેલા બિનરાજકિય ધરણા કાર્યક્રમને કોંગી અગ્રણીઓએ રાજકિય રંગ આપી માઈકમાં નિરંકુશ ભાષણ કરી પરવાનગીનો ભંગ કરી માનવજીવનની સલામતિને ભયમાં મુકી હોવાની શિનોર પોલીસે કોંગી અગ્રણી સામે ગુનો નોંધતા ચકચાર મચી છે.

શિનોર પોલીસ મથકમાં હેકો વર્ધાજી રાજપુતે ગઈ કાલે શિનોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે ગત ૧૦મી જુલાઈના સવારે ૯થી ૧૨ના અરસામાં સાધલી બસસ્ટેન્ડ ખાતે અલ્તાફહુસેન હસમભાઈ રંગરેજ (સાધલી, શિનોર) અને અન્ય માણસો દ્વારા સાધલી ગ્રામ પંચાયતના વિરુધ્ધમાં ધરણાનો કાર્યક્રમ રાખ્યો હતો. આ કાર્યક્રમને શિનોરના મામલતદાર દ્વારા શરતોને આધિન પરવાનગી આપી હતી. જોકે આ કાર્યક્રમના સોશ્યલ મિડિયા દ્વારા જાણવા મળ્યું હતું કે વેમારડીમાં રહેતા પિન્ટુભાઈ પટેલ તથા કોંગ્રેસ પક્ષના અન્ય કાર્યકરો આવી જતાં આ બિનરાજકિય ધરણા કાર્યક્રમને રાજકિય રંગ આપ્યો હતો. આ કાર્યક્રમ સંપુર્ણ બિનરાજકિય હોવા છતાં કાર્યક્રમના આયોજક અલ્તાફહુસેન દ્વારા અન્ય કોંગ્રેસી કાર્યકરોને બોલાવી તથા માઈકમાં અવિચારી અને નિરંકુશ ભાષણ કરી અને સુરુચિનો ભંગ કરીને રાજકિય કાર્યક્રમ કર્યો હતો અને આરોપીઓએ ભેગા મલીને મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજી.ના હુકમના શરતોનું ઈરાદાપુર્વક અવગણના કરી હુલ્લડ કે બખેડો થાય અને માનવજીવનની સલામતિ ભયમાં મુકી ગુનો કર્યો છે. આ ફરિયાદના પગલે પોલીસે અલ્તાફહુસેન રંગરેજ અને પિન્ટુભાઈ પટેલ વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલિકામાં લેટલતીફ અને લાલિયાવાડી ચલાવતા કર્મચારીઓ હવે ચેતી જજો

# પાલિકામાં હાજરી ભરવા એઆઈ બેઈઝડ સિસ્ટમ લાગુ થશે

## અગાઉ કર્મચારીઓ અને અધિકારીઓની હાજરી માટે થમ્બ અને ફેસ રેકગ્નિશન સિસ્ટમ હતી

વડોદરા, તા. ૧૭

કોર્પોરેશનમાં લેટ આવતા અથવા તો ગેહાજર રહીને કોર્પોરેશનમાં લાલીયાવાડી અટકાવવા માટે હવે એઆઈ બેઈઝડ સિસ્ટમથી હાજરી ભરવા માટેની સિસ્ટમ લાગુ કરવામાં આવશે.

પાલિકામાં આગામી દિવસોમાં પટાવાળાથી લઈ અધિકારીઓ માટે એઆઈ બેઈઝ્ડ હાજરીનો અમલ કરવા જઈ રહ્યું છે. નોંધનીય છે કે, કોર્પોરેશન દ્વારા અગાઉ કર્મચારીઓ અને અધિકારીઓની હાજરી માટે થમ્બ અને ફેસ રેકગ્નિશન સિસ્ટમ હતી. ટેક્નોલોજી સાથે કદમ મિલાવવા હવે કોર્પોરેશન એઆઈ બેઈઝ્ડ હાજરી પુરવાની સિસ્ટમ અમલ કરવા જઈ રહ્યું છે. વડોદરા કોર્પોરેશનના આઈટી ડાયરેક્ટર મનિષ ભટ્ટે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી ટૂંક સમયમાં પાલિકાના વર્ગ ૧થી વર્ગ-૪ના ૮૦૦૦ કર્મચારીઓની હાજરી એઆઈ બેઈઝ્ડ સિસ્ટમથી પુરવાની શરુઆત કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે, એઆઈ બેઈઝ્ડ સિસ્ટમ લાગુ થતાં પૂર્વ ચોક્કસ નિયમો બનાવવામાં આવશે. જેમાં ઓફિસ વર્ક કરતાં કર્મચારીઓ માટે આવવાનો અને જવાનો સમય નક્કી કરવો, ફિલ્ડમાં કામ કરતા કર્મચારીઓ માટેના નિયમો, ચોથા વર્ગના કર્મચારીઓ માટેના નિયમો સહિત વિવિધ નિયમો બનાવવામાં આવશે. એઆઈ બેઈઝ્ડ સિસ્ટમથી પારદર્શકતા આવશે. તે સાથે સમયની પણ બચત થશે. આઈટી ડાયરેક્ટર મનિષ ભટ્ટે વધુમાં જણાવ્યું કે, વર્ષ ૨૦૧૩-૧૪માં ફેસ રેકગ્નિશન સિસ્ટમ લાગુ કરવામાં આવી હતી. આ સિસ્ટમ પાલિકાની કચેરીઓમાં ૯૦ જગ્યાએ લગાવવામાં આવી હતી. આ સિસ્ટમ ઘણી ઓફિસમાં કાર્યરત પણ છે. પરંતુ, આ સિસ્ટમ હવે જૂની થઈ ગઈ છે. નવી ટેકનોલોજી સાથે ચાલવું જરૂરી છે. આથી હવે આગામી ટૂંક સમયમાં એઆઈ બેઈઝ્ડ સિસ્ટમ લાગુ કરવામાં આવશે.

### સિસ્ટમ પાછળ ૩ વર્ષે ૫ થી ૬ લાખનો ખર્ચ

એઆઈ બેઈઝ્ડ સિસ્ટમ બેંગ્લોર, હૈદરાબાદ, પુનાની પાલિકામાં ચાલુ છે. વડોદરા કોર્પોરેશનમાં લાગુ થવા જઈ રહેલી એઆઈ બેઝ્ડ હાજરી સિસ્ટમાં હવે જે કર્મચારીનું નોકરીનું જે સ્થળ હશે ત્યાં તે પોતાનો મોબાઈલ લઈને જશે તો જ તેની હાજરી પુરાશે. એટલે કે, પાલિકાએ પોતાની વિવિધ કચેરીઓની ચોક્કસ જગ્યા મર્યાદામાં આ અંગે લોકેશનના આધારે કર્મચારીની હાજરી ગણાશે. આ સિસ્ટમ પાછળ ૩ વર્ષે રૂપિયા ૫થી ૬ લાખનો ખર્ચ થશે. આ અંગેની ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે.

### મોબાઈલ વીનાના કર્મીઓની સુપરવાઈઝર હાજરી પુરશે


એઆઈ બેઈઝ્ડ સિસ્ટમ માટે જે એપ ડેવલપ કરવામાં આવશે તેમાં તે પોતાના નોકરીના સ્થળે આવીને પોતાની હાજરી પુરાવી લેશે. પોતાના નોકરીના લોકેશનના ચોક્કસ પેરાફેરી માટે આવવાની સાથે જ મોબાઈલ ફોનની એપની મદદથી પોતાની એટેન્ડન્સ નિશ્ચિત કરી શકશે. જે કર્મચારીઓ પાસે મોબાઈલ નથી તેવા વર્ગ-૪ના કર્મચારીઓની જે તે વિભાગના સુપરવાઈઝર દ્વારા ગ્રુપ ફોટોના માધ્યમથી કર્મચારીઓની હાજરી પુરવામાં આવશે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાઓનું કામ વેગવંતુ બનાવાયું

# કરજણ-કાયાવરોહણ માર્ગનું તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સમારકામ

વડોદરા, તા.૧૭

રાજ્યના નાગરિકોને અવરજવરની સુવિધામાં મુશ્કેલી ન પડે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશો મુજબ વડોદરા જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત રસ્તાઓનું યુદ્ધના ધોરણે સમારકામ રાજ્ય માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા વેગવંતુ બનાવવામાં આવ્યું છે. વડોદરા જિલ્લાના કરજણ અને કાયાવરોહણ વચ્ચેના માર્ગ પર થયેલા ખાડાઓ અને ક્ષતિઓને સુધારવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પૂરજોશમાં પેચવર્ક કામગીરી શરૂ કરાઈ છે. રસ્તાઓના સમારકામની કામગીરી





માર્ગ અને મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓની સતત દેખરેખ હેઠળ ચાલી રહી છે. માર્ગ પર પડેલા મોટા ખાડાઓને ડામર અને કપચીના મિશ્રણનો ઉપયોગ કરીને સમતળ કરવામાં આવી રહ્યા છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ સમારકામની કામગીરી તા.૧૯મી જુલાઈ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રખાયું છે.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57
All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.
For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com




# શહેરમાં ઠેર ઠેર ભૂવાઓની અધૂરી કામગીરીના કારણે વાહનચાલકો પરેશાન : તંત્રની ઉદાસીનતા સામે લોકોમાં ભારે આક્રોશ

**વડોદરા શહેરમાં ચોમાસાના આગમન સાથે ઠેર ઠેર મસમોટા ભૂવા પડવાની શરૂઆત થઈ ગઈ હતી. ક્યાંક ડ્રેનેજની કામગીરીના કારણે તો, ક્યાંક પાણીની લાઈનના કારણે ભૂવાઓ પડ્યા હતા. હજુયે કેટલાય સ્થળોએ મસમોટા ભૂવા યથાવત જોવા મળી રહ્યા છે. તંત્રએ તેની આસપાસ બેરિકેટ ગોઠવી સંતોષ માણ્યો છે. ત્યારે વાહનચાલકો આ ભૂવાને કારણે ભારે હાલાકી વેઠી રહ્યા છે અને તંત્રની ઉદાસીનતા સામે ભારે આક્રોશ ઠાલવી રહ્યા છે.**












### યુનિવર્સિટીની મેસમાં ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ નમૂના લેવાયા હતા

# MSU ગર્લ્સ હોસ્ટેલની મેસના ૬ ખાદ્ય અને ૫ પાણીના સેમ્પલ નાપાસ થયા

### ફૂડ પોઈઝનિંગ ઘટના માટે મેસ ચલાવનાર સંચાલક સીધો જવાબદાર

વડોદરા, તા. ૧૭

એમ. એસ. યુનિવર્સિટીના એસ.ડી. હોલમાં આવેલી ચાર ગર્લ્સ હોસ્ટેલની વિદ્યાર્થિનીઓને ૮ જુલાઈના રોજ ભોજન લીધા બાદ થયેલા ફૂડ પોઈઝનિંગની ઘટના બની હતી. જેમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને અસર થઈ હતી. જોકે, ઘટનાએ યુનિવર્સિટીની મેસમાં આરોગ્ય સાથે ચેડા થતા હોવાનું સ્પષ્ટ કર્યું હતું. ત્યારે ઘટનાના બીજા દિવસે મ્યુનિ. કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા મેસમાંથી ફૂડ અને પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. કુલ ૨૯ સેમ્પલ પૈકી ફૂડના ૬ જયારે પાણીના પાંચ સેમ્પલ ફેઈલ થયા છે. આ પરિણામો પરથી સ્પષ્ટપણે કહી શકાય કે, આ ફૂડ પોઈઝનિંગ ઘટના માટે મેસ ચલાવનાર સંચાલક સીધો જવાબદાર હતો.

આરોગ્ય વિભાગે ઘટના બાદ તાબડતોબ ટીમો સ્થળ પર મોકલી વિવિધ ખાદ્ય ચીજવસ્તુના કુલ ૨૯ નમૂના લીધા હતા. જેમાંથી ૬ નમૂના ગુણવત્તામાં નિષ્ફળ ગયા છે. અધિક આરોગ્ય અમલદાર ડોક્ટર મુકેશભાઈ વૈદ્યએ આ માહિતીની પુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, એફએસએલ દ્વારા પાણીના ૬ સેમ્પલ લેવાયા હતા, જેમાંથી ૫ ફેલ આવ્યા છે.

ડોક્ટર મુકેશ વૈદ્યએ વધુમાં જણાવ્યું હતું કે, સ્વચ્છતા અંગે મેસને અગાઉ પણ શિડ્યુઅલ ૪ની નોટિસ આપવામાં આવી હતી. તે સમયે આ કોન્ટ્રાક્ટ એજન્સી પાસે લાઈસન્સ ન હોવાથી યુનિવર્સિટી દ્વારા તેની સામે પગલાં લઈ હકાલપટ્ટી કરવામાં આવી હતી.હાલમાં આ ઘટના બાદ આરોગ્ય વિભાગની ચાર ટીમો દ્વારા વિવિધ હોસ્ટેલ, આશ્રમ સ્કૂલ, સમરસ હોસ્ટેલ સહિત અન્ય સ્થળોએ પણ ચેકિંગ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

### ગર્લ્સ હોસ્ટેલમાં ફૂડ પોઈઝન બાદ

## ફૂડ ઈન્સ્પેકશન કમિટીનો રિપોર્ટ સુપરત સૂચનોનો કડક અમલ કરાશે : વીસી

વડોદરા, તા.૧૭

એમ. એસ. યુનિવર્સીટીની ગર્લ્સ હોસ્ટેલમાં બનેલી ફૂડ પોઈઝનની ઘટના બાદ વાઈસ ચાન્સેલર દ્વારા ફૂડ ઈન્સ્પેકશન કમિટીની રચના કરવામાં આવી છે. જે કમિટી દ્વારા સોમવારથી શરુ થનાર હોસ્ટેલની મેસમાં તપાસ કરાઈ હતી. એટલું જ નહીં યુનિ.ની વિવિધ ફેકલ્ટીમાં કાર્યરત કેન્ટીનની પણ તપાસ કરાઈ હતી. જે બાદ કમિટી દ્વારા આજરોજ જરૂરી સૂચન સાથેનો અહેવાલ વાઈસ ચાન્સેલરને સુપરત કરાયો હતો.

**ફૂડ પોઈઝન જેવી ઘટના અટકે અને ગુણવત્તાયુક્ત ભોજન મળે તેની ખાતરી કરાશે**

જે બાબતે વાઈસ ચાન્સેલર પ્રો. ધનેશ પટેલે જણાવ્યું હતું કે, ફેકલ્ટીમાં કાર્યરત કેન્ટીન તેમજ હોસ્ટેલની મેસમાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણ જાળવવા માટે નવી મૂલ્યાંકન ભલામણો જાહેર કરવામાં આવી છે. કમિટી દ્વારા આપવામાં આવેલા સૂચનનો મુખ્ય ઉદેશ્ય ફૂડ પોઈઝનિંગ જેવી ઘટનાઓને અટકાવવા અને વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત ભોજન મળી રહે તેની ખાતરી કરવાનો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સૂચન અને ભલામણોનો અમલ કરવાથી કેન્ટીન અને મેસમાં આરોગ્યપ્રદ વાતાવરણ જળવાઈ રહેશે અને વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત ભોજન મળી શકશે. સંબંધિત સત્તાવાળાઓ દ્વારા આ ભલામણોનું કડક પાલન સુનિશ્ચિત કરવા પર ભાર મુકવામાં આવ્યો છે.

### ફૂડ ઇન્સ્પેકશન કમિટીએ કરેલા સૂચન

- વ્હાઈટ વોશ : કેન્ટીન અને રસોડાના વિસ્તારોમાં સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે નિયમિતપણે સંપૂર્ણ વ્હાઈટ વોશ કરાવવું ફરજિયાત છે.
- નિયમિત સફાઈનું સમયપત્રક : કેન્ટીન અને રસોડામાં નિયમિતપણે સંપૂર્ણ સફાઈનું સમયપત્રક બનાવશે. જેનું કડકાઈથી પાલન કરાશે. જેનાથી સૂક્ષ્મજીવોનો ફેલાવો અટકાવી શકાશે.
- માસ્ક, ગ્લોવ્ઝ અને હેડકેપ ફરજીયાત : ખોરાક તૈયાર કરવાના સમય દરમિયાન માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે. આ સાથે, કર્મચારીઓ દ્વારા ગ્લોવ્ઝ, હેડકેપ જેવા સ્વચ્છતા સાધનોનો ફરજિયાતપણે ઉપયોગ કરવાનો રહેશે.
- કચરાનો યોગ્ય નિકાલ : ભીના, સૂકા અને પ્લાસ્ટિક કચરાને અલગ કરીને યોગ્ય રીતે નિકાલ સુનિશ્ચિત કરાશે. આ માટે યોગ્ય કચરાપેટીઓનો ઉપયોગ અને નિયમિત નિકાલની વ્યવસ્થા ગોઠવવી પડશે.
- સ્ટાફ માટે જાગૃતિ કાર્યક્રમો : સ્વચ્છતા અને સલામતીની આવશ્યકતા વિશે સ્ટાફ માટે નિયમિત જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવું જરૂરી છે. કર્મચારીઓને વ્યક્તિગત સ્વચ્છતા અને ખાદ્ય

### વિપક્ષના સભ્યોએ કાળા કપડા પહેરી સભામાં પ્રવેશ કરી વિરોધ નોંધાવ્યો

# કોર્પોરેશનની ભૂલના કારણે રિક્ષા ચાલકનું મોત

### ગંભીરા બ્રિજ દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી શોક ઠરાવ કરી સભા મુલતવી રાખવામાં આવી



#### વિરોધ કરવા નહીં પણ પ્રજાનો અવાજ લઈને આવ્યા છે : ચંદ્રકાન્ત શ્રીવાસ્તવ

સામાન્ય સભામાં શોક ઠરાવ બાદ સભાને મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિપક્ષ દ્વારા પાલિકાની ભૂલના કારણે મૃત્યુ પામેલા રીક્ષા ચાલક ઉપરાંત ગત વર્ષે આવેલા પૂરમાં મૃત્યુ પામેલાઓને પણ શ્રદ્ધાંજલિ આપવા માટેની રજૂઆત કરી હતી. આ મામલે વિપક્ષના નેતા ચંદ્રકાન્ત શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, અમે વિરોધ કરવા નથી આવ્યા પરંતુ પ્રજાનો અવાજ લઈને આવ્યા છે. પરંતુ સત્તાધારી પક્ષ દ્વારા દાદાગીરી કરવામાં આવે છે અને અમને બોલવા દેવામાં આવતા નથી. સત્તાપક્ષની આ તાનાશાહી છે. ભ્રષ્ટાચાર વકર્યો છે અને તેઓ પ્રજાના પ્રશ્નોનો જવાબ આપવાના બદલે સભા મુલતવી કરીને ચાલ્યા જાય છે.

વડોદરા, તા. ૧૭

વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભા આજે મળી હતી. આ સભામાં વિપક્ષના સભ્યો કાળા કપડા પહેરીને આવ્યા હતા અને સત્તાધારી પક્ષ સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આ સભા ગંભીરા બ્રિજ દુર્ઘટનાના મૃતકો માટે શોક ઠરાવ કરીને મુલતવી રાખવામાં આવી હતી. જો કે વિપક્ષે સત્તાધારી પક્ષ ઉપર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, કોર્પોરેશનની ભૂલના કારણે ખાડામાં પડેલા રીક્ષા ચાલકનું મોત થયું હતું તો એને પણ શ્રદ્ધાંજલિ આપો. શહેરમાં અનેક મુશ્કેલીઓ છે પરંતુ સત્તાધારી પક્ષ સત્તાના મદમાં જ રચેલા હોવાના આક્ષેપ વિપક્ષ દ્વારા કરવામાં આવ્યા હતા.

મહાનગરપાલિકાની સામાન્ય સભા મળી હતી. સભા ગંભીરા બ્રિજ દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી શોક ઠરાવ કરીને મુલતવી રાખવામાં આવી હતી. જો કે વિપક્ષના સભ્યો સભામાં કાળા કપડાં પહેરીને આવ્યા હતા. સભામાં શોક ઠરાવનું વાંચન થાય તે પહેલા જ વિપક્ષના નેતા ચંદ્રકાન્ત શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, કોર્પોરેશનની ભૂલના કારણે એક રીક્ષા ચાલકનું ખાડામાં પડવાથી મોત થયું છે. તો આ સભામાં તેને પણ શ્રદ્ધાંજલિ આપવી જોઈએ. સભામાં વિપક્ષના સભ્યો પોતાની જગ્યા ઉપર બેઠા જ ન હતા. અને સભા અધ્યક્ષ સામે રજૂઆત કરી રહ્યા હતા. જો કે સત્તાપક્ષના સભ્યો અને વિપક્ષ વચ્ચેના હોબાળા વચ્ચે જ શોક ઠરાવનું વાંચન કરવામાં આવ્યું હતું. અને ત્યાર બાદ સભા મુલતવી રાખવામાં આવી હતી. હવે આ સભા આવતીકાલે પુનઃ મળશે.જેમાં પણ સભા તોફાની બને તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી.

### આઈએસઆરએલ પ્રૂવિંગ ગ્રાઉન્ડનું લોન્ચિંગ

## ઈન્ડિયન સુપક્રોસ રેસિંગ લીગની સિઝન-૨નો સલમાને પ્રારંભ કરાવ્યો

વડોદરા, તા.૧૭

સલમાન ખાને ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ સિઝન-૨નો પ્રારંભ કરાવ્યો હતમુંબઈ ખાતે આયોજીત લોન્ચિંગમાં સલમાન ખાન ઉપસ્થિત રહ્યાં હતા. અને તેમણે રોકાણકાર તરીકે જોડાવાની યોજના રજૂ કરી હતી. જે ઓટોમોટિવ અને ગ્રાહક કેન્દ્રીત બ્રાન્ડ તેમજ પરિવાર કેન્દ્રીત મનોરંજન માટેના સ્થળ બનવાની મહત્વકાંક્ષામાં નોંધપાત્ર મોમેન્ટમ જોડશે. સિઝન-૨માં ૧૫૫ આંતરરાષ્ટ્રીય એથ્લેટ્સના રજીસ્ટ્રેશન થયા છે. દેશમાં સુપરક્રોસને વૈશ્વિક સ્તરે ઉન્નત કરવાના મિશનના ભાગરૂપે સલમાન ખાને ભારતમાં પાયાના સ્તરે મોટર સ્પોર્ટ્સના વિકાસમાટે સમર્પિત આઈએસઆરએલ પ્રુવિંગ ગ્રાઉન્ડ્સ પણ લોન્ચ કર્યા હતા. પૂણે નજીક ૭ એકરમાં ઉભી થનારી આ ફેસિલિટી એમેચ્યોર, કિડ્સ, મોટરક્રોસ, સુપરક્રોસ,




એટીવી, ઈલેક્ટ્રીક બાઈક્સ,ટ્રેઈલ રાઈડિંગ અને અન્ય માટે વિવિધ હેતુઓ માટે ટ્રેક્સ બનાવશે. આ પ્રસંગે સલમાન ખાને કહ્યું હતુ કે, હુ હંમેશા મોટરસાઈકલ્સ અને ઓફ-રોડિંગ અંગે ઉત્સાહી રહ્યો છું. આઈએસઆરએલ વિશ્વકક્ષાની પ્રતિભાઓને સાથે લાવવા ઘરઆંગણાના એથ્લીટોને ટેકો આપવામાં અને સ્પોર્ટ્સની આસપાસ આખી ઈકો સિસ્ટમ અને લાઈફ સ્ટાઈલ ઉભી કરવા માટે પ્રયત્નશીલ છે.

### સેન્ટર ફોર લાઈફ લોંગ લર્નિંગમાં શિક્ષકોની બેઠક

વડોદરા, તા.૧૭

એમ. એસ. યુનિવર્સિટીમાં 'એડલ્ટ એજ્યુકેશન સેન્ટર' એટલે કે, 'સેન્ટર ફોર લાઈફ લોંગ લર્નિંગ'ના ડાયરેક્ટર પ્રોફેસર અજય અષ્ટપુત્રેના અધ્યક્ષ સ્થાને આજે એક બેઠક મળી હતી. જેમાં વિવિધ કેન્દ્રના શિક્ષકો હાજર રહ્યા હતા. બેઠકમાં સેન્ટર દ્વારા ચલાવતા શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ સર્ટિફિકેટ કોર્સમાં વિદ્યાર્થીઓના હિતમાં સુધારા કરવા અંગે ચર્ચા કરી હતી. મીટિંગ અંગે માહિતી આપતા સેન્ટરના ડાયરેક્ટર અને પરફોર્મિંગ આર્ટસ ફેકલ્ટીના ભૂતપૂર્વ ડીન પ્રો. અજય અષ્ટપુત્રેએ જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે વિદ્યાર્થીઓના એડમિશનમાં પાછલા વર્ષો કરતાં ખૂબ જ વધારો થયો છે. સેન્ટર દ્વારા ઈન્ટિરિયર ડિઝાઈનિંગ, હોટલ મેનેજમેન્ટ, જ્યોતિષ, યોગ, આર્કિટેક્ટ, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, ઈન્ડસ્ટ્રિયલ પર્ચેઝિંગ, હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન, ઈન્ડસ્ટ્રિયલ હેલ્થ સહિતના અનેક કોર્ષ ચલાવવામાં આવે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કારેલીબાગની સ્કૂલમાં માતૃ પિતૃ પૂજન

ગુરુપૂર્ણિમા નિમિત્તે ધનંજય અંબાલાલ પટેલ સ્કૂલ, કારેલીબાગમાં અંગ્રેજી માધ્યમ તથા ગુજરાતી માધ્યમ ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા માતૃ પિતૃ પૂજન રાખવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં ભણતર સાથે સંસ્કાર હોવા જરૂરી છે. માતૃ પિતૃ પૂજન એ ભારતીય સંસ્કૃતિનું એક મહત્વપૂર્ણ તત્વ છે. માતા-પિતા આપણાં જીવનના પ્રથમ ગુરુ હોય છે. તેઓ આપણા જન્મદાતા છે. તેમનું પૂજવું એ માત્ર પરંપરા જ નથી, પણ તેમના માટે શ્રદ્ધા, પ્રેમ અને કર્તવ્યભાવનું પ્રતિક છે તેમના આશીર્વાદ જીવનમાં ખૂબ શક્તિશાળી હોય છે. તેમના આશીર્વાદથી સફળતા, શાંતિ અને સમૃદ્ધિ મળે છે. જેમ જેમ બાળકો માતા પિતાનું માન કરે છે.

### પારુલ યુનિવર્સિટી ખાતે ગ્રાહક સંપર્ક કાર્યક્રમ

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ), પ્રાદેશિક કાર્યાલય, જયપુર દ્વારા આજે વડોદરાના વાઘોડિયા સ્થિત પારુલ યુનિવર્સિટી ખાતે ગ્રાહક સંપર્ક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સાયબર સ્વચ્છતા અને સાયબર છેતરપિંડીના જોખમને રોકવા માટે ટ્રાઈ દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે ગ્રાહકોમાં જાગૃતિ લાવવાનો હતો. ઉપરાંત, સેવા પ્રદાતાઓ દ્વારા સેવાની ગુણવત્તા સુધારવા અને ગ્રાહક ફરિયાદ નિવારણ પ્રણાલીને વધુ વ્યવસ્થિત બનાવવા માટે ટ્રાઈના પ્રયાસો પણ રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત રાજેશ કુમાર અગ્રવાલ, આઈટીએસ, સલાહકાર, ટ્રાઈ આરઓ જયપુરના ઉદબોધનથી થી હતી.

### ડો. જ્ઞાન વત્સલ સ્વામીનું ઉ. અમેરિકામાં બહુમાન

છેલ્લા ત્રણ દાયકા કરતાં વધુ સમયથી દેશ વિદેશમાં પોતાના આશરે ૧૫૦૦૦ કરતાં પણ વધુ પ્રેરણાદાયી ઉદબોધનો દ્વારા સમાજને અને તેમાં પણ ખાસ કરીને યુવા વર્ગને આધ્યાત્મિકતા થકી માનસિક શાંતિ પ્રેરણા નાં પ્રવચનો દ્વારા ખૂબ જ લોકપ્રિય એવા બીએપીએસ સંસ્થાના મોટીવેશનલ સ્પીકર અને વિદ્વાન સંત પૂજ્ય ડો. જ્ઞાન વત્સલ સ્વામીજીનું છેલ્લા પાંચ અઠવાડિયા દરમિયાન ઉત્તર અમેરિકાના કેનેડા તેમજ અમેરિકાના વિવિધ રાજ્યો, પ્રાંતો, નગરોમાં પણ બહુમાન કરવામાં આવ્યું છે. અમેરિકાના ઓહાયો રાજ્યના ગવર્નર દ્વારા પણ બહુમાન ની સાથે પ્રશસ્તિપત્રો અર્પણ કરી વિદેશની ધરતી પર વિદેશ ના પદાધિકારીઓ દ્વારાએક સંતનું બહુમાન એ ખરેખર સમગ્ર રાષ્ટ્ર તથા ગુજરાત માટે ગૌરવપૂર્ણ ક્ષણ કહેવાય.

### ટ્રેનની અડફેટે આવી ગયેલા યુવાનનું મોત

વડોદરા થી રેલવે ટ્રેક પર ડભોઇ તાલુકાના થુવાવી -ભીલાપુર સ્ટેશન વચ્ચે ૪૫ વર્ષીય યુવાન ટ્રેનની અડફેટે આવી જતા શરીરના બે ટુકડા થઈ જવાથી તેનો ઘટના સ્થળ પર કરૂણ મોત નિપજયું હતું. ડભોઇ તાલુકાના મેથા કોઈ ગામે રહેતા નરેન્દ્ર ગીરી ચીમન ગીરી ગોસ્વામી ઉંમર વર્ષ ૪૫ પરિવાર સાથે રહેતા હતા તેઓ ગઈ કાલે સાંજે વાઘોડિયા તાલુકાના લીમડા ગામે રહેતી બહેનને મળવા માટે જતા હતા તે વખતે તેઓ ડભોઇ રેલવે ટ્રેક પર ડભોઇ થી વડોદરા તરફ ટ્રેન આવી રહી હતી તે વખતે નરેન્દ્ર ગીરી ગોસ્વામી થુવાવી -ભીલાપુર રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટેડ આવી ગયો હતો એટલું જ નહીં ટ્રેન નીચે કપાઈ જતા તેમના શરીરના બે ટુકડા થઈ ગયા હતા.

### આજથી ત્રી દિવસિય ઓપન બરોડા ટીટી ટુર્નામેન્ટ

ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા દ્વારા ૨જી ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ-૨૦૨૫નો આવતિકાલથી ૩ દિવસ માટે ટીટીએબી-એમએસયુ ટેબલ ટેનિસ સેન્ટર, યુનિયન પેવેલિયન, ફતેહગંજ, વડોદરા ખાતે યોજાશે.ટુર્નામેન્ટમાં ૨૧ ઈવેન્ટ્સનો સમાવેશ થાય છે જેમ કે અંડર-૧૧, અંડર-૧૩, અંડર-૧૫, અંડર-૧૭, અંડર-૧૯ છોકરાઓ અને છોકરીઓ, પુરુષો અને મહિલાઓના સિંગલ્સ, વેટરન પુરુષો અને મહિલાઓના ૩૯ર, વેટરન પુરુષો ૪૯ર, વેટરન પુરુષો અને મહિલાઓના ૫૯ર, વેટરન પુરુષો ૬૪ર, પુરુષો ડબલ્સ, મિક્સ ડબલ્સ અને જમ્બલ્ડ ડબલ્સ.વડોદરાના ટીટી પ્રેમીઓ તરફથી લગભગ ૩૦૦ એન્ટ્રીઓ મળી છે.

### સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે

## યોનેક્ષ સનરાઈઝ ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપનું આયોજન




વડોદરા

યોનેક્ષ સનરાઈઝ ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ ૨૦૨૫નું આયોજન બરોડા બેડમિન્ટન એસોશિએશન દ્વારા તા.૧૯થી ૨૭ જુલાઈ દરમ્યાન બેડમિન્ટન હોલ, સમા ઈનડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજ્યના દરેક જીલ્લામાં થઈ કુલ ૮૯૪ ખેલાડીઓએ ભાગ લીધેલ છે. તેમાં ૫૯૯ ભાઈઓ અને ૨૯૫ બહેનોનો સમાવેશ થાય છે. સ્પર્ધામાં વિવિધ વય જૂથમાં રમાડવામાં આવશે, જેમકે અંડર ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૧૯ અને ઓપન વિભાગ મળીને કુલ ૨૮ વિવિધ ઈવન્ટ્સ જેવી કે સિંગલ્સ, ડબલ્સ અને મીક્ષ ડબલ્સમાં કુલ ૧૨૯૧ એન્ટ્રી આવેલ છે. સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર, સર્ટિફિકેટ અને ટ્રોફી એનાયત કરવામાં આવશે અને કુલ રૂપિયા ૯ લાખના રોકડ પુરસ્કાર એનાયત કરાશે. વિજેતા ખેલાડીઓને ગુજરાત રાજ્યની ટીમમાંથી નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

### કશિશ પંચાલે ડિઝાઇન કરેલા વસ્ત્રોનું હોસ્પિટલોમાં ટ્રાયલ સફળ રહ્યું

# MSUની વિદ્યાર્થીનીએ પથારીવશ દર્દીઓ માટે વિશેષ વસ્ત્રો તૈયાર કર્યા

### હોસ્પિટલમાં ટ્રાયલ કરતાં પહેલા જુદી જુદી ૩૦ જેટલી ડિઝાઇન પણ બનાવી હતી

વડોદરા, તા.૧૭

એમ. એસ. યુનિવર્સિટીની ટેક્સટાઈલ અને એપેરલ ડિઝાઈનની અનુસ્નાતક વિદ્યાર્થીની કશિશ પંચાલે પથારીવશ દર્દીઓની ખાસ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અનોખા અને વ્યવહારુ વસ્ત્રોની ડિઝાઈન વિકસાવી છે. આ ડિઝાઈન હોસ્પિટલમાં લાંબા સમય સુધી રહેતા દર્દીઓ માટે આરામદાયક અને વ્યવહારુ વિકલ્પ પૂરા પાડે છે.



કશિશ પંચાલે તેના સંશોધન વિષે જણાવ્યું હતું કે, સંશોધન "પથારીવશ દર્દીઓ માટે અનુકૂલનશીલ વસ્ત્રોની વપરાશકર્તા-કેન્દ્રીય ડિઝાઈન" શીર્ષક હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ અને ગોત્રી હોસ્પિટલમાં હાથ ધરાયું હતું. સંશોધન દરમિયાન સર્જરી, ઓર્થોપેડિક્સ અને મેડિસિન વિભાગોના ૪૦ પથારીવશ દર્દીઓ અને ૪૦ સંભાળ રાખનારાઓના અભિપ્રાયો લેવાય હતા. દર્દીઓની દૈનિક જરૂરિયાતો અને પડકારો અંગેની વિગતવાર માહિતી અને અવલોકનોના આધારે કશિશે દર્દીઓ માટે વૈકલ્પિક અને વધુ અનુકૂળ વસ્ત્રોની તાતી જરૂરિયાત સ્પષ્ટ રીતે ઓળખી.

કશિશ વધુમાં જણાવ્યું હતું કે, પ્રારંભિક તબક્કે ૩૦ ડિઝાઈન તૈયાર કરી હતી. જેમાં સર્જરી તથા ઓર્થોપેડિક વિભાગ માટે અલગ-અલગ ૧૫ ડિઝાઈન બનાવી હતી. ત્યારબાદ, દર્દી અને સંભાળ રાખનારના સૂચનોના આધારે કુલ ૬ અંતિમ ડિઝાઈન પસંદ કરી હતી. જે ડિઝાઈન્સનું હોસ્પિટલ પરિસરમાં રીઅલ-ટાઈમ વેર ટ્રાયલ્સ દ્વારા મૂલ્યાંકન કરાયું હતું. આ મૂલ્યાંકન આરામ, હલનચલનની સરળતા અને તબીબી સહાયક પ્રવૃત્તિઓમાં સુવિધા જેવા માપદંડો આધારે કરવામાં આવ્યું હતું, જેમાં ડિઝાઈન્સ સફળ રહી છે.

કશિશ વધુમાં ઉમેર્યું હતું કે, આ સંશોધન પ્રક્રિયામાં લગભગ છથી આઠ મહિના લાગ્યા, જેમાં માહિતી સંગ્રહ, ડિઝાઈન વિકાસ, પાઈલોટ ટેસ્ટિંગ અને ફીડબેક વિશ્લેષણનો સમાવેશ થાય છે. કશિશે જણાવ્યું હતંગ કે, ભોજન, ઘર અને આશ્રય જેટલી જ કપડાં પણ માણસની મૂળભૂત જરૂરિયાત છે. ખાસ કરીને જ્યારે વ્યક્તિ પથારીવશ હોય, ત્યારે તેની ગૌરવપૂર્ણ અને આરામદાયક સ્થિતિ જાળવી રાખવી એટલી જ મહત્વપૂર્ણ હોય છે.

### વાહનચાલકો તેમજ સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે

# ડુંગરવાંટથી જાંબુઘોડા સુધીના માર્ગ પર ઊંડા ખાડાઓથી વાહનચાલકોમાં રોષ

### વાહનચાલકો જીવ જોખમમાં મૂકીને આવા રસ્તાઓ પરથી પસાર થવા મજબૂર



બોડેલી, તા.૧૭

પાવીજેતપુરના ડુંગરવાટ જાંબુઘોડા સુધી જઈ શકાય છે. હાલમાં આ રોડની હાલત એટલી બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે. જાંબુઘોડા ,ઉંડવા તથા કનજીપાણી સુધીના માર્ગ ઉપર મસ મોટા અને ઊંડા ખાડાઓ પડી ગયા છે. જેને કારણે હજારો વાહન ચાલકોને તેમજ અહીંના સ્થાનિક લોકોને ભારે હાલાકી નો સામનો કરવો પડે છે. કારણ કે મસ મોટા ખાડાઓને કારણે વાહન ચાલકો સ્ટેરીંગ પરનો કાબુ પણ ક્ટ્રોલ ન રહેતા પડી જવાના તથા અકસ્માતના બનાવ બનતા હોય છે. જે ઘટનાઓ વારંવાર આ રોડ ઉપર વધી રહી છે. હાલમાં છોટાઉદેપુર નો રસ્તો બોડેલીથી બંધ કરવામાં આવ્યો છે. જેથી આ રસ્તો નો ઉપયોગ પાવીજેતપુર, છોટાઉદેપુર, મધ્યપ્રદેશના લોકો હાલમાં આ રસ્તા નો ઉપયોગ કરી રહ્યા છે .તેમજ હાલોલ થી છોટાઉદેપુર ,જેતપુર જવા વાળા પણ આ રસ્તા નો ઉપયોગ કરી રહ્યા છે. તેમ જ મધ્યપ્રદેશ, છોટાઉદેપુર વગેરે લોકો વડોદરા જવા માટે પણ આજ રસ્તા નો ઉપયોગ થઈ રહ્યો છે. હાલમાં આ રસ્તાઓની હાલત એટલી ખરાબ બની ગઈ છે કે તેના કરતા ગ્રામિણ કક્ષાના કાચા રસ્તાઓ પણ વધારે સુરક્ષિત લાગી રહ્યા છે મોટા વાહન ચાલકોને મોટા ખાડાઓને કારણે વાહનચાલકો પોતાનો જીવ જોખમમાં મૂકીને આવા રસ્તાઓ ઉપર થી પસાર થઈ રહ્યા છે. જ્યારે બાઈક ચાલકો, સ્કૂલ ઉપર તેમજ નોકરીએ તેમજ વેપાર ધંધા માટે પોતાનું સાધન લઈને ઉબડખાબડ રસ્તા ઉપર થી પસાર થવું પડે છે.

## તોરણ ગામની સીમમાં પશુ ચરાવવા બાબતે લાકડી વડે હુમલો

કાલોલ, તા.૧૭

ગોધરા તાલુકાના તોરણ ગામની સીમમાં આરોપી જાલાભાઈ મફાભાઈ ભરવાડ એ ફરિયાદી દોલાભાઈ કાળુભાઈ ભરવાડ ને ફોન કરી વાત કરેલ કે અમો તોરણ ગામની સીમમાં ઉભા છે અને આપણે પશુઓ ચરાવવા માટેની જગ્યા નક્કી કરી લઈએ તેમ કહેતા દોલાભાઈ ભરવાડ તથા સોઢાભાઈ ધુળાભાઈ ભરવાડ મોટરસાયકલ લઈ ને ગયેલા તે વખતે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને ગાળો બોલી કહેલ કે તુ બધાને ભાગ આપવા માટે વાતો કરે છે આજે તને ભાગ આપવા માટે બોલાવ્યો છે અને ગાળો બોલતા તેમ કહેતા ફરીયાદી એ ગાળો બોલવાની ના પડતા જાલાભાઈ, હરિભાઈ, રઘુભાઈ ભગાભાઈ ભરવાડ ત્રણેય રહેવાસી વેજલપુર કાનોડ ચોકડી તાલુકા કાલોલ તેમનાં હાથમાં ની પશુઓ ચરાવવાની લાકડીઓ વડે ફરીયાદી પર હુમલો કર્યો હતો.

### લાંબી કતારોમાં વિદ્યાર્થીઓએ દિવસભર રાહ જોવી પડે છે

# બોડેલી સેવા સદનમાં જાતિના દાખલા માટે લાંબી લાઈનો : વિદ્યાર્થીઓને ભારે હાલાકી

### કામગીરીની ધીમી ગતિને કારણે લાંબી લાઈનો લાગી રહી છે



બોડેલી, તા.૧૭

બોડેલી તાલુકા સેવા સદન ખાતે જાતિ દાખલા મેળવવા માટે વાલીઓ અને વિદ્યાર્થીઓને લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે, જેના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર ગંભીર અસર પડી રહી છે. સવારથી શરૂ થતી આ લાંબી કતારોમાં વિદ્યાર્થીઓએ પણ દિવસભર રાહ જોવી પડે છે, જેના કારણે તેમનું શિક્ષણ ખોરવાઈ રહ્યું છે. આ ઘટના સરકારી તંત્રની નિષ્ક્રિયતા અને અકાર્યક્ષમતા પર ગંભીર સવાલો ઉભા કરે છે. શું વિદ્યાર્થીઓનું ભવિષ્ય આવી અસુવિધાઓના ભોગે બગડવું જોઈએ બોડેલી તાલુકાના સેવા સદન ખાતે જન સેવા કેન્દ્ર એક એવું સ્થળ છે જ્યાં નાગરિકો આધાર કાર્ડ, રાશન કાર્ડ, અને જાતિ દાખલા જેવી મહત્વની સેવાઓ મેળવવા આવે છે. શાળાઓમાં જાતિ દાખલાની ફરજિયાત આવશ્યકતાને કારણે વાલીઓ સાથે વિદ્યાર્થીઓ પણ આ કચેરીએ આવવા મજબૂર છે. જોકે, અહીં કામગીરીની ધીમી ગતિ વ્યવસ્થાને કારણે લાંબી લાઈનો લાગે છે, જેમાં વિદ્યાર્થીઓએ શાળા છોડીને કલાકો સુધી રાહ જોવી પડે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઝાલોદ નગરમાં કથાકાર રમેશભાઈ ઓઝાના મુખે ભવ્ય ભાગવતકથા યોજાશે



ઝાલોદ : ઝાલોદ નગરમાં પ્રથમ વાર ભારતના દિવ્ય અને પ્રખર કથાકાર તરીકે જાણીતા રમેશભાઈ ઓઝાની ભાગવત કથાનું આયોજન કરવામાં આવી રહેલ છે. આ કથાનું આયોજન સ્વઃ શિવાભાઈ પટેલ પરિવારના સૌજન્ય થી કરવામાં આવી રહેલ છે. નગરમાં પ્રથમ વખત રમેશભાઈ ઓઝાની ભાગવત કથા યોજાઈ રહેલ છે તેને લઈ નગરજનોમા અનેરો ઉત્સાહ જોવા મળી રહેલ છે. આ કથા માટે શિવાભાઈ પટેલના પરિવારજનો નગરના દરેક સમાજના તન અને મન થી સહયોગ મળે તે માટે અલગ અલગ મીટિંગ કરી રહેલ છે તેમજ મીટિંગમા વિવિધ સમિતિઓની રચના કરી જવાબદારી નિભાવી શકે તેવા લોકોની અલગ અલગ કામગીરી માટેની કમિટી બનાવવામાં આવી રહેલ છે. જ્યાં જ્યાં અલગ અલગ સમાજ સાથે મીટિંગ થઈ રહેલ છે ત્યાં ખૂબ સુંદર પ્રતિસાદ મળી રહેલ છે. આ ભાગવત કથામાં તમામ સમાજો આ જ્ઞાનપારાયણનો લાભ લે તે માટે મોટા પ્રમાણમાં આયોજનની રૂપરેખા બનાવવામાં આવી રહેલ છે. કથાકાર રમેશભાઈ ઓઝાના મુખે આ કથા નગરમાં ૨૫-૧૨-૨૦૨૫ થી ૩૧-૧૨-૨૦૨૫ સુધી બપોરના ૩ થી સાંજના ૬:૩૦ વાગ્યા સુધી પ્રભુતા પાર્ટી પ્લોટ પાછળ વણકતલાઈ મંદિર રોડ ઝાલોદ ખાતે યોજવામાં આવનાર છે.

### બોડેલી ખાતે છોટાઉદેપુર જિલ્લા મહિલા કોંગ્રેસનું કારોબારી સંમેલન યોજાયું



બોડેલી : છોટાઉદેપુર જિલ્લાના મહિલા કોંગ્રેસ નો કારોબારી સંમેલન આજે બોડેલી ખાતે આવેલ એ.પી.એમ.સી.ના હોલમાં યોજાયું હતું . આ મહત્વના કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની પ્રમુખ ગીતાબેન પટેલે અધ્યક્ષતા સંભાળી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓએ હાજરી આપી, જે મહિલા શક્તિના જાગૃતિનું પ્રતિબિંબ હતી. આ સંમેલનમાં પ્રદેશ પ્રમુખ ગીતાબેન પટેલે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની નીતિઓની ટીકા કરતા કહ્યું કે, ‘‘ભાજપના શાસનમાં મહિલા સલામતી અને હકો પાછળ ધ્યાન નહિ આપવામાં આવી રહ્યું પ્રમુખે કડક શબ્દોમાં જણાવ્યું કે મહિલાઓની અવગણના, મોંઘવારી અને રોજગારીના મુદ્દે સરકાર નિષ્ફળ રહી છે અને હવે સમય આવી ગયો છે કે મહિલાઓ પોતાનો અવાજ ઉંચો કરે. કાર્યક્રમ દરમિયાન જિલ્લા સ્તરની મહિલા નેતાઓ તથા કાર્યકર્તાઓએ પણ તેમના અભિપ્રાયો વ્યક્ત કરી સક્રિય ભાગ લીધો છોટાઉદેપુર જિલ્લાના બોડેલી એપી.એમ.સી ખાતે આજે જિલ્લા કોંગ્રેસ કારોબારી સંમેલન નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત પ્રદેશ મહિલા પ્રમુખ ગીતાબેન પટેલ ની ઉપસ્થિતિમાં સંમેલન નું આયોજન કરવામાં આવ્યું હતું.

### મકાનનો વધારાનો ભાગ તોડી પડાયો

## દે. બારિયા પાલિકા દ્વારા દબાણ દૂર કરવાની કામગીરીમાં વિસંગતતા

### શાકભાજીના દબાણો હજુ પણ યથાવત્

દે. બારીયા, તા.૧૭

દે. બારીયા નગરપાલિકા દ્વારા દબાણ દૂર કરવાની કામગીરીમાં સ્પષ્ટ વિસંગતતા દેખાઈ રહી છે. કેટલાક વિસ્તારોમાં પાલિકા દ્વારા માત્ર જાહેરાત પૂરતી કાર્યવાહી કરી અને પછી કેટલાક દબાણો દૂર કર્યા વિના જ કાર્ય મોકૂફ રાખ્યું, જ્યારે અન્ય વિસ્તારોમાં (જેમ કે ગલીયાકુવા) તાત્કાલિક અને સખત કાર્યવાહી કરીને મકાનનો વધારો તોડી પાડવામાં આવ્યો. બીજી અરજીઓ પર કાર્યવાહી ક્યારે કરવામાં આવશે ? તે સવાલ નગરમાં ચર્ચાનો વિષય બન્યો છે.બસ સ્ટેન્ડ રોડ, કન્યા શાળા રોડ, ટાવરથી શુક્રવારી બજાર સુધી અને તળાવની પાળ પાસે આવેલ શાકભાજીના દબાણો હજીયે યથાવત્ છે.બગીચા પાસે અમુક લારી ઊભી રાખવામાં આવે છે અને બીજા એ ડરાવી ધમકાવી વસ્તુ ફેંકી દૂર કરવામાં આવે છે આવો ભેદભાવ કેમ ?

સ્થાનિકોના વિરોધ બાદ બાંધકામ રોકાયું, અને હવે વધારાનો ભાગ JCB વડે તોડવામાં આવ્યો હતો. જો આ રસ્તો ફાયર ફાઈટિંગ અથવા જાહેર ઉપયોગ માટે જરૂરી હતો, તો કાર્યવાહી યોગ્ય ગણાવી શકાય પરંતુ પ્રશ્ન એ છે કે શું આવી જ કડકાઈ અન્ય દબાણો જાહેર જગ્યા રસ્તો ફાયર ફાઈટીંગ માટે જઈ પણ નથી સકતા ત્યાં કેમ આ કાર્યવાહી કરવામાં આવતી નથી તેવા સામે પણ આ સ્વરૂપ અપનાવાશે ?

તળાવની પાળ ઉપર આવેલ શાકભાજી માર્કેટ, પાવાગઢ હાઈવે રોડ ઉપર ૬૪ દુકાનોના દબાણો જે સરકારી જમીન ઉપર છે હજુ પણ કાયદેસર કાર્યવાહી રાહ જોતી જોવા મળી રહી છે.આવા કેસોમાં શું રાજકીય દબાણ કે સ્થાનિકી પક્ષકારો સામે નગરપાલિકા સામે અનેક સવાલો છે ? ‘‘પાલિકા માત્ર નબળા કે વિરોધ વિના દબાણો દૂર કરે છે?

### સરકારી કચેરીમાં જ સફાઈના નામે મીંડું જોવા મળી રહ્યું છે

# બોડેલી સેવાસદનમાં જાહેર શૌચાલયમાં ગંદકી અને દુર્ગંધથી લોકોને પડતી પરેશાની

### કોઈ જાતનું રિપેરીંગ કે સુધારો પણ કરવામાં આવતો નથી



બોડેલી, તા.૧૭

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી સેવા સદન ખાતે લોકો પોતાના કામ અર્થે આવતા હોય છે જેમ કે આધાર કાર્ડ, રાશનકાર્ડ, દસ્તાવેજ જેવા અન્ય કામો માટે પોતાનો કિંમતી સમય ફાળવી કામગીરી અર્થે આવતા હોય છે જ્યારે સરકારી કામમાં તાત્કાલિક પતી જાય એમ તો હોતું નથી જેથી કરીને આમ પ્રજાને કોઈકને કલાક કોઈકને બે કલાક તો પછી કોઈકને આખો દિવસ સેવા સદનમાં કાઢવાનો વારો આવતો હોય છે સેવા સદનના જાહેર શૌચાલયમાં ગંદકી અને દુર્ગંધને લઈને લોકોને ખૂબ મુશ્કેલી પડી રહી છે અહીંથી પસાર થતાં પણ માથું ફાડી નાખે તેવી દુર્ગંધ જોવા મળી રહે છે

જ્યારે આવી કપરી પરિસ્થિતિમાં સેવાસદનના સૌચાલયમાં તંત્રને શરમાવે તેવી પરિસ્થિતિ જોવા મળી શૌચાલયમાં સફાઈ ના નામે મીંડું જોવા મળી રહ્યું છે જ્યારે વ્યક્તિને લઘુશંકા કરવા માટે ચોક્કસ વ્યવસ્થા જ નથી એકદમ ખરાબ હાલતમાં સૌચાલય જોવા મળે છે જેથી કરીને સેવા સદનમાં આવતા લોકોને ભારે હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે જ્યારે આમ પ્રજા જેના માટે આ સેવાસદન બનાવવામાં આવ્યું છે તેમને આવી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે છતાં પણ કોઈ જાતનું રીપેરીંગ કે સુધારો કરવામાં આવતું નથી જેસે થે વૈસે ની પરિસ્થિતિ જોવા મળે છે જેથી કરીને વહેલી તકે આ શૌચાલયોનું સમારકામ કરવામાં આવે તો આમ પ્રજાને જે હાલાકી વેઠવી ન પડે છે.

### ઝાબ રોડ પર પુલનું કામ ચાલુ હોવાથી વાહનો માટે ડાયવર્ઝન

બોડેલી, તા.૧૭

છોટાઉદેપુર જિલ્લામા સતત વરસાદ વરસતા માર્ગો,પુલો, નાળાઓને ક્ષતિ થઈ હતી.જેતપુર પાવી તાલુકાના ભીંડોર, સલોદ, ઝાબ રોડ પુલનું કામ ચાલુ હોવાથી તેના વૈકલ્પિક વ્યવસ્થા ભાગરૂપે ડાયવર્ઝન બનાવવામાં આવ્યુ હતું. જિલ્લામાં ભારે વરસાદના કારણે આ ડાઈવર્ઝનને નુકશાન થયુ હતું. આ ક્ષતિગ્રસ્ત ડાઈવર્ઝનની મરામત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી ડાઈવર્ઝન પર વાહનવ્યવહાર પુનઃ કાર્યરત કરવામાં આવ્યો જિલ્લા કલેકટરશ્રી ગાર્ગી જૈનના માર્ગદર્શન અંતર્ગત માર્ગ અને મકાન વિભાગ દ્વારા માર્ગો,પુલો, નાળાની સમારકામની કામગીરી કરવામાં આવી રહી છે. માર્ગ અને મકાન વિભાગ સ્ટેટના કાર્યપાલક વિકાસ મેકવાને જણાવ્યું કે, જેતપુર પાવી તાલુકાના ભીંડોર, સલોદ, ઝાબ રોડ પુલનું કામ ચાલુ હોવાથી તેના વૈકલ્પિક વ્યવસ્થા ભાગરૂપે ડાયવર્ઝન બનાવવામાં આવ્યુ હતું.

### અધિકારીઓના અણઘડ વહીવટ અને બેધારી નીતિના કારણે

# પ્રધાનમંત્રી આવાસ યોજનાના આરોડાના લાભાર્થીને છેલ્લા ચાર મહિનાથી ધરમધક્કા ખાવાનો વારો

### અધિકારીઓ બહાના કાઢીને છેલ્લો હપ્તો આપવામાં ખોટા વાયદા કરી રહ્યા છે

દાહોદ, તા.૧૭

સિંગવડ તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના વિભાગના અધિકારીઓના અણઘડ વહીવટ અને બેધારી નીતિના કારણે લાભાર્થીને ચાર ચાર મહિનાથી ધરમ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. મળતી માહિતી મુજબ સિંગવડ તાલુકાના આરોડા ગ્રામ પંચાયતમાં રહેતા બારીયા રાજુભાઈ નરવતભાઈ ને વર્ષ ૨૦૨૪ ૨૫ દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ મંજૂર થયું હતું. જેમાં સરકારના ધારા ધોરણ મુજબ તબક્કા વાર મકાન બાંધવાની કામગીરી હાથ ધરતા સરકાર દ્વારા સહાયની રૂપમાં મળતી રકમમાં પહેલો ૩૦૦૦૦ રૂપિયા અને બીજો હપ્તો ૮૦,૦૦૦ નો પ્રધાનમંત્રી આવાસ યોજના ના વિભાગ સિંગવડ દ્વારા ચૂકવણી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વિભાગના જે તે અધિકારી દ્વારા જીઓ ટેક કરી ડેટા બુક ભરીને જમા કરાવ્યા ને ચાર માસ વીતી ગયા હોવા છતાં ચાર ચાર માસથી લાભાર્થીને અધિકારીઓ દ્વારા બહાના કાઢીને છેલ્લો હપ્તો આપવામાં ખોટા વાયદા કરી રહ્યા છે . અને સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મળતી સહાયમાં વધારો કરીને ૫૦,૦૦૦ રૂપિયા નો વધારે આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં વર્ષ ૨૦૨૪-૨૫ ના લાભાર્થીઓને પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેને લઈને અગાઉ જીઓટેક થઈ ગયેલ હોય તે જીઓ ટેક પ્રોસેસ કેન્સલ કરી સરકારશ્રીના આદેશ અનુસાર આવાસ યોજનાના અધિકારીઓ દ્વારા ફરીથી પ્રોસેસ કરવાની રહેતી હોય છે. અને ત્યારબાદ જ લાભાર્થીને વધારાની રકમ ફાળવી શકાય છે. ત્યારે સિંગવડ તાલુકા પંચાયતના પ્રધાનમંત્રી આવાસ યોજનાના અધિકારીઓ દ્વારા પોતાની કામગીરી પૂર્ણ ન કરી ફરીથી જીઓ ટેક કરવાનું બહાનું બતાવી પોતાની જવાબદારીઓને નેવે મૂકી વારે ઘડીએ લાભાર્થીને ધરમ ધક્કા ખવડાવી સરકારના લાભથી વંચિત રાખવાના પ્રયત્નો કરાઈ રહ્યા હોય તેમ જણાઈ આવેલ છે. જવાબદાર અધિકારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે ફરીથી પ્રક્રિયા કરી લાભાર્થી ના હિતમાં સરકાર શ્રી દ્વારા ફાળવવામાં આવેલ સહાયના પુરતા નાણાં ચૂકવવામાં આવે તે માટે લાભાર્થી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના ના વિભાગીય અધિકારીને વારંવાર રજૂઆત કરવા છતાં આંખ આડા કાન કરી દેતા હવે તાલુકા વિકાસ અધિકારી સિંગવડને લેખિત રજૂઆત કરવામાં આવતા સરકાર શ્રીના પારદર્શક વહીવટ સામે અનેક પ્રશ્નો ઉદ્ભવી રહ્યા છે.

### દરેક વોર્ડના સભ્યોની હાજરીમાં

## ફતેપુરા પંચાયતમાં મનોજ કલાલ ડે.સરપંચ તરીકે બિનહરીફ ચૂંટાયા

### ફૂલહાર પહેરાવી મોઢું મીઠું કરાવી વધામણા



ફતેપુરા, તા.૧૭

ફતેપુરા ગ્રામ પંચાયતની યોજાયેલી ચૂંટણીમાં ફતેપુરા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે પ્રવીણભાઈ શંકરભાઈ પંચાલ વિજેતા થયા હતા ૧૭ જુલાઈ ને ગુરુવારે ૧૧ કલાકે ફતેપુરા ગ્રામ પંચાયત કચેરી ખાતે તાલુકા પંચાયત ના વિસ્તરણ અધિકારી વાય બી ડામોરની અધ્યક્ષતામાં અને ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી રાકેશભાઈ ચરપોટ તથા સરપંચ પ્રવીણભાઈ પંચાલ તેમ જ દરેક વોર્ડના સભ્યોની હાજરીમાં ફતેપુરા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચના પદ માટેની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં મનોજભાઈ નરેશભાઈ કલાલ ફતેપુરા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ તરીકે બિનહરીફ ચૂંટાય આવ્યા હતા. જેને લઈ ગ્રામ પંચાયતના સરપંચ અને તમામ સભ્ય સહિત ગ્રામજનોએ બિનહરીબ ચૂંટાયેલા ડેપ્યુટી સરપંચ મનોજભાઈ કલાલને ફૂલહાર પહેરાવી મોઢું મીઠું કરાવી વધાવી લીધા હતા ઉલ્લેખનીય છે કે મનોજભાઈ કલાલ અગાઉ પણ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ તરીકે પદ ભાર સંભાળી ચૂક્યા છે ત્યારે ફરીના પાંચ વર્ષ માટે પણ તેમના પર વિશ્વાસ મૂકવામાં આવ્યો છે.

### ટીમ છોટાઉદેપુરને ઉત્કૃષ્ટ કામગીરી માટે ‘ઈ-કોપ એવોર્ડ’ એનાયત કરવામાં આવ્યો



બોડેલી : છોટાઉદેપુર જિલ્લામાં મે અને જૂન માસ ૨૦૨૫ માં ડિટેક્શન ની સારી કામગીરી માટે ટીમ છોટાઉદેપુરને ગુજરાત રાજ્યના રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય IPS Ikhk e Cop of the Month no એવોર્ડ આપવામાં આવ્યો. પોકેટકોપની વાહન સર્ચ એપ્લીકેશનનો ઉપયોગ કરી ગુજરાત રાજ્યના અલગ અલગ જિલ્લાઓના ૧૭ તથા મધ્યપ્રદેશ રાજ્યના ૦૨ વાહનચોરીના ગુનાઓ મળી કુલ ૧૯ વણ શોધાયેલ ગુના શોધી કાઢી ૧૩ આરોપીઓની ધરપકડ કરી ૧૧ મોટર સાયકલના રૂપિયા ૯,૫૮,૦૦૦/- નો મુદ્દામાલ રિકવર કરેલ. આધુનિક તકનીકના ઉપયોગથી ગુના શોધવાની ઉત્કૃષ્ટ કામગીરી માટે ‘ઈ-કોપ એવોર્ડ’ એનાયત કરવામાં આવે છે. છોટાઉદેપુર જિલ્લમાં મે અને જૂન માસ ૨૦૨૫ માં ડિટેક્શન ની સારી કામગીરી માટે ટીમ છોટાઉદેપુરને રાજ્યના રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયૅ જી દ્વારી Cop of the Month no એવોર્ડ આપવામાં આવ્યો હતો.

### બસની બારીના કાચ તોડી નાખ્યા હતા

## ગોધરામાં સરકારી એસટી બસ પર હુમલો કરનાર શખ્સ ઝડપાયો

### ચાલકને અપશબ્દો બોલી ગુનો કર્યો હતો

ગોધરા, તા.૧૭

ગોધરા વડોદરા હાઈવે રોડ ઉપર આજ રોજ સવારના સમયગાળામાં લીલેસરા જીઈબી પાસે ગોધરા થી નાસિક જઈ રહેલી સરકારી એસટી બસ ઉપર નજીવી બાબતે એક ઈસમે લાકડાથી હુમલો કર્યો હતો અને બસની બારીના કાચ તોડી નાખ્યા હતા.જે મામલે સરકારી એસટી બસના ચાલક તેમજ કંડકટર દ્વારા ગોધરા શહેર બી ડિવિજન પોલીસ મથકે તે ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.જે મામલે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં જ હુમલો કરનાર આરોપીને શોધી કાઢી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં આજ રોજ ગોધરા વડોદરા હાઈવે રોડ ઉપર લીલેસરા જીઈબી પાસે જાહેર રોડ ઉપર બંધ મારુતિ વાનને એક મોટરસાયકલ ચાલક દ્વારા પગ વડે ધક્કો મારી લઈ જતા હતા. તે દરમિયાન રોડ ઉપરથી પસાર થતી બસના ચાલકે પોતાની સરકારી એસટી બસ થોભાવી હતી. અને બસને માર્ગ આપવા માટે મોટરસાયકલ ચાલક ને જણાવ્યું હતું.ત્યારે મોટરસાયકલ ચાલક ધ્વારા ધક્કો મારી લઈ જઈ રહેલ મારુતિ વાન પણ થોભાવી હતી. જેના કારણે મોટરસાયકલ ચાલક એ સમયે પોતાની મોટરસાયકલ પરથી ઉતરી એસટી બસના ડ્રાઈવર સાથે ઉશ્કેરાઈ જઈ બીભત્સ શબ્દો બોલી અને નજીકમાં પડેલ લાકડાનું પાટિયું લઈ એસટી બસના ડ્રાઈવરના સાઈડના કાચ પર મારી કાચ તોડી નાખી અપશબ્દો બોલી ગુનો કર્યો હતો.જે સંદર્ભે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

### દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના

# ચુંદડી ગામ નજીક પુલ જર્જરિત : તાત્કાલિક અસરથી બંધ કરાવવા વહીવટી તંત્ર દ્વારા તાકીદ

### સિંગવડ તાલુકાના મોટાભાગના પુલની તપાસ હાથ ધરવામાં આવી



સીંગવડ, તા.૧૭

સીંગવડ તાલુકાના ચૂંદડી ગામ ખાતે કબૂતરી ડેમ આવેલ છે. આ ચૂંદડી રોડ થી ચુંદડી, વાલાગોટા, મોરવા ,સંતરામપુર, ગોધરા શહેરા અને અમદાવાદ જવા આવવા માટે મોટે ભાગે પીપલોદ નજીક નો ટોલ બચાવવા ના હિસાબે તેમજ નવીન રસ્તો હોવાના કારણે ચુંદડી થઈ ને વાહન ચાલકો જતા હોય છે રાજ્ય માં દરેક જગ્યા એ જૂનો પુલો ની ખરાઈ કરી જર્જરિત પૂલ બંધ કરી દેવામાં આવ્યા છે ત્યારે સીંગવડ અને મોરવ ને જોડતો એક માત્ર રસ્તો સિંગવડ તાલુકા ના ચૂંદડી ગામ ખાતે થતો અને કબૂતરી જળાશય યોજના ના ડાબા કાંઠા મુખ્ય નહેર ની સાંકળ ૧૧૦ : ૦૦ મીટર ઉપર વર્ષો જૂનો પૂલ નું બાંધકામ કરવામાં આવેલ અને જેની ઉપર માર્ગ અને મકાન વિભાગ નો ડામર રોડ પસાર થાય છે. જે જુના પૂલ નું મામલતદાર સિંગવડ, તાલુકા વિકાસ અધિકારી સિંગવડ તેમજ નાયબ કાર્યપાલક ઈજનેર તેમજ પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ લીમખેડા ના નાયબ કાર્યપાલક ઈજનેર સાથે સંયુક્ત રૂબરૂ સ્થળ ચકાસણી બાંધકામ નું નિરીક્ષણ કરતા આ બાંધકામ ના બોટમ સ્લેબ માંથી ખવાણ જોવા મળતા સાવચેતી ના ભાગરૂપે આ રસ્તો તાત્કાલિક અસર થી બંધ કરવા માટે જાહેરનામું બહાર પાડવામાં આવતા વહીવટી તંત્ર સિંગવડ એ રસ્તો બંધ કરવાની ફરજ પડી છે

### કાલોલ કસબા વિસ્તારમાં આરોગ્ય વિભાગની પાંચ ટીમો દ્વારા સર્વે

કાલોલ, તા.૧૭

કાલોલ કસ્બા વિસ્તારમાં કમળા ની અસર જોવા મળ્યા બાદ કાલોલ તાલુકાના આરોગ્ય વિભાગ ની પાંચ ટીમો દ્વારા કસ્બા વિસ્તારમાં ૩૦૧ જેટલા ઘરો ની મુલાકાત લઈ સર્વે કર્યો પીવાના પાણીમાં ક્લોરિન ટેબ્લેટ નાખી ક્લોરિનયુક્ત પાણી કરાયુ, લોકોને ઉકાળેલું પાણી પીવાની સલાહ આપી. પીવાના પાણી સીવાય ના પાણી મા એન્ટી લાર્વલ નાખવામાં આવ્યું જેથી મચ્છર ની ઉત્પતિ ઘટે, નાના બાળકો ને ઓઆરએસ ના પેકેટ આપ્યા, નળમાંથી પાણીના સેમ્પલ લેવાયા તેમજ ચીફ ઓફિસર ને ક્લોરીનેશન કરાવવા માટે સૂચના આપી.કાલોલ શહેરમાં ચોમાસા ની સીઝન માં રોગચાળાએ માથું ઊંચકતા ખાનગી તેમજ સરકારી દવાખાનાઓમાં દર્દીઓમાં વધારો થયો છે. છેલ્લા બેથી ત્રણ દિવસમાં વોર્ડ નંબર ૯ માં સાતથી આઠ જેટલા નાના બાળકોમાં કમળાના કેસોમાં વધારો નોંધાતા જીલ્લા આરોગ્ય વિભાગ અને કાલોલ અર્બન હેલ્થ સેન્ટરના આરોગ્ય વિભાગ સતર્ક બની હતી

## ગાંધીનગર, અમદાવાદ અને સુરત શહેરને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે પુરસ્કાર એનાયત કરાયો

# સ્વચ્છ સુપર લીગમાં ગુજરાતનો દબદબો : ત્રણ શહેરોએ એવોર્ડ મેળવ્યો



## દિલ્હીમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને મેયરે એવોર્ડ સ્વીકાર્યા

ગાંધીનગર, તા. ૧૭

દિલ્હી ખાતે આજે યોજાયેલા સ્વચ્છ સુપર લીગ (સ્વચ્છ સર્વેક્ષણ) પુરસ્કારમાં ગુજરાતનો ડંકો વાગ્યો છે. જેમાં ગુજરાતના ત્રણ શહેરો ગાંધીનગર, અમદાવાદ અને સુરતને રાષ્ટ્રપતિના હસ્તે પુરસ્કાર એનાયત કરાયા છે. તેમાં મોટા સ્વચ્છ શહેરોમાં અમદાવાદ દેશમાં પ્રથમ ક્રમે છે. જેમાં દેશમાં સ્વચ્છતામાં ઈન્દોરે પ્રથમ ક્રમ જાળવી રાખ્યો છે. તેમજ ૧૦ લાખથી વધુ વસ્તીની શ્રેણીમાં અમદાવાદ પ્રથમ છે. તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં સુરતને એવોર્ડ એનાયત થયો છે. દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે એવોર્ડ એનાયત થયો છે. જેમાં ગાંધીનગર, અમદાવાદ અને સુરત માટે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ તેમજ ગાંધીનગરના મેયર મીરા પટેલ, અમદાવાદના મેયર પ્રતિમા જૈન અને સુરતના મેયર તથા અધિકારીઓએ આ એવોર્ડ સ્વીકાર્યા હતા. કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ એવોર્ડની આજે નવી દિલ્હી ખાતે જાહેરાત કરવામાં આવી હતી. આજે નવી દિલ્હીમાં ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આયોજિત એક સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કારો એનાયત કર્યા હતા. જેમાં ૧૦ લાખથી ઉપરની વસ્તી ધરાવતાં સૌથી સ્વચ્છ શહેરોમાં ગુજરાતના અમદાવાદે બાજી મારી છે. વર્ષ ૨૦૧૫માં અમદાવાદનો નંબર ૧૫મો હતો, જ્યારે આ વર્ષે અમદાવાદ પ્રથમ સ્થાન પર આવ્યું છે. જે અંગે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, મેયર પ્રતિમા જૈન અને મ્યુ. કમિશનર બંછાનિધિ પાની એ એવોર્ડ સ્વીકાર્યો હતો. તો દેશમાં સ્વચ્છતામાં પ્રથમ નંબર ઈન્દોરનો અને બીજો નંબર સુરતનો આવ્યો છે. સ્વચ્છતામાં સુરતને બીજો નંબર મળતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને મેયર સહિતના પદાધિકારીઓ દ્વારા રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ મેળવ્યો હતો. આજે દિલ્હી ખાતે રાષ્ટ્રપતિભવન ખાતે યોજાયેલા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ના એવોર્ડ સમારંભનું લાઈવ પ્રસારણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના સત્તાધીશો-પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા નિહાળવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરને સૌપ્રથમ નંબર આવતા મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસ ખાતે આ લાઈવ કાર્યક્રમ જોવા ભાજપના કોર્પોરેટરો-નેતાઓ હાજર રહ્યા હતા. સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪માં ગુજરાતના ત્રણ શહેરને એવોર્ડ મળ્યો છે. જેમાં અમદાવાદ, સુરત અને ગાંધીનગરનો સમાવેશ થાય છે. તો આ વર્ષના સ્વચ્છતા સર્વેક્ષણમાં રાજકોટનો રેંક સુધર્યો છે. રાજકોટ ૨૯માં ક્રમેથી ૧૯માં ક્રમ ઉપર આવ્યું છે. ગારબેજ કલેક્શન અને સફાઈની બાબતમાં ધ્યાન આપવાથી રેંકમાં સુધારો આવ્યો છે. જો લોકો વધુ સહકાર આપે તો આગામી વર્ષે ૧થી ૧૦માં રેંક લાવવા માટે રાજકોટ મ્યુ. કમિશનર દ્વારા તૈયારી બતાવવામાં આવી છે. આ વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણમાં ગુજરાતના ત્રણ મહાનગરોનો સમાવેશ થતા દેશમાં ગુજરાતનો ડંકો વાગ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫ એ વિશ્વના સૌથી મોટા શહેરી સ્વચ્છતા સર્વેક્ષણનું ૯મું સંસ્કરણ છે. આ વર્ષે પ્રતિષ્ઠિત પુરસ્કારો ૪ શ્રેણીમાં રજૂ કરવામાં આવ્યા છે, જેમાં સુપર સ્વચ્છ લીગ શહેરો, વસતી શ્રેણીઓમાં ૫ ટોચનાં શહેરો, જેમાંથી ૩ સ્વચ્છ શહેરની ૫ સંદગી, વિશેષ શ્રેણી : ગંગા શહેર, કેન્ટોનમેન્ટ બોર્ડ, સફાઈ મિત્ર સુરક્ષા, મહાકુંભ અને રાજ્યસ્તરનો પુરસ્કાર -રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશનું વચન આપતું સ્વચ્છ શહેરનો સમાવેશ કરાયો છે.

**આ ઉપરાંત આ વર્ષે પ્રથમ વખત વસતિના આધારે શહેરોને પાંચ કેટેગરીમાં વર્ગીકૃત કરાયા છે. જેમાં (૧) ખૂબ નાનાં શહેરોઃ ક ૨૦,૦૦૦ વસતિ, (૨) નાનાં શહેરોઃ ૨૦,૦૦૦ થી ૫૦,૦૦૦ની વસતિ,**

(૩) મધ્યમ શહેરો : ૫૦,૦૦૦ થી ૩ લાખની વસતિ, (૪) મોટાં શહેરો : ૩ લાખથી ૧૦ લાખ (૧ મિલિયન)ની વસતિ અને (૫) મિલિયન+ શહેરોઃ ૧ મિલિયનથી વધુ વસતિ વાળા શહેર.

**ગુજરાતના શહેરોનું માર્કિંગ**

(૧) સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્યએ કુલ ૧૨,૫૦૦ માર્કસમાંથી સરેરાશ ૮,૧૭૮ માર્ક્સ મેળવ્યા

(૨) સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં ગુજરાતે નીચે મુજબના એવોર્ડ પ્રાપ્ત થયા છે.

- સુપર સ્વચ્છ લીગ શહેરો અંતર્ગત ૧૦ લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોની શ્રેણીમાં સુરત મહાપાલિકાને એવોર્ડ મળ્યો છે.

-સુપર સ્વચ્છ લીગ શહેરો અંતર્ગત ૩થી ૧૦ લાખની વસતિ ધરાવતા શહેરોની શ્રેણીમાં ગાંધીનગર મહાપાલિકાને એવોર્ડ મળ્યો છે.

-૧૦ લાખથી વધારે વસતિ ધરાવતા સ્વચ્છ શહેરોની શ્રેણીમાં અમદાવાદ મહાપાલિકાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે.

- પ્રોમિસિંગ સ્વચ્છ શહેર એવોર્ડની શ્રેણીમાં વડોદરા મહાપાલિકાને એવોર્ડ પ્રાપ્ત થયો છે.

આ ઉપરાંત સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં ગાર્બેજ ફ્રી સિટી (જીએફસી) સર્ટિફિકેશનમાં સુરત અને અમદાવાદને ૭ સ્ટાર, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, ભાવનગર અને વાપી મહાપાલિકાને ૩ સ્ટાર મળેલ છે. તો ૧૯ મહાપાલિકા/ નગરપાલિકાને ૧ સ્ટાર મળેલ છે. આમ કુલ ૧૯૨ મહાપાલિકા/નગરપાલિકાઓ પૈકી ૨૯ મહાપાલિકા/નગરપાલિકાઓને ગાર્બેજ ફ્રી સિટી (જીએફસી) સર્ટિફિકેશન મળેલ છે.

આ ઉપરાંત સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫ માં ઓપન ડેફિકેશન ફ્રી (ઓડીએફ) સર્ટિફિકેશનમાં ગુજરાતની ૪૫ મહાપાલિકા/નગરપાલિકાઓને વોટર (પાની)+, ૯૫ મહાપાલિકા/નગરપાલિકાને ઓડીએફ++, નવ નગરપાલિકાને ઓડીએફ+ અને ૧૩ મહાપાલિકા/નગરપાલિકાને ઓડીએફ મળેલ છે.

આમ ગુજરાતની ૧૯૨ મહાપાલિકા/નગરપાલિકાઓ પૈકીની તમામ ૧૯૨ મહાપાલિકા/નગરપાલિકાઓને ઓપન ડેફિકેશન ફ્રી (ઓડીએફ) સર્ટિફિકેશન મળેલ છે.

**અમદાવાદને સ્વચ્છ રાખવા જાહેરમાં થૂંકનાર પાસેથી સ્થળ પર દંડ વસૂલાયો**

અમદાવાદ શહેરને સ્વચ્છ રાખવા માટે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા વિવિધ નિયમો પણ અમલી કરાયા હતા. જેના અંતર્ગત અમદાવાદમાં જાહેરમાં થૂંકનારા વ્યક્તિઓ પાસેથી એએમસીના તંત્ર દ્વારા સ્થળ પર જ દંડ વસૂલાતો હતો,

## આપ ગુજરાતના નવા મુખ્ય પ્રવક્તા તરીકે ડૉ. કરન બારોટની નિમણૂક કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

વિસાવદરની પેટા ચૂંટણી બાદ આમ આદમી પાર્ટી-'આઆપ' સમગ્ર ગુજરાતમાં ઝડપથી આગળ વધી રહી છે. 'આઆપ' આવનારી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એવી મહાપાલિકાઓની અને વિધાનસભા ચૂંટણીને લઈને સતત પોતાની રણનીતિઓ બનાવી રહી છે. આ રણનીતિના ભાગરૂપે આજે 'આઆપ' દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. જેમાં 'આઆપ'ના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા દ્વારા 'આઆપ' ગુજરાતના પ્રદેશ મુખ્ય પ્રવક્તા તરીકે ડૉ. કરન બારોટની નિમણૂક કરી છે. પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટ ઘણા વર્ષોથી 'આપ'માં સક્રિય ભૂમિકા નિભાવી રહ્યા છે અને ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં પણ પાર્ટી માટે મહત્વપૂર્ણ યોગદાન આપી ચૂક્યા છે. હાલ 'આપ' આ જ રીતે વધુને વધુ યુવાઓને મહત્વપૂર્ણ પદો પર જવાબદારી સોંપીને આમ આદમી પાર્ટીના સંગઠનને મજબૂત કરવામાં લાગી ગઈ છે. તાજેતરમાં 'આપ'ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને ગુજરાતના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ગુજરાતના યુવાઓને પક્ષમાં જોડાવવા આહવાન કર્યું હતું.

# રેડ દરમિયાન એસએમસીના પીએસઆઈની તબિયત લથડતાં મોત



## પીએસઆઇના નિધનથી પરિવાર તેમજ પોલીસબેડાના સાથીઓ આઘાતમાં સરી પડ્યાં

અમદાવાદ, તા. ૧૭

સ્ટેટ મોનિટરિંગ સેલમાં ફરજ બજાવતા ૩૮ વર્ષીય પીએસઆઈ સચિન શર્માનું નિધન થયું. ભાવનગર ખાતે પ્રોહિબિશનની રનિંગ રેડ દરમિયાન પીએસઆઈ સચિન શર્માની અચાનક તબિયત લથડી હતી. પીએસઆઈ શર્માએ ભાવનગર શહેરની ખાનગી હૉસ્પિટલના બિછાને સારવાર દરમિયાન શ્વાસ છોડી દીધાં હતાં. પીએસઆઈ એ સ .આર. શર્માના નિધનથી પરિવાર તેમજ તેમની ૨૦૧૯ની બેચના સાથી મિત્રો આઘાતમાં સરી ગયા.સ્ટેટ મોનીટરીંગ સેલમા ત્રણેક વર્ષથી ફરજ બજાવતા પીએસઆઈ સચિન આર. શર્મા ખાનગી કારમાં દારૂ ભરેલી ગાડીનો પીછો કરી રહ્યાં હતાં. ભાવનગર જિલ્લામાં આવી રહેલી દારૂ ભરેલી ગાડીના ચાલકે કુંભારવાડા પાટીયા પાસેથી યુ ટર્ન મારતા પીએસઆઈએ પણ તેનો પીછો ચાલુ રાખ્યો હતો.

માળીયા ગામનો ઓવરબ્રિજ ચઢવાના બદલે ચાલકે નીચેના રસ્તેથી દારૂ ભરેલી ગાડી લઈ જવાનો પ્રયાસ કરતા રસ્તામાં બેસેલી ગાયોના કારણે રોકાઈ જવું પડ્યું હતું. સનેસ પોલીસ સ્ટેશન/વેળાવદર ભાલ પોલીસ સ્ટેશનની હદમાં દારૂ ભરેલી ગાડી બીનવારસી મુકીને ડ્રાઈવર સહિતના બે આરોપીઓએ ભાગવાનો પ્રયાસ કરતા પીએસઆઈ એસ આર શર્મા અને તેમના સાથી કોન્સ્ટેબલ જયદીપસિંહ ઝાલાએ એક આરોપીને દોડીને પકડી લીધો હતો. આ દરમિયાન અચાનક જ પીએસઆઈની તબિયત લથડી હતી. સ્ટેટ મોનીટરીંગ સેલની બીજી ટીમ આવતા પીએસઆઈ શર્મા માઢીયા ગામે એક સ્થાનિક ડોક્ટર પાસે પહોંચ્યા હતા. બ્લડપ્રેશર લો હોવાનું જાણતા અને અચાનક ઉલટી થતાં ખાનગી કારમાં કોન્સ્ટેબલને લઈને ભાવનગર શહેરની ખાનગી હૉસ્પિટલમાં પહોંચ્યા હતાં. જ્યાં સારવાર દરમિયાન કાર્ડિયાક એરેસ્ટ આવતાં તેમને આઈસીયુમાં ખસેડાયા હતા તેમજ અન્ય ખાનગી હોસ્પિટલમાંથી નિષ્ણાત તબીબને સારવાર અર્થે બોલાવવામાં આવ્યાં હતાં. જો કે, સવારે સાતેક વાગ્યાના સુમારે હોસ્પિટલના બિછાને સચિન શર્માએ શ્વાસ છોડી દીધાં હતાં.

**સુપર સ્વચ્છ લીગમાં દસ લાખથી વધુ વસતી ધરાવતાં શહેરોની શ્રેણીમાં સુરતનું શ્રેષ્ઠ પ્રદર્શન : ગાર્બેજ ફ્રી સિટી સર્ટિફિકેશનમાં સુરત મનપાને ૭ સ્ટાર**

# સ્વચ્છતામાં દેશમાં સુરત મોખરે રહેતાં કમિશનર અને શાસકોએ જશ્ન મનાવ્યો

**વાય જંક્શન ખાતે સેલિબ્રેશન સાથે સ્વચ્છતામાં સુરતને મોખરે લઇ જનાર સફાઇ કર્મીઓનું સન્માન કરાયું**





**સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪માં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં સુરત શહેર સમગ્ર ભારતમાં નંબર વન**











સુરત, તા. ૧૭

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪માં ભારતના સૌથી સ્વચ્છ શહેર સુરતે 'સુપર સ્વચ્છ લીગ'માં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરવા બદલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુનાં હસ્તે રાજ્યનાં આરોગ્ય મંત્રી તેમજ મેયર અને મ્યુનિસિપલ કમિશનરે એવોર્ડ સ્વીકાર્યો હતો. સુપર સ્વચ્છ લીગમાં દસ લાખથી વધુ વસતીવાળા શહેરોની શ્રેણીમાં સુરતે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં નંબર વનનું સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. નવી દિલ્હી સ્થિત વિજ્ઞાન ભવન ખાતે નવી દિલ્હીમાં ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આયોજિત સમારોહમાં સુરત મહાનગરપાલિકાના ઉત્તમ સ્વચ્છતા કાર્ય માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ રાજ્યનાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, મેયર દક્ષેશ મવાણી અને મ્યુ.કમિશનર શાલિની અગ્રવાલને એવોર્ડ, પ્રમાણપત્ર અને શિલ્ડ આપી સન્માનિત કર્યા હતાં. મોડીસાંજે મેયર, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ અને કમિશનર દિલ્હીથી સુરત આવી પહોંચતાં વાય જંક્શન ખાતે સેલિબ્રેશન કરવા સાથે સફાઇ કામદારોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સુરતની સિદ્ધિ બદલ સુરત શહેર ભાજપ અધ્યક્ષની ઉપસ્થિતિમાં સફાઇ કામદારોનું આજે બપોરે સન્માન કરવા ઉપરાંત મીઠાઇ ખવડાવીને તેમજ ફટાકડા ફોડીને ઉજવણી પણ કરવામાં આવી હતી. સ્વચ્છતાં સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં ગાર્બેજ ફ્રી સિટી સર્ટીફિકેશનમાં સુરત મહાનગરપાલિકાને ૭ સ્ટાર મળ્યાં છે. સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ દિશાનિર્દેશો મુજબ અન્ય શહેરોને પ્રેરણા આપવા માટે 'સુપર સ્વચ્છ લીગ' નામની નવી શ્રેણીની શરૂઆત કરવામાં આવી છે, જે પરંપરાગત રેન્કિંગ કરતાં વધુ મહત્વ ધરાવે છે. સુપર સ્વચ્છ લીગમાં એવા શહેરોને સામેલ કરવામાં આવ્યા છે, જેઓએ છેલ્લા ત્રણ સર્વેક્ષણમાંથી ઓછામાં ઓછા બે વખત ટોચનાં ત્રણમાં સ્થાન મેળવ્યું હોય. સુપર સ્વચ્છ લીગમાં દેશભરના કુલ ૧૨ શહેરોને વસતી આધારિત પાંચ વર્ગોમાં વહેંચી પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં ૧૦ લાખથી વધુ વસતી ધરાવતા શહેરોની 'સુપર સ્વચ્છ લીગ'માં ઈન્દોર, સુરત, નવી મુંબઈ અને વિજયવાડાનો સમાવેશ કરીને આજે સન્માનિત કરવામાં આવ્યા હતાં.

નોંધનીય છે કે, સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૩માં સુરત શહેરે ઈન્દોર સાથે સંયુક્ત રીતે દેશના સૌથી સ્વસ્થ શહેર તરીકે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨નાં સ્વચ્છ સર્વેક્ષણમાં સુરતે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

મેયર, સ્થાયી સમિતિ અધ્યક્ષ તેમજ મ્યુ. કમિશનરે સુરતની આ સિદ્ધિમાં શહેરીજનો, સફાઈકર્મીઓ, મનપાકર્મીઓનું યોગદાન હોવાનું જણાવી સુરતને સ્વચ્છ શહેર બનાવવામાં સૌના સહિયારા પ્રયાસ બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.

### સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી તસવીર




સુપર સ્વચ્છ લીગમાં સુરત શહેર ભલે મોખરે રહ્યું હોય પરંતુ કમિશનર અને શાસકોએ ફુટપાથોને રેનબસેરા બનતી અટકાવવા સહિતનાં હજુ ઘણાં કામ કરવાનાં બાકી છે.

**સ્વચ્છતા અભિયાનમાં નવસારીએ રાષ્ટ્રીય સ્તરે ૪૧મો ક્રમાંક મેળવ્યો**

## નવનિર્મિત મહાનગરપાલિકામાં નવસારીએ બીજું સ્થાન પ્રાપ્ત કર્યું

નવસારી, તા. ૧૭

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫ અંતર્ગત નવસારીએ સમગ્ર દેશમાં મધ્યમવર્ગના ૮૨૪ શહેરોમાં ૪૧મું સ્થાન મેળવ્યું છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે, શહેરે સ્વચ્છતાની દિશામાં અદભુત પ્રગતિ કરી છે અને સ્વચ્છતાના વધુ પ્રયાસો કરી રહી છે. નવસારી મહાનગરપાલિકાએ સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫નાં વર્ષમાં ૫૦ હજારથી ૩ લાખ સુધીની વસતીની કેટેગરીમાં ૮૨૪ શહેરોમાં ૪૧મું સ્થાન પ્રાપ્ત કર્યું છે. અગાઉ નવસારી આ સર્વેક્ષણમાં ૧૮૯માં સ્થાને હતું. ગુજરાતના કુલ ૧૬૧ શહેરોમાં નવસારી મહાનગરપાલિકાએ ૧૦મું સ્થાન પ્રાપ્ત કર્યું છે. મહાનગરપાલિકા તરીકે જાહેર થયા બાદ પ્રથમ વખત જ ૯માંથી નવસારીને બીજું સ્થાન મળ્યું છે. આ સિદ્ધિ પાછળ શહેરવાસીઓનો સહકાર, મહાનગરપાલિકાના કર્મચારીઓની નિષ્ઠાપૂર્વકની કામગીરી અને મ્યુનિસિપલ કમિશનરનું માર્ગદર્શન જવાબદાર છે. નવસારીમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કરવાનો દર ૧૦૦%, બજાર વિસ્તારો અને જાહેર શૌચાલયોની સ્વચ્છતા ૧૦૦%, કચરા પ્રક્રિયા દર ૧૦૦% અને ડમ્પસાઈટ રેમીડેશન ૧૦૦% જેવી કામગીરીના પરિણામે નવસારી આ ક્રમ મેળવવામાં સફળ રહ્યું છે. આ સિદ્ધિ માત્ર રેન્કિંગ માટે નથી પણ નવસારીના નાગરિકોની જીવનશૈલીમાં ઉત્કૃષ્ટ સ્વચ્છતા અને આરોગ્યલક્ષી જીવન તરફના પ્રયાસોને દર્શાવે છે.

# MOVIE Time!

## ઓડિશામાં એક વિદ્યાર્થિનીના આત્મદાહને કારણે સમાજ અને કાયદા પર સવાલ શું કરવા?

ઓડિશામાં પોતાના વિભાગના વડા દ્વારા કથિત જાતીય સતામણીથી કંટાળીને આત્મહત્યા કરનાર ૨૨ વર્ષીય બી.એડ. વિદ્યાર્થીનું મોત નીપજ્યું છે. મહિલા રાજધાની ભુવનેશ્વરમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં સારવાર હેઠળ હતી. ડોક્ટરોનું કહેવું છે કે જો દર્દી ૯૦ ટકા સુધી બળી ગયો હોય અને આ વિદ્યાર્થી ૯૫ ટકા સુધી બળી ગયો હોય તો દર્દીને બચાવવો મુશ્કેલ છે. આ ઘટના પહેલા, પડોશી પશ્ચિમ બંગાળની એક કાયદા કોલેજમાં એક વિદ્યાર્થિની પર બળાત્કાર અને પ્રતિષ્ઠિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ કોલકાતાના છોકરાઓના છાત્રાલયમાં એક મહિલા પર બળાત્કારની ઘટનાઓએ શૈક્ષણિક કેમ્પસમાં મહિલાઓની સુરક્ષાનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. હવે ઓડિશામાં બનેલી ઘટનાએ આ મુદ્દા પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

રસપ્રદ વાત એ છે કે આ બંને રાજ્યોમાં વિરોધી રાજકીય પક્ષો સત્તામાં છે. બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ સત્તામાં છે, તો ઓડિશામાં ભાજપ સત્તામાં છે. પરંતુ આ ઘટનાઓ પરથી સ્પષ્ટ થાય છે કે સત્તામાં કોણ છે, મહિલાઓની સુરક્ષાની વાત આવે ત્યારે તેમની વચ્ચે કોઈ ખાસ ફરક નથી. અગાઉ, તાજેતરમાં ઓડિશામાં બળાત્કારની બે ઘટનાઓ બની છે. તેમાંથી એક ઘટના રાજ્યના એક પ્રખ્યાત પર્યટન સ્થળમાં બની હતી.

તાજેતરની ઘટનાએ ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. તેમાં શૈક્ષણિક કેમ્પસમાં સુરક્ષાનો મુદ્દો પણ સામેલ છે, આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે ગુનેગારોને સમાજનો કોઈ ડર નથી કે કાયદાની કોઈ ચિંતા નથી. લગભગ ૧૧ દિવસ પહેલા, તે વિદ્યાર્થીનીએ કોલેજના પ્રિન્સિપાલને તેના વિભાગના વડા દ્વારા જાતીય સતામણી અંગે લેખિત ફરિયાદ કરી હતી. તેણીએ તેના પત્રમાં આ બાબતનો વિગતવાર ઉલ્લેખ કર્યો હતો અને આરોપોની તપાસ માટે શિસ્ત સમિતિની રચના કરવાની માંગ કરી હતી.

પત્રમાં તેણીએ ચેતવણી આપી હતી કે જો કોલેજ મેનેજમેન્ટ કોઈ પગલાં નહીં લે તો તે આત્મહત્યા કરશે અને તેના માટે મેનેજમેન્ટ જવાબદાર રહેશે. પરંતુ આ બાબતને ગંભીરતાથી લેવાને બદલે, કોલેજ મેનેજમેન્ટે તેને છુપાવવાનું શરૂ કર્યું. હતાશ અને ગુસ્સે થઈને, વિદ્યાર્થીનીએ તેના શરીર પર પેટ્રોલ છાંટીને પોતાને આગ લગાવી દીધી. આખરે, બે દિવસ સુધી હોસ્પિટલમાં જીવન અને મૃત્યુ વચ્ચે ઝઝૂમ્યા પછી, તેણીએ અગ્નિથી દમ તોડી દીધો.

આ ઘટના માત્ર રાજ્યમાં જ નહીં પરંતુ રાષ્ટ્રીય સ્તરે પણ હેડલાઈન્સમાં ચમકી રહી છે. મુખ્યમંત્રી મોહન ચરણ માઝી ઉપરાંત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ હોસ્પિટલમાં વિદ્યાર્થી અને તેના પરિવારને મળ્યા હતા. હવે, કોલેજના આચાર્ય ઉપરાંત, વિભાગના વડાની પણ ધરપકડ કરવામાં આવી છે. પરંતુ પ્રશ્ન એ ઊભો થઈ રહ્યો છે કે શું વિદ્યાર્થીની ફરિયાદ પર અગાઉ કોઈ નક્કર કાર્યવાહી ન થઈ શકી હોત? તે કિસ્સામાં, તેણીએ પોતાનો જીવ ગુમાવ્યો ન હોત. પરંતુ કાર્યવાહીના નામે, દોષિત પ્રોફેસરને ક્લીનચીટ આપવામાં આવતા વિદ્યાર્થીની માનસિક ત્રાસ વધી ગયો.

સમાજશાસ્ત્રીઓ કહે છે કે આવા કિસ્સાઓને રોકવા માટે સમાજ અને કાયદો બંનેએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવી પડશે. કાયદા દ્વારા ગુનેગારોને ઝડપી સજા આપવી જોઈએ જે એક ઉદાહરણ બની શકે. બીજી તરફ, સમાજે પણ આવા ગુનેગારોનો સામાજિક બહિષ્કાર કરવો પડશે જેથી અન્ય લોકો આવું કરતા પહેલા સો વાર વિચારે. પરંતુ આવું થતું નથી. આ જ કારણ છે કે ગુનેગારોનું મનોબળ વધતું રહે છે.

- તંત્રી

**કિયારા અડવાણી સામાન્ય રીતે વિવાદોથી દૂર રહે છે, પરંતુ કારકિર્દીમાં કેટલાક પ્રસંગોએ તેના નિવેદનોને કારણે તે ચર્ચામાં આવી છે**

## માતૃત્વમાં પ્રવેશ કિયારા અડવાણી માટે જીવન બદલી નાખનારો અનુભવ સાબિત થશે



સ્ટાર સ્ટોરિઝ
દિગ્વિજય પાઠક



બોલિવૂડ અભિનેત્રી કિયારા અડવાણી, જેમનું મૂળ નામ આલિયા અડવાણી છે, તેમણે પોતાની કારકિર્દીમાં અનેક સફળતાઓ હાંસલ કરી છે. હાલમાં જ તેઓએ એક બેબી ગર્લને જન્મ આપ્યો છે. સિદ્ધાર્થ સાથે લગ્ન બાદ ફેબ્રુઆરી મહિનામાં તેઓએ પોતાના ફેન્સ સમક્ષ આ ગુડ ન્યુઝ આપ્યા હતા. ત્યારે બાદ તેઓના ઘરે લક્ષ્મીજીનું અવતરણ થતા તેઓએ પોતાના ચાહકોને ખુશી સાથે આ સમાચાર આપ્યા છે. કિયારા અડવાણીની સફર ખુબ જ રસપ્રદ રહી છે. કિયારાએ પોતાની આગવી ઓળખ ઉભી કરવા માટે સતત પ્રયત્નો કર્યા છે.

કિયારા અડવાણીનો જન્મ ૩૧ જુલાઈ, ૧૯૯૨ના રોજ મુંબઈમાં થયો હતો. તેમના પિતા જગદીપ અડવાણી એક મોટા બિઝનેસમેન છે અને માતા જીનીવીવ જાફરી શિક્ષિકા છે. તેમણે કેથેડ્રલ એન્ડ જ્હોન કોનન સ્કૂલ, મુંબઈમાં અભ્યાસ કર્યો હતો. ફિલ્મોમાં કારકિર્દી બનાવતા પહેલા તેમનું અસલી નામ આલિયા અડવાણી હતું, પરંતુ સલમાન ખાનના કહેવા પર તેમણે પોતાનું નામ બદલીને કિયારા રાખ્યું હતું, જેથી આલિયા ભટ્ટ સાથે નામનો ભેદ રાખી શકાય. કિયારાએ ૨૦૧૪માં હિન્દી કોમેડી ફિલ્મ 'ફગલી' થી પોતાની ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી. ભલે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ ન રહી, પરંતુ તેમના અભિનયની નોંધ લેવાઈ. તેમને ૨૦૧૬માં આવેલી સ્પોર્ટ્સ બાયોપિક 'એમ.એસ. ધોની: ધ અનટોલ્ડ સ્ટોરી' માં ધોનીની પત્ની સાક્ષી ધોનીના રોલમાં ખુબ પ્રશંસા મળી, જે તેમના કરિયરનો એક મહત્વપૂર્ણ વળાંક સાબિત થઈ.

કરણ જોહરની ૨૦૧૮ની વેબ સીરીઝ 'લિસ્ટ સ્ટોરીઝ' માં તેમના અભિનયે તેમને વધુ લોકપ્રિયતા અપાવી. ૨૦૧૯માં આવેલી બ્લોકબસ્ટર ફિલ્મ 'કબીર સિંહ' માં પ્રીતિના પાત્રે તેમને જબરદસ્ત સફળતા અને ચાહકવર્ગ આપ્યો. ત્યારબાદ તેમણે 'ગુડ ન્યૂઝ', 'શેરશાહ', 'જુગ જુગ જીઓ', 'ભૂલ ભૂલૈયા ૨', 'સત્યપ્રેમ કી કથા' જેવી અનેક સુપરહિટ ફિલ્મો આપી, જેણે તેમને બોલિવૂડની અગ્રણી અભિનેત્રીઓમાં સ્થાન અપાવ્યું. તેમણે હિન્દી ફિલ્મો ઉપરાંત તેલુગુ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. ફિલ્મો ઉપરાંત, કિયારા અનેક બ્રાન્ડ્સ અને પ્રોડક્ટ્સ માટે સેલિબ્રિટી એન્ડોર્સર પણ છે.

કિયારા અડવાણીએ અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે ૭ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ જેસલમેર, રાજસ્થાનમાં લગ્ન કર્યા. 'શેરશાહ' ફિલ્મના શૂટિંગ દરમિયાન બંને વચ્ચે નિકટતા વધી હતી. હાલમાં જ કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાના ઘરે દીકરીનો જન્મ થયો છે. મે ૨૦૨૫માં, કિયારા અડવાણીએ મેટ ગાલા ૨૦૨૫માં પોતાના બેબી બમ્પ સાથે રેડ કાર્પેટ પર વોક કરીને ઈતિહાસ રચ્યો હતો. સામાન્ય રીતે, કિયારા અડવાણી બોલિવૂડની એવી અભિનેત્રીઓમાંની એક છે જે મોટાભાગે વિવાદોથી દૂર રહે છે. તેમના વિશે કોઈ મોટા કે ગંભીર વિવાદો નોંધાયા નથી. જોકે, કેટલાક નાના પ્રસંગો ચર્ચામાં રહ્યા છે.

૨૦૨૫માં, ફિલ્મ નિર્માતા રામ ગોપાલ વર્માએ કિયારા અડવાણી વિશે એક વિવાદાસ્પદ પોસ્ટ કરી હતી, જેને પાછળથી તેમણે ડિલિટ કરી દીધી હતી. જોકે, આ વિવાદની વિગતો સ્પષ્ટ નથી. એક મેગેઝીનના કવર શૂટ દરમિયાન વરુણ ધવને કિયારા અડવાણીને કિસ કરી હતી, જેના ફોટા ખૂબ વાયરલ થયા હતા. જોકે, વરુણ ધવને સ્પષ્ટતા કરી હતી કે આ સંપૂર્ણપણે પ્લાન્ડ ડિજિટલ કવર માટે હતું. થોડા સમય પહેલા કિયારા અડવાણીએ સોશિયલ મીડિયા પર પોતાનું ગોલ્ડન ટૂથબ્રશ ફ્લોન્ટ કર્યું હતું, જેના કારણે તેમને ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. ટેનિસ શબ્દ સાથે કિયારા અડવાણીનો સીધો કોઈ મોટો વિવાદ જોવા મળતો નથી. જોકે, તેમના પતિ સિદ્ધાર્થ મલ્હોત્રાએ વિમ્બલડન દરમિયાન પોતાના ટેનિસ હીરો વિશે વાત કરી હતી, જેમાં આન્દ્રે અગાસી અને રોજર ફેડરરનો ઉલ્લેખ હતો. આ કિયારા સાથે સીધો સંબંધિત વિવાદ નથી.કિયારા અડવાણી પોતાની અભિનય ક્ષમતા, સુંદરતા અને ફેશન સેન્સ માટે જાણીતી છે અને બોલિવૂડમાં સફળતાપૂર્વક પોતાની ઓળખ બનાવી છે.

કિયારા અડવાણી સામાન્ય રીતે વિવાદોથી દૂર રહે છે, પરંતુ તેમની કારકિર્દીમાં કેટલાક પ્રસંગોએ તેમના નિવેદનો કે કાર્યોને કારણે તેઓ ચર્ચામાં રહ્યા છે. ૨૦૨૫માં, કિયારાનો એક જૂનો વીડિયો ફરીથી વાયરલ થયો હતો, જેમાં તે પોતાને "કોઈ નહીં" ગણાવતી હતી અને ફિલ્મ નિર્માતા કરણ જોહરનો આભાર માનતી હતી કે તેમણે તેમના પ્રારંભિક દિવસોમાં તેમના પર વિશ્વાસ મૂક્યો હતો. આ નિવેદન પર સોશિયલ મીડિયા પર ઘણી પ્રતિક્રિયાઓ આવી હતી. કેટલાક લોકોએ તેમને તેમના વિશેષાધિકૃત બેકગ્રાઉન્ડને ઓછું આંકવા બદલ ટીકા કરી હતી, કારણ કે તેઓ જાણીતા ફિલ્મ પરિવાર સાથે સંબંધ ધરાવે છે. લોકોએ સવાલ ઉઠાવ્યો હતો કે "આટલા મજબૂત ઉદ્યોગિક સંબંધો હોવા છતાં, તે પોતાને 'આઉટસાઈડર' કેમ ગણાવવા માંગે છે?"

૨૦૨૪માં, એક ટોક શો "નંબર ૧ યારી"નો જૂનો વીડિયો સામે આવ્યો હતો, જેમાં કિયારા અડવાણીને દક્ષિણ ભારતના રાજ્યોના નામ પૂછવામાં આવ્યા હતા.આ વીડિયોમાં, તે તેલંગાણા, આંધ્ર પ્રદેશ અને કર્ણાટક જેવા કેટલાક નામ આપી શકી હતી, પરંતુ જ્યારે તેને તમિલ અને મલયાલમ ક્યાંથી આવે છે તે પૂછવામાં આવ્યું, ત્યારે તે અટકી ગઈ. આના પર તેમને સોશિયલ મીડિયા પર ખૂબ ટ્રોલ કરવામાં આવી હતી અને લોકોએ તેમના સામાન્ય જ્ઞાનના અભાવ પર સવાલ ઉઠાવ્યા હતા. ડિસેમ્બર ૨૦૨૪ માં, કિયારા અડવાણીએ પોતાની આગામી ફિલ્મ 'ગેમ ચેન્જર'ના સેટ પરથી એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે કોરિયોગ્રાફર જાની માસ્ટરના વખાણ કર્યા હતા.

જોકે, જાની માસ્ટર POCSO (Protection of Children from Sexual Offences) એક્ટ હેઠળ જાતીય સતામણીના આરોપોનો સામનો કરી રહ્યા હતા. કિયારાની આ પોસ્ટ પર ચાહકો અને ઈન્ટરનેટ યુઝર્સે ભારે નારાજગી વ્યક્ત કરી હતી, કારણ કે તેઓ એક આરોપી વ્યક્તિને પ્રોત્સાહન આપી રહ્યા હતા. બાદમાં, કિયારાએ પોતાની પોસ્ટમાં જાની માસ્ટરનું નામ સંપાદિત કરીને હટાવી દીધું હતું.

digvijay.pathak@gmail.com

## દિલદારીથી દર્શકોના દિલમાં સ્થાન બનાવતો અભિનેતા : વરુણ ધવન

**બોલિવૂડમાં પોતાની આગવી ઓળખ બનાવી ચૂકેલા વરુણ ધવન આજના યુવા અભિનેતાઓમાંના સૌથી લોકપ્રિય**

ઓફ ધ સ્ક્રીન
ખ્યાતિ શાહ (સિદ્ધયતિ)



બોલિવૂડમાં એક સમયે એવો પણ આવ્યો હતો કે જેમાં આ એક્ટરને રાજેશ ખન્નાની એક સાથે ૧૭ હિટ ફિલ્મોનો રેકોર્ડ તોડવાની એક આશા હતી પરંતુ તેની એક ફિલ્મને લીધે તે શક્ય બન્યું નહોતું. આ એક પહેલો સ્ટાર કીડ છે કે જેણે બેક ટુ બેક ૧૧ હીટ ફિલ્મોનો રેકોર્ડ બનાવ્યો છે.

બોલિવૂડનો સ્માર્ટ અને હસમુખ અભિનેતાએ પોતાના કરિયરની શરૂઆત કરન જોહરની ફિલ્મ પ્રમાય નેમ ઇઝ ખાન્ષ્માં સહાયક નિર્દેશક તરીકે કરી હતી. ત્યારબાદ ૨૦૧૨ માં આવેલી સ્ટુડન્ટ ઓફ ધ યર થી અભિનય જગતમાં એન્ટ્રી કરી અને યુવા ચાહકોના દિલમાં સ્થાન મેળવી લીધું.

બોલિવૂડમાં પોતાની આગવી ઓળખ બનાવી ચૂકેલા વરૂણ ધવન આજના યુવા અભિનેતાઓ માના સૌથી લોકપ્રિય છે. ૨૪ એપ્રિલ ૧૯૮૭ ના રોજ મુંબઈમાં જન્મેલા વરૂણ ધવન એ જાણીતા ડિરેક્ટર ડેવિડ ધવનના પુત્ર છે. બાળપણથી જ ફિલ્મી માહોલમાં ઉછરેલા વરૂણે નોટીંગહામ ટ્રેન્ટ યુનિવર્સિટીમાંથી મેનેજમેન્ટની ડિગ્રી મેળવી પરંતુ અભિનય પ્રત્યેનો ઝુકાવ જોરદાર હતો એટલે જ અભિનેતા બનવાની ઈચ્છા ક્યાંક ને ક્યાંક પૂર્ણ થઈ.

ભારતીય અભિનેતા વરુણ ધવન ભારતના સૌથી વધુ કમાણી કરનારા અભિનેતાઓમાંના એક છે. તેમને ૨૦૧૦ ના દાયકામાં ફોર્બ્સ ઈન્ડિયાની સેલિબ્રિટી યાદીમાં પણ સ્થાન મેળવ્યું છે. વરૂણને ૨૦૧૨ને ૨૦૧૮ વચ્ચે સતત ૧૧ બોક્સ ઓફિસ સફળતાઓમાં અભિનય કર્યો છે. કહેવાય છે કે વરુણ ધવને ભલે રાજેશ ખન્નાનો ૧૭ હિટ ફિલ્મોનો રેકોર્ડ બ્રેક ન કર્યો હોય પરંતુ શાહરુખ ખાનની લગાતાર ૧૧ હિટ ફિલ્મોનો રેકોર્ડ તોડવાની બરાબરી તો કરી જ લીધી હતી.

બોલિવૂડનો આ સ્ટાર એક સંપૂર્ણ પેકેજ છે અને એમ પણ કહી શકાય કે એ માત્ર સ્ટાર નથી પણ તેની વૈવિધ્યતા અને ફિલ્મોની પસંદગીથી એક અભિનેતા જરૂર છે. એટલું જ નહીં વરુણ દેશના સૌથી વધુ કમાણી કરનારા સેલિબ્રિટીઓમાંના એક છે. તેમને તેમની પેઢીના સૌથી વધુ બેંકેબલ સ્ટાર તરીકે લેબલ કરવામાં આવે છે.


બોલિવૂડ સ્ટાર સંપૂર્ણ પેકેજ કહેવાતા વરુણ ધવન ના ફેન સાથે સાથે ટીકા કરનારા પણ ઓછા તો નહીં જ હોય.... સોશિયલ મીડિયા રોલ ન થાય તો નવાઈ લાગે!!! રોલ થાય તો જ ચર્ચામાં રહે અને પ્રખ્યાત થાય તેવી માન્યતા પણ ખોટી નથી. વરૂણ ધવન પણ આ બધામાંથી બાકાત નથી. કિયારા અડવાણી ના ગાલ ઉપર કિસ કરવા બાબતે વરુણ સોશિયલ મીડિયા પર ઘણો ચર્ચામાં રહ્યો હતો.

મે તેરા હીરો ફિલ્મની વાત કરીએ તો, વરુણના કિસિંગ સીનના વીડિયોમાં ડિરેક્ટર કટ કટની બૂમો પાડતા હોવા છતાં વરુણ અભિનેત્રી નરગીસને કિસ કરવાનું બંધ કરતો નથી. આ સોશિયલ મીડિયા પર વાયરલ થયું હોવાથી વરુણ નેટીઝનનો સખત વિરોધ કરે છે.

નરગીસ તો ક્યારેક આલિયા ભટ્ટ તો ક્યારેક જહાન્વી કપૂર...લિસ્ટમાં કોઈ બાકાત નથી. બવાલ ફિલ્મના પ્રમોશનમાં જાનવી કપૂરના કાન પર કિસ કરી હોવાનો વ્યુવર્સે કિપી ગણાવ્યું હતું. અભિજીત ભટ્ટાચાર્યના ગીત ચુનરી ચુનરીય ના રિમેક માટે પણ વરુણ ઘણો ચર્ચામાં રહ્યો હતો.

લાસ્ટ બટ નોટ ધ લીસ્ટ, વરુણ ધવન ફક્ત સ્ક્રીન પર નહીં પરંતુ વાસ્તવિક જીવનમાં પણ પોતાના દિલદાર સ્વભાવ માટે લોકપ્રિય છે. હસમુખો સ્વભાવ, અભિનયમાં વૈવિધ્ય અને ચાહકો સાથેનો મિત્રતા ભર્યો સંબંધ ત્રણેય ગુણો વરૂણને આજના યુવા પેઢીના ફેવરેટ બનાવે છે. તે માત્ર મસાલેદાર કમર્શિયલ ફિલ્મોમાં નહીં પરંતુ પ્રયોગાત્મક અને ગંભીર વિષયોની ફિલ્મોમાં પણ પોતાને સાબિત કરવા પ્રયત્ન કરી રહ્યો છે.

khyati.maniyar8099@gmail.com




**વરુણ ધવને ભલે રાજેશ ખન્નાનો ૧૭ હિટ ફિલ્મોનો રેકોર્ડ બ્રેક ન કર્યો હોય, પરંતુ તેણે શાહરૂખ ખાનની લગાતાર ૧૧ હિટ ફિલ્મોનો રેકોર્ડ તોડવાની બરાબરી તો કરી જ લીધી**

## વર્ષો પહેલાં બનેલી ફિલ્મોની રિ-રિલીઝ

### જૂની ફિલ્મોને મળતા નવા દર્શકો સ્ટોરીઝના અમરત્વનો પુરાવો




મૂવી મિક્સ
વિરલ રાઠોડ



મુંબઈ. એક એવી નગર જ્યાં ફિલ્મોની સાથેસાથે ફાયનાન્સની વાતો ભરપુર થાય છે. સંજય દત્તની એક ફિલ્મનો એક સરસ ડાયલોગ છે. મુંબઈ કે પ્લેટફોર્મ પર ટ્રેન સે ઊતરનેવાલા કભી અકેલા નહીં ઊતરતા. ઉનકે સપને ઉનકે સાથ હોતે હૈ. હવે સમયની સાથે આ ડાયલોગમાં ટ્રેનની સાથે ફ્લાઈટ પણ એડ કરી શકાય. યુવાવર્ગમાં અને ટ્રેન્ડમાં રહેલું ગીત ઓ..મેરી લૈલા લૈલા...અવિનાશ તિવારીની ફિલ્મ 'લૈલા મજનુ' નું છે. જે ફિલ્મ વર્ષ ૨૦૧૮માં રીલિઝ થઈ હતી. એક હકીકત એ સ્વીકારવી પડે કે, એ સમયે જેટલા વ્યૂઅર્સ આ ફિલ્મને મળ્યા ન હતા એટલા હાલના સમયે મળ્યા.

૧૦ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી કલ્ટ ક્લાસિક ફિલ્મ રી-રીલિઝ થતા બજેટ કરતા બમણો વકરો કરાવી ગઈ. યે હૈ જાદુ...ઓટીટી પ્લેટફોર્મ અને ટીવી ચેનલ્સની એપ્લિકેશન માર્કેટમાં આવતા થિએટર્સ ઈફેક્ટ નવી ફિલ્મો પુરતી જ મર્યાદિત રહી છે. ફિલ્મ 'મોગલ એ આઝમ' જ્યારે કલર પ્રિન્ટ સાથે આવી એ ત્યારે એક પેઢીના આખા વર્ગમાં ઉત્તમ અભિપ્રાયના શબ્દો ઓછા પડ્યા હતા. સંગીતથી લઈને સૌંદર્ય સુધી સિને પડદે ફિલ્માંકને સૌને ફરી એ યુગમાં મોકલી દીધા.

રી રીલિઝિંગ એ કોઈ નવી વાત નથી. 'મેરા નામ જોકર' અને 'શોલે' જેવી ફિલ્મ શરૂઆતમાં ન ચાલી પણ એક ટાઈમ ઈન્ટરવલ પછી ધમધોકાર ચાલી. ફેક્ટ ઈઝ બ્રેક બાદ કોઈ નયા મોડ આતા હૈ. સહિત લુધિયાનવીએ લખેલા ગીતના શબ્દો જાણે હકીકત બનતા હોય એવું લાગે. કલ ઔર આયેંગે નગ્મો કી ખિલતી કલિયાં ચુનને વાલે, મુઝ સે બહેતર કહનેવાલે તુમસે બહેતર સુનને વાલે. કદાચ આ જ કારણ હશે કે, રી રીલિઝ થયેલી ફિલ્મોને સારો એવો ટ્રાફિક મળ્યો.

મુંબઈના મરાઠા મંદિરમાં હજું પણ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' ચાલી રહી છે. ગત વર્ષે 'રહના હૈ તેરે દિલ મેં' ફરી રીલિઝ થતા લીડ એક્ટર આર. માધવને સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી હતી. પોસ્ટ હતી '૨૩ વર્ષ પછી રોમાંસનો જાદુ જીવંત થશે, રી રીલિઝના નિર્ણયથી ખુશ છું, ફિલ્મોમાં ભલે ફોર્મેટ બદલાય, દર્શકો બદલાય, સ્ટોરીનો સ્પાર્ક, રજૂઆત અને પંચમારે એવા ડાયલોગ હોય તો ફિલ્મ કાયમ એકવર્ગ માટે નવી જ રહેવાની.

'બોર્ડર' ફિલ્મનો બીજોભાગ શૂટ થઈ રહ્યો છે ત્યારે હકીકત એ સમયની સ્વીકારવી પડે કે, આ ફિલ્મ જોયા પછી સૈન્ય પાંખમાં ભરતી થનારા યુવાનોની સંખ્યા નોંધપાત્ર રીતે વધી ગઈ હતી. સુરક્ષાના કારણોસર આંકડો તો સામે નથી આવ્યો પણ ટ્રેનિંગ કેમ્પમાં નવા ચહેરાઓ અને એમાં દેશભક્તિનું ઝનૂન જોવા મળ્યું. આ જ તો છે ફિલ્મની સમાજ પર અસર.

યુટ્યુબ પર 'રાજા બાબુ' અને 'ધડકન' ફિલ્મોની વ્યૂઅરશીપ વધી છે. માત્ર વેબસીરિઝ જ નહીં ઓટીટી સાથે ફિલ્મોના ભૂતકાળમાં સ્ટોરીલાઈન અને રજૂઆત જોનારી પેઢીમાં યુવાનોની સંખ્યા પણ વધી છે. આ એનો જ પુરાવો છે. રાઈટ્સ અને પૈસાની માથાકુટ ઘટે તો ફિલ્મોને મળતા માધ્યમ વધે. દરેક મોરચે પૈસા ગજવું ભારે કરવા જોઈએ એ માનસિકતાથી ફિલ્મો હવે બહાર આવી રહી છે. રી રીલિઝનો કોન્સેપ્ટ એક અલગ ફ્લેવર આપે છે. રાજા બાબુનું મુંબઈમાં જ્યારે રી રીલિઝિંગ થયું ત્યારે ધવન સન વરૂણબોય પણ થિએટરમાં જોવા ગયો હતો.

અઢી કરોડની ફિલ્મે રી રીલિઝથી બીજા ૧૫થી ૧૭ કરોડ કમાઈ લીધા. થેંક્સ ટુ અપગ્રેડેશન. 'ખલનાયક' ફિલ્મનું ગીત 'ચોલી કે પીછે ક્યા હૈ' ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શને પ્રતિબંધીત કરી દીધું હતું. કારણ કે ડબલ મીનિંગ થતા હતા. એના કારણે ફિલ્મનું ટ્રેલર પણ કોઈ ખાનગી ચેનલ પર આવે તો ગીત કટ કરી નંખાતું. આ જ ગીત 'ક્રુ' નામની ફિલ્મમાં રી ક્રિએટ થયું ત્યારે કોઈને કંઈ વાંધો ન પડ્યો. ત્રણ દાયકામાં એવું તે શું બદલાઈ ગયું. જવાબ તમે જ વિચારી લો. રી ક્રિએટ કરવું અને રી રીલિઝ કરવું એમાં ઘણો ફરક છે.

'દિલ તો પાગલ હૈ' રી રીલિઝ થઈ છે. હરિયાણામાં આ ફિલ્મ સતત ત્રણ મહિના સુધી જોવાઈ હતી. પાક્કા બે વર્ષ પહેલા. ફિલ્મ રી-રીલિઝનો અભિગમ કાયમી નથી. આ માટે પ્રોડ્યુસર કે ડાયરેક્ટર ઝડપથી રાજી થતાં નથી. આ પાછળ ઘણા મુદ્દાઓ અસર કરે છે. સ્ટોરીની કમી અને નવું બોલિવૂડમાં કંઈ આવતું નથી એવા સમયે આવી ફિલ્મો ચાલી જાય છે. ઘણીવાર એમાં બીજી ફિલ્મોની ડીલ અને ઓટીટી સાથેની શરતો પણ અસર કરતી હોય છે.

viralrathod353@gmail.com

**સ્ટોરીની કમી હોય અને નવું બોલિવૂડમાં કંઈ આવતું ન હોય એવા સમયે સિનેમાઘરોમાં આવી ફિલ્મો ચાલી જાય છે**

### આઉટ ઓફ ધ બોક્સ

ફિલ્મ ડોનનું ગીત ખૈકે પાન બનારસવાલા ફિલ્મમાં લેવાની કોઈ ગણતરી જ ન હતી. એવા સમયે મનોજ કુમારે સજેશન આપતા આ ગીત ફિલ્મનો એકભાગ બન્યો.


ફિલ્મી ટિટબિટ્સ
રજની

## એક કલાકાર તરીકે દિલજિત માટે ખૂબ માન : ડાયના પેન્ટી




બોલીવુડ અભિનેત્રી ડાયના પેન્ટીએ ફિલ્મ કોકટેલ થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી, જ્યાંથી તેણીને શરમાળ છોકરી તરીકે ઓળખ મળી હતી. જોકે, અભિનેત્રી સતત નવી શૈલીઓમાં કામ કરવાનો પ્રયાસ કરી રહી છે. તાજેતરમાં તેણી ડિટેક્ટીવ શેરદિલુ ફિલ્મમાં દિલજીત દોસાંઝ સાથે જોવા મળી હતી. એક ઈન્ટર્વ્યુમાં ડાયનાએ દિલજીત સાથે કામ કરવાનો અનુભવ જણાવતા કહ્યું હતું કે, 'જ્યારે અમે આ ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા, ત્યારે દિલજીતનું ગીત લિંવર્સુ રિલીઝ થવાનું હતું. અમે સેટ પર દરરોજ તે ગીત સાંભળતા હતા, કારણ કે તે તે સમય દરમિયાન ઘણી વખત ગીતનું પ્રમોશન પણ કરી રહ્યો હતો. તેણે ગીતને પ્રમોટ કરવા માટે ત્યાં નાના ઈન્સ્ટાગ્રામ વિડિઓઝ પણ બનાવ્યા. અને માત્ર હું જ નહીં પરંતુ સમગ્ર કાસ્ટે તેના આ વિડિઓઝ જોયા છે. તેથી તેની સાથેની સફર ખૂબ જ મજેદાર રહી છે. દિલજીત ખૂબ જ ડાઉન ટુ અર્થ વ્યક્તિ છે, તે ખૂબ જ આદરણીય, ઉદાર છે. તે સ્વભાવે ખૂબ જ નમ્ર છે અને તેના કામમાં ખૂબ જ સારો છે. તે સંપૂર્ણપણે તૈયાર થઈને સેટ પર આવતો, પોતાના દ્રશ્યો કરતો અને ચાલ્યો જતો. તેથી મને એક કલાકાર અને એક માણસ તરીકે તેમના માટે ખૂબ માન છે. તેમની સાથે કામ કરવાની મજા આવી, તે ખૂબ જ નમ્ર છે, પરંતુ દિલજીતમાં એક મજા-પ્રેમાળ વ્યક્તિ પણ છુપાયેલો છે. તે સેટ પર બધાને હસાવતો હતો.

## પૈસા ન બચ્યા એટલે રોટલી અને ડુંગળી પણ માગી : રોનિત રોય



તાજેતરમાં રોનિથ રોયે પોતાના સંઘર્ષના દિવસોને યાદ કર્યા અને જણાવ્યું કે, મને દિવસમાં એક જ વાર ખાવા મળતું હતું. તે દિવસોને યાદ કરીને એક્ટર ખૂબ જ ભાવુક થઈ ગયો. રોનિથ રોયે તાજેતરમાં એક વાતચીતમાં તેમના પોતાના અંગત અને પ્રોફેશનલ જીવન વિશે વિચારો શેર કર્યા. પોતાના શરૂઆતના સંઘર્ષ વિશે વાત કરતા તેમણે કહ્યું, બાંદ્રા સ્ટેશનની બહાર એક પ્રખ્યાત ઢાબા છે. હું દરરોજ રાત્રે ત્યાં ખાતો હતો, તે પણ દિવસમાં માત્ર એક જ વાર, કારણ કે હું માત્ર આટલું જ ખાઈ શકતો હતો. આ સાથે જ એક્ટરે જણાવ્યું કે ઢાબાનું દરરોજ અલગ મેનું હતું અને બધાના પૈસા અલગ-અલગ હતા. વાતચીતમાં આગળ એક્ટરે કહ્યું કે, એક દિવસ હું ત્યાંના ઢાબા પર ગયો અને ત્યાં કામ કરતા એક વ્યક્તિ પાસે માત્ર બે રોટલી અને ડુંગળી માંગી કારણ કે મારી પાસે પૈસા બચ્યા નહોતા. પણ તેણે મને દાળ આપી અને કહ્યું આ મારા તરફથી છે. તે ક્ષણ મારી યાદમાં અંકિત થઈ ગઈ. આ ઘટનાને યાદ કરીને એક્ટર ખૂબ જ ભાવુક થઈ ગયો. તમને જણાવી દઈએ કે, રોનિત રોયે ૧૯૯૨મા જાન તેરે નામથી પોતાના બોલિવૂડ કરિયરની શરૂઆત કરી હતી. એક્ટરે જણાવ્યું કે, 'મને પહેલી ફિલ્મ માટે ૫૦ હજાર રૂપિયા મળ્યા હતા, જે મારા જીવનની સૌથી મોટી ક્ષણ હતી.' અભિનેતાની પહેલી ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી.

## હની સિંહે ટેટૂ ચિતરાવી માતા અને એઆર રહેમાનને અર્પણ કર્યું



રેપર યો યો હની સિંહે તાજેતરમાં પહેલી જ વાર શરીર પર ટેટૂની શાહી લગાવી છે, અને તેના ટેટૂમાં તેની માતા અને સંગીતકાર એઆર રહેમાનને અર્પણ કર્યું છેહની સિંહે એક જ રાત્રે બનાવેલા ત્રણ ટેટૂમાંથી, એક તેની માતા સાથે ખાસ જોડાણ ધરાવે છે, અને બીજું એઆર રહેમાન માટે છે.સોમવારે હની સિંહે ઈન્સ્ટાગ્રામ પર પોતાના પહેલા ટેટૂનો એક લુક શેર કર્યો, જે તેણે તેની માતાને શ્રદ્ધાંજલિ તરીકે કરાવ્યો હતો. "મારું પહેલું ટેટૂ કરાવ્યું !! મારી માતાના હસ્તાક્ષર, પૃથ્વી પરની સૌથી ધનિક મહિલા !! હું તને પ્રેમ કરું છું મમ્મી મારા લોહીથી પોકાર કરું છુંતેની માતા ભૂપિન્દર કૌરનું સન્માન કરતા, હની સિંહના પહેલા ટેટૂમાં તેની માતાના હસ્તાક્ષર છે, જે ગર્ભમાં રહેલા બાળકની છબી સાથે જોડાયેલ છે.રેપરે શાહી લગાવવાનો પડદા પાછળનો વિડિઓ શેર કર્યો. જોકે, હની સિંહે પોતાનો બીજો ટેટૂ ખૂબ જ વ્યક્તિગત કહીને તેની વિગતો જાહેર કરવાનો ઈનકાર કરી દીધો હતો.

## તમારા પોતાના બાળકને મારી નાખવામાં કોઈ સન્માન નથી : રિચા ચઢ્ઢા

બોલિવૂડ અભિનેત્રી રિચા ચઢ્ઢા પોતાના સ્પષ્ટવક્તા નિવેદનો માટે જાણીતી છે, રિચા એવી અભિનેત્રીઓમાંની એક છે જે કોઈપણ મુદ્દા પર ખચકાટ વિના પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કરે છે. હવે તેણે ટેનિસ ખેલાડી રાધિકા યાદવની હત્યા વિશે કંઈક એવું કહ્યું છે, જે સોશિયલ મીડિયા પર નેટીઝન્સ માટે ચર્ચાનો વિષય બની ગયું છે.૧૦ જુલાઈના રોજ, ગુરુગ્રામ સ્થિત જુનિયર ખેલાડી રાધિકા યાદવની તેના જ પિતા દીપક યાદવે તેના ઘરે ગોળી મારીને હત્યા કરી દીધી હતી. હવે બોલિવૂડ અભિનેત્રી રિચા ચઢ્ઢાએ આ બાબતે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરીને આકરી પ્રતિક્રિયા આપી છે. રિચાએ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ અંગે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો છે. રાધિકાના મિત્ર હિમાંશિકા સિંહ રાજપૂત દ્વારા શેર કરાયેલા વીડિયો પર પ્રતિક્રિયા આપતા, તેણે આ હત્યાને યોગ્ય ઠેરવનારાઓની કડક નિંદા કરી છે. પોતાના બાળકને મારી નાખવામાં કોઈ સન્માન નથી. જો પહેલા થોડા હલાવતા બોલતા લોકો તેને કંઈક કહેતા, તો હવે આખી દુનિયા દીપક યાદવને હંમેશા માટે હારેલા અને કાયર તરીકે યાદ રાખશે.



## માનવસર્જિત મુસીબત કેવું પરિણામ નોતરી શકે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ

# જુરાસિક વર્લ્ડઃ રિબર્થ

હોલિવૂડ હોરાઈઝન
મનિષ શેઠ



ગોડઝિલા, રોગ વનનાં સર્જક ગેરેથ એડવર્ડે નિર્દેશિત જુરાસિક સિરીઝની 'જુરાસિક વર્લ્ડઃ રીબર્થ' માત્ર ડાયનોસોર અને માનવો વચ્ચેની લડાઈ નથી - આ એક કલ્પના છે પૃથ્વીનાં એક નવા સ્વરૂપની. પૃથ્વીના પુનર્જન્મની. અત્યાર સુધીની દરેક વાર્તા માત્ર ડાયનોસોર થી બચવાના સંઘર્ષ વિશે હતી. પરંતુ, સ્પિલબર્ગની કલ્પનાની શરૂ થયેલી આ યાત્રા દરેક દાયકામાં નવા દ્રષ્ટિકોણ, નવા નાયક અને નવા જોખમો, નવા એન્ગલ્સ સાથે આગળ વધી છે તેમ અહી પણ તદન અલગ જ કથાનક છે. આ નવી ફ્રેન્ચાઈઝીનો આરંભ છે એ નરેટીવ સેટ નહિ થઈ શકે પણ એક વાત ચોક્કસ કે રીબર્થ, એ નવી પીઢી માટે એક સ્ટેન્ડ-અલોન ડાયનાસોર થ્રિલર ચોક્કસ સાબિત થઈ શકે. નવી ટીમ અને દ્રષ્ટિ સાથે જેમાં ડાયનોસોર અને માનવોનું સહઅસ્તિત્વ હોય. એ દર્શાવવાનો પ્રયત્ન કરાયો છે કે ડાયનોસોર પ્રજાતિએ પોતાનું સામ્રાજ્ય પાછું મેળવ્યું છે અને માનવો એમાની સાથે સ્થાન શોધે છે.

કથાનક મુજબ હ્રદય રોગ સામે લડવા માટેની દવાના ડેવલપમેન્ટ અને રિસર્ચ માટે આકાશી, જળ અને પૃથ્વી પરની ડાયનાસોર પ્રજાતિઓમાંથી ડીએનએની જરૂર હોવાનું તારણ કાઢવામાં આવે છે. એ માટે વિષુવવૃત્તની નજીકના એક ટાપુ પર જ્યાં ડાયનોસોરની હયાતી છે ત્યાં એક અભિયાન શરુ કરવામાં આવે છે.

તે માટે ફાર્માસ્યુટિકલ પ્રતિનિધિ માર્ટિન ક્રેબ્સ (રૂપર્ટ ફ્રેન્ડ) ઝોરા બેનેટ (સ્કારલેટ જોહાનસન), પેલિયોન્ટોલોજિસ્ટ ડો. હેનરી લૂમિસ (જોનાથન બેઈલી), અને ડંકન કિનકેડ (મહેરશાલા અલી) તેમજ ખલાસીઓ અને શસ્ત્ર નિષ્ણાતોનું એક ક્રૂ આ ટાપુ પર પહોંચે છે. એ ટાપુ પર, ડીએનએ મેળવવાના મિશનમાં થયેલ અનુભવો, આકાશીય મહાકાય પક્ષીઓ, મહાકાય માછલીઓ અને ભીમકાય ડાયનોસોર્સ વગેરે સાથેના ઈન્ટરેકશનની અભિવ્યક્તિ એટલે જુરાસિક વર્લ્ડ-રિબર્થ.

યુનિવર્સલ પિક્ચર્સની આ ફિલ્મમાં લાંબા સમય ગાળા બાદ પ્રથમ વખત ફ્રેન્ચાઇઝ સાથે સત્તાવાર રીતે લેખન માટે મૂળ જુરાસિક પાર્ક-૧૯૯૭ની ફિલ્મ 'ધ લોસ્ટ વર્લ્ડ'નાં પટકથા લેખક ડેવિડ કોએપ ફરી સંકળાયા છે. બીજું આમાં ડાયનોસોર્સ અને માનવો વચ્ચેની લડાઈ માત્ર હિંસામાં કે અફરાતફરીમાં નથી પરિણમતી, પેલિયોન્ટોલોજિસ્ટ ડો. હેનરી એ માત્ર વૈજ્ઞાનિક નથી પરંતુ પ્રકૃતિ સાથે 'વાઈબ્રેશન ટેકનોલોજી' દ્વારા સંવાદ કરે છે. ફિલ્મનું નબળું પાસું એ કે ફિલ્મમાં પાત્રોનો કેરેક્ટર સ્કેચ લોકોને અપીલ નથી કરી શક્યો.

બિહાઈન્ડ ધી સીન- યાદગાર ઘટનાઓ.

ડો. હેનરી ઝોરા બેનેટ, બન્ને એ થાઈલેન્ડ અને માલ્ટામાં ક્લિફ રેપેલના એક સ્ટન્ટમાં આખું અઠવાડિયું લીધું હતું કેમકે તેઓએ ડબલ સ્ટન્ટ હાર્નેસ પહેરેલા હતા જે ખૂબ અસુવિધાજનક અને પેઈનફૂલ હતા. બેઈલીએ, એ વખતે મજાકમાં કહ્યું કે તેઓ પોતે 'ફ્રૅજી (શિશુ પોટલી)' જેવાં લાગતા હતાં. જ્યારે શૂટ પૂરુ થયું ત્યારે બંને જણાએ રાહત અનુભવી હતી.

વોટર કેનન અને ગિમ્બલ્સઃ માલ્ટામાં મોસાસોરસ બોટ એટેક -શૂટિંગ દરમિયાન ૩૦ ફૂટ ઊંચાઈએ હાઈડ્રોલિક રિગ્સ-પ્લેટફોર્મ પર બેસીને ધગધગતા સૂર્યપ્રકાશમાં અને પાણીના મુશળધાર ધોધ વચ્ચે શૂટિંગ કરવું એ એક કપરો અનુભવ હતો સૌ માટે. આ કારણે સૌએ એ સેટ, એ સંજોગોને ઘાતક ગણાવ્યા હતા.

જીવંત જ્વાળામુખી પર શૂટિંગઃ આઈસલેન્ડના એક સક્રિય જ્વાળામુખી પાસે અંતિમ દ્રશ્યો શૂટ કરાયા. કોઈ ક્રોમા શૂટ નહિ, વાસ્તવિક ગરમી, અસલ ધુમાડો અને જ્વાળામુખીની કુદરતી ગર્જનાઓ, સૌએ એવા કપરા સંજોગોમાં શૂટ કર્યું. પણ કુદરતી વાતાવરણમાં શૂટ દરમિયાન રૂંવાડા ઊભા કરી દેનારી અનૂભુતિ સૌને માટે જિંદગીભરની યાદો બની ગઈ.

બેબી ડાયનો મોમેન્ટ - એક દ્રશ્યનાં ફિલ્માંકન દરમિયાન, ઓલમોસ્ટ રીયલ એવા બેબી એનિમેટ્રોનિક સ્ટેગોસોરસને સેટ પર જ રહેવા દેવામાં આવ્યો અને શૂટ પૂરું થતા ત્યાં આકસ્મિક રીતે એક હરણ આવી ગયું અને ટકરાયું. આ ઘટના ક્રૂએ કેપ્ચર કરી અને તેને વાસ્તવિક ફિલ્મમાં ઉમેરવામાં પણ આવી. આવા અનેક રસપ્રદ કિસ્સાઓ એ રીબર્થને એક યાદગાર પળો આપી.


**સિગ્નેચર**

'જુરાસિક વર્લ્ડઃ રીબર્થ' એ એક ફિલ્મથી વધુ છે - ફક્ત એડવેન્ચર નહિ. માનવતા માટે પ્રશ્ન ઉદભવે છે કે, 'શું આપણે હજુ પણ પૃથ્વી પર રહેવા યોગ્ય છીએ?' ઈમોશન, ટેકનોલોજી, કુદરત અને સંવાદનું પરફેક્ટ બ્લેન્ડ. જુરાસિક ફેન્સ માટે આ એક નોસ્ટાલ્જીયા અને નવા દર્શકો માટે નવો અપ્રોચ છે.

manbhavee@gmail.com

## મિથિલા પાલકરઃ યૂટ્યૂબ ક્રિએટર તરીકે શરૂઆતથી અભિનેત્રી બનવા સુધી

ઇન્ફ્લૂએન્સર્સ
મયૂરી જાદવ શાહ





મિથિલા પાલકર એ આજના યુવા હૃદયની ધબકાર છે - એક એવી અભિનેત્રી, જે ફિલ્મ, વેબ સિરીઝ અને ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી પોતાની આગવી ઓળખ બનાવી ચૂકી છે. મિથિલા માત્ર અભિનયમાં જ નહીં, પરંતુ સંગીત અને નૃત્યમાં પણ ખૂબ જ હોંશિયાર છે. સુંદર અવાજ, ચમકદાર વ્યક્તિત્વ અને નિખાલસ અભિનયના કારણે આજે મિથિલા પાલકર કરોડો લોકોના દિલમાં રાજ કરે છે.

મિથિલા પાલકરનો જન્મ ૧૧ જાન્યુઆરી, ૧૯૯૩ના રોજ મુંબઈ, મહારાષ્ટ્રના એક મરાઠી મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો. બાળપણથી જ તેમને સંગીત, નૃત્ય અને અભિનયમાં રસ હતો. તેમનું શિક્ષણ મુંબઈની આર.જી. રુપારેલ કોલેજમાંથી થયું હતું, જ્યાં તેમણે માસ કમ્યુનિકેશનમાં ડિગ્રી હાંસલ કરી હતી.

મિથિલા પાલકરની કારકિર્દીનો સફર ૨૦૧૪માં શરૂ થયો હતો. તેમણે પહેલા યૂટ્યૂબ ચેનલ "ફિલ્ટરકોપી" અને "ડાઈસ મીડિયા" માટે નાના સ્કેટચ વિડીયો કર્યા અને

**મિથિલા પાલકર માત્ર એક એક્ટ્રેસ જ નથી - તે એક સરસ ગાયિકા પણ છે**

તેઓ તરત જ લોકપ્રિય થઈ હતી. ખાસ કરીને લીટલ થિંગ્સ જેવી વેબસિરીઝમાં ધ્રુવસેહગલ સાથેના તેમનાં પાત્ર "કાવ્યા" દ્વારા મિથિલાએ દેશભરમાં અને વિદેશમાં યંગ ઓડિયન્સને ખૂબ પ્રભાવિત કર્યું.

મિથિલાએ ૨૦૧૫માં બોલીવૂડ ફિલ્મ "કટ્ટી બટ્ટી" દ્વારા ડેબ્યુ કર્યું હતું. બાદમાં તેમણે કારવા (ઈરફાન ખાન સાથે), ચોપસ્ટીક્સ અને ત્રીભંગા જેવી ફિલ્મોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓનું અભિનય હંમેશાં નેચરલ અને રિયલ લાગે છે - જે તેમને અન્ય અભિનેત્રીઓથી અલગ બનાવે છે.

મિથિલા પાલકર માત્ર એક એક્ટ્રેસ જ નથી - તેઓ એક સરસ ગાયિકા પણ છે. મિથિલા પાલકર સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય છે. ઈન્સ્ટાગ્રામ પર લાખો ફોલોઅર્સ ધરાવતી મિથિલા તેમના જીવનશૈલી, બિહાઈન્ડ ધ સીનઝ, મુસાફરી અને મ્યૂઝિક પેશન વિશે શેર કરે છે. તેમનો કન્ટેન્ટ હંમેશા પારિવારિક અને યુવાનોને ગમે તેવા હોય છે.

મિથિલા પાલકર એ આજની જનરેશન માટે એક રોલ મોડેલ છે - જેમણે પોતાની મહેનત, ટેલેન્ટ અને ઈમાનદારીથી એક અનોખી ઓળખ ઉભી કરી છે. તેમનું જીવન દર્શાવે છે કે માત્ર ગ્રામીણ કે શહેરી પૃષ્ઠભૂમિ જ નહીં, પરંતુ ચાહ અને હોંશથી કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવી શકાય છે. તેઓ એક એવી સ્ટાર છે, જેઓ નખરા વિના પણ બધાના દિલ જીતે છે.

jadavvmayuri@gmail.com

**સોશિયલ મીડિયામાં કંઈક ખોટું લખું અથવા ખોટા સમયે કંઈક પોસ્ટ કરું ત્યારે મને મારી પુત્રીનો ફોન આવે છે કે તમે આવી પોસ્ટ કેવી રીતે કરી શકો**

## વર્ષો સુધી એવો સમય હતો જ્યારે મારી પાસે પૈસા નહોતા : નીના ગુપ્તા



બોલીવુડની દિગ્ગજ અભિનેત્રી નીના ગુપ્તા પોતાના કરિયરના એવા તબક્કામાં છે જ્યાં તેમની લોકપ્રિયતા કૂદકે ને ભૂસકે વધી રહી છે. બિધાઈ હો એ નીના ગુપ્તા માટે એક વળાંક સાબિત થયો, જે પોતાની અભિનય કારકિર્દીના સુવર્ણ તબક્કામાંથી પસાર થઈ રહી છે. સિનેમામાં બોલ્ડ રહેતી નીના હવે બિન્દાસ (નચિંત) છે. તેના પાત્રો તેમજ તેની ફેશન સેન્સની ખૂબ પ્રશંસા થઈ રહી છે. આ દિવસોમાં તે તેની નવી શ્રેણી પંચાયત ૪' માટે સમાચારમાં છે, જેનાથી તેની લોકપ્રિયતામાં વધારો થયો છે. તેની સાથે એક ખાસ વાતચીત.

**ફિલ્મો હોય કે વેબસિરીઝ, તમે મજબૂત મહિલાઓની ભૂમિકાઓ ભજવી છે, પરંતુ વાસ્તવિક જીવનમાં તમને ક્યારે સૌથી વધુ સશક્ત લાગ્યું?**

નીના ગુપ્તાએ કહ્યું- સાચું કહું તો, જ્યારે પણ મારી પાસે સારા પૈસા હોય છે, ત્યારે હું સશક્ત અનુભવું છું, કારણ કે પૈસાની ખૂબ જરૂર હોય છે અને જ્યારે તે ન હોય ત્યારે ખૂબ દુઃખ થાય છે. મારા જીવનમાં વર્ષો સુધી એક સમય એવો હતો જ્યારે મારી પાસે પૈસા નહોતા. આપણું ક્ષેત્ર એવું છે કે ક્યારેક તમારી પાસે બે વર્ષ સુધી સતત કામ હોય છે અને પછી તમારી પાસે કામ નથી હોતું. મારી સાથે એવું બન્યું કે મારી પાસે પાંચ વર્ષ સુધી કામ નહોતું અને પછી જ્યારે તેઓ મારા ટેક્સ રિટર્ન ફાઈલ કરવા આવ્યા, ત્યારે તેઓ ચોંકી ગયા કારણ કે મારી પાસે કોઈ આવક નહોતી. તેમને લાગ્યું કે હું ખોટું બોલી રહ્યો છું. તેઓ સમજી શકતા નથી કે આપણે કેવા પ્રકારનું કામ કરીએ છીએ? આપણું ક્ષેત્ર એવું છે કે આજે તમે અહીં છો અને કાલે તમે ત્યાં છો. તે ખૂબ જ ક્રૂર ક્ષેત્ર છે. હું ટોચ પર પહોંચ્યો નથી, પરંતુ જ્યારે ટોચના લોકો પાસે પૈસા નથી, ત્યારે સમજો કે તે ખૂબ જ પીડાદાયક છે કારણ કે તમે ચોક્કસ પ્રકારની જીવનશૈલીથી ટેવાઈ ગયા છો અને જો પૈસા ન હોય તો તમે ટકી શકતા નથી.

**૬૬ વર્ષની ઉંમરે પણ, તમે વિવિધ પ્રકારના ફેશનેબલ કપડાં પહેરો છો અને ફેશનના લક્ષ્યો નક્કી કરો છો અને સમાચારમાં રહો છો.**

જુઓ, ઘણી વખત લોકો સ્કીન પર હાજરી અને વાસ્તવિક જીવનના ડ્રેસિંગને મિશ્રિત કરે છે. ઉદાહરણ તરીકે, પંચાયતમાં, હું ગામડાની સ્ત્રીઓની જેમ સાડી પહેરું છું, પરંતુ તે મારું પાત્ર છે. હું બહાર જે પહેરું છું તે નીના ગુપ્તા છે. મને ફેશનનો ખૂબ શોખ છે. મારી પાસે પૈસા નહોતા, ત્યારે પણ હું ફેશન અને કપડાંના સંદર્ભમાં જુગાડ અને હેરાફેરી કરતી હતી. હવે જ્યારે મારી પાસે પૈસા છે, ત્યારે હું પ્રયોગ કરું છું, સારા કપડાં ખરીદું છું. હું ફેશનની બાબતોમાં મસાબાની પણ મદદ લઉં છું. માર્ગ દ્વારા, હું એમ પણ કહેવા માંગુ છું કે જો હું ફેશનેબલ કપડાં પહેરું છું, તો હું સંસ્કૃતમાં એમફિલ પણ છું.

**આજે, ઇન્ટરનેટના યુગમાં, તમને સોશિયલ મીડિયા પર ખૂબ જ ઓછી ટ્રોલિંગનો સામનો કરવો પડે છે, તો તમને તે ટિપ્સ કોણ આપે છે?**

મને ટિપ્સ કોણ આપશે? હું ફક્ત સોશિયલ મીડિયા પર સત્ય લખું છું અથવા હું નીના ગુપ્તા જેવી દેખાઉં છું, તો કોઈ મને કેમ ટ્રોલ કરશે? તેઓ મને ટ્રોલ કરશે કે હું સેક્સી કપડાં પહેરી રહી છું. પણ તે ખૂબ જ સારી વાત છે, ખરું ને હા, ક્યારેક જ્યારે હું સોશિયલ મીડિયા પર કંઈક ખોટું ટેગ કરું છું અથવા મીડિયામાં કંઈક ખોટું લખું છું અથવા ખોટા સમયે કંઈક પોસ્ટ કરું છું, ત્યારે મને મારી પુત્રી મસાબાનો ફોન આવે છે કે તમે આવી પોસ્ટ કેવી રીતે કરી શકો છો? હું તેના કહેવા પર ધ્યાન આપું છું, કારણ કે હું માનું છું કે તે મારા કરતાં સોશિયલ મીડિયા વિશે વધુ જાણે છે.

**મને ફેશનનો ખૂબ શોખ છે, જ્યારે પૈસા નહોતા, ત્યારે પણ હું ફેશનના સંદર્ભમાં જુગાડ કરતી**

**થોડા સમય પહેલાં મસાબા માતા બન્યા પછી તમે દાદી બન્યાં છો, તો આપ દાદી બનવાનો કેટલો આનંદ માણી રહ્યાં છો?**

મને ખૂબ આનંદ આવી રહ્યો છે. હું કહી શકું છું કે આ મારા જીવનનો સૌથી ખુશ સમય છે. હું રાત-દિવસ મારી પૌત્રી સાથે રહેવા માંગુ છું. જ્યારે પણ મને તક મળે છે, ત્યારે હું તેની સાથે સમય વિતાવું છું. મને તેના પ્રત્યે ખૂબ જ લગાવ છે, તે મને મારી પોતાની દીકરી જેવી લાગે છે.

**તમારી શ્રેણી ગામડાંના રાજકારણ પર આધારિત છે, શું તમે ક્યારેય રાજકારણમાં જવા માંગો છો?**

ના, હું રાજકારણમાં જવાનું બિલકુલ વિચારતી નથી, કારણ કે હું ખૂબ જ સ્પષ્ટવક્તા છું અને સ્પષ્ટવક્તાનું રાજકારણમાં કામ કરતું નથી. ત્યાં ચાલાકી એક સામાન્ય બાબત છે, જે મને ખબર નથી. તે ખૂબ જ ગંદી રમત છે. તો પછી હું એવા ક્ષેત્રમાં કેમ જાઉં જેના વિશે મને કોઈ જાણકારી નથી, હું એવા ક્ષેત્રમાં કેમ ન રહું જે મને ખબર છે અને તે અભિનય છે.

**પંચાયતમાં, દરેક સીઝન સાથે એક મહિલા તરીકે તમારું પાત્ર વધુ મજબૂત બન્યું છે?**

પ્રપંચાયત" સીઝન ૧ થી સીઝન ૪ સુધી મારું પાત્ર ઘણું વિકસિત થયું છે. જેમ વાસ્તવિક જીવનમાં ધીમે ધીમે થાય છે. ફક્ત મારું પાત્ર જ નહીં, અન્ય સ્ત્રી પાત્રો પણ ખૂબ જ મજબૂત બન્યા છે. ખુશ્બુ, ક્રાંતિ અને રિંકીની ભૂમિકાઓ પણ ખૂબ જ મજબૂત બની છે અને આ બધું ખૂબ જ કુદરતી રીતે કરવામાં આવ્યું છે. એવું નથી કે એક દિવસ સવારે મારું પાત્ર અચાનક બદલાઈ ગયું હતું. તેના લેખક ચંદન કુમાર ખૂબ જ સમજદાર લેખક છે. તેમણે પાત્રો ખૂબ જ સંતુલિત રીતે લખ્યા છે. "પંચાયત" માં મને સૌથી અદ્ભુત વાત એ છે કે હું નાના શહેરમાં જાઉં કે મોટી પાર્ટીમાં, દરેક મારા મંજુ દેવીના પાત્રને ઓળખે છે અને મને આ ઓળખ ગમે છે. મેં મારી કારકિર્દીમાં ઘણા ખરાબ સમયમાંથી પસાર થઈ છું, પરંતુ બધાઈ હો મારી કારકિર્દીનો વળાંક સાબિત થયો અને તે પછી હું સતત વિવિધ પ્રકારના પાત્રો કરી રહી છું.



મધ્યમ ક્રમમાં દીપ્તી અને જેમિમાની પાંચમી વિકેટ માટે ૮૯ બોલમાં ૯૦ રનની ભાગીદારી

# ટીમ ઈન્ડિયાએ પહેલી વનડેમાં ઈંગ્લેન્ડને ૪ વિકેટે હરાવ્યું : શ્રેણીમાં ૧-૦થી લીડ

## દીપ્તી શર્મા ૬૪ બોલમાં ૩ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૬૨ રનની સૌથી વધુ ઈનિંગ રમી

સાઉથમ્પ્ટન,તા.૧૭

મધ્યમ ક્રમના બેટ્સમેનોની શાનદાર બેટિંગની મદદથી, ભારતે પ્રથમ મહિલા વનડે ક્રિકેટ મેચમાં ઈંગ્લેન્ડને ૪ વિકેટે હરાવ્યું. આ જીત સાથે, ભારતીય ટીમે ત્રણ મેચની શ્રેણીમાં ૧-૦થી લીડ મેળવી લીધી છે. ભારતીય ટીમ દ્વારા વનડેમાં આ બીજો સૌથી મોટો રન ચેઝ છે. મધ્યમ ક્રમમાં દીપ્તિ શર્મા અને જેમિમા રોડ્રિગ્સે શાનદાર બેટિંગ કરી. બંનેએ પાંચમી વિકેટ માટે ૮૯ બોલમાં ૯૦ રનની ભાગીદારી કરી. દીપ્તિને તેની શાનદાર બેટિંગ માટે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો. ત્યારબાદ તેણીએ અમનજોત કૌર સાથે એક નાની પણ મેચ વિનિંગ ભાગીદારી બનાવી અને ભારતને ભવ્ય વિજય અપાવ્યો. ૨૫૯ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે ૪૮.૨ ઓવરમાં ૬ વિકેટે મેચ જીતી લીધી. દીપ્તિ શર્માએ ૬૪ બોલમાં ૩ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૬૨ રનની સૌથી વધુ ઈનિંગ રમી અણનમ રહી.જેમિમાહ રોડ્રિગ્સે ૪૮ રનનું યોગદાન આપ્યું હતું. ઓપનર પ્રતિકા રાવલ ૩૬ રન બનાવીને આઉટ થઈ ગઈ હતી. સ્મૃતિ મંધાનાએ ૨૮ રન બનાવ્યા હતા. હરલીન દેઓલ ૨૭ રન બનાવીને આઉટ થઈ ગઈ. અમનજોત કૌર ૧૪ બોલમાં ૨૦ રન બનાવી અણનમ રહી. કેપ્ટન હરમનપ્રીત કૌર ૧૭ રન બનાવવામાં સફળ રહી. ઈંગ્લેન્ડ તરફથી ચાર્લોટ ડીને સૌથી વધુ ૨ વિકેટ લીધી. યુવા ઝડપી બોલર ક્રાંતિ ગૌડે બે વિકેટ લઈને પ્રભાવિત કર્યા. સોફિયા ડંકલીના ૯૨ બોલમાં અણનમ ૮૩ રનની મદદથી, ઈંગ્લેન્ડે ૬ વિકેટે ૨૫૮ રનનો સન્માનજનક સ્કોર બનાવ્યો. ગૌડ અને ઓફ સ્પિનર સ્નેહ રાણાએ બે-બે વિકેટ લીધી. ઈંગ્લેન્ડે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો. જે પછી ટીમે ૯૭ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ એલિસ ડેવિડસન રિચાર્ડ્સે ડંકલી સાથે મળીને પાંચમી વિકેટ માટે ૧૦૬ રનની ભાગીદારી કરી અને ૭૩ બોલમાં ૫૩ રનની અડધી સદી ફટકારી. ભારતને પહેલી સફળતા એમીના આઉટ સાથે મળી, જ્યારે ગૌડે પોતાની બીજી વનડેમાં જ પહેલી આંતરરાષ્ટ્રીય વિકેટ લીધી. ગૌડે બીજી વખત શાનદાર ઈનસ્વિંગર વડે ઓપનર ટેમીને લેગ બિફોર વિકેટ આઉટ કરી. ચોથી ઓવરમાં બે વિકેટે ૨૦ રન પર, ઈંગ્લેન્ડને ભાગીદારીની જરૂર હતી. ફોર્મમાં રહેલી એમ્મા લેમ્બ અને કેપ્ટન નેટ સાયવર-બ્રન્ટે ૭૧ રન ઉમેરીને ટીમની કમાન સંભાળી.ઈંગ્લેન્ડે બે ઓવરમાં જ બંને બેટ્સમેનોની વિકેટ ગુમાવી દીધી. ઓફ સ્પિનર સ્નેહ રાણાએ લેમ્બ અને સ્કાયવર-બ્રન્ટને આઉટ કરીને યજમાન ટીમને મોટો ફટકો આપ્યો. ડંકલી અને એલિસ જવાબદારીપૂર્વક રમ્યા અને ટીમને આ સ્કોર સુધી પહોંચાડી.

બાંગ્લાદેશે ઘરઆંગણે ત્રણ મેચની ટીર૦ શ્રેણીમાં શ્રીલંકાને ૨-૧થી હરાવ્યું

# ૧૫ વર્ષમાં પહેલીવાર બાંગ્લાદેશે શ્રીલંકાને હરાવીને T20 શ્રેણી જીતી

કોલંબો,તા.૧૭

લિટન દાસના નેતૃત્વમાં બાંગ્લાદેશની ટીમે ઈતિહાસ રચ્યો છે. બાંગ્લાદેશે ઘરઆંગણે ત્રણ મેચની ટી૨૦ શ્રેણીમાં શ્રીલંકાને ૨-૧થી હરાવ્યું. કોલંબોના પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી અને નિર્ણાયક મેચમાં બાંગ્લાદેશની ટીમે આઠ વિકેટથી વિજય મેળવ્યો. સ્પિનર મેહદી હસન પ્લેયર ઓફ ધ મેચ રહ્યો, જ્યારે કેપ્ટન લિટન દાસ પ્લેયર ઓફ ધ સિરીઝ રહ્યો. પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૩૨ રન બનાવ્યા. જવાબમાં બાંગ્લાદેશે ૧૬.૩ ઓવરમાં બે વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું. પહેલી ટી૨૦ શ્રીલંકાએ સાત વિકેટથી જીતી હતી, જ્યારે બીજી ટી૨૦ બાંગ્લાદેશે ૮૩ રનથી જીતી હતી.




આ પહેલા શ્રીલંકાએ બે મેચની ટેસ્ટ શ્રેણી ૧-૦ અને ત્રણ મેચની વનડે શ્રેણી ૨-૧થી જીતી હતી. શ્રીલંકા સામે બાંગ્લાદેશનો આ પહેલો ટી૨૦ શ્રેણી વિજય છે. બંને ટીમો ૨૦૦૭ થી ટી૨૦ રમી રહી છે, પરંતુ બંને ટીમો વચ્ચે પ્રથમ દ્વિપક્ષીય ટી૨૦ શ્રેણી ૨૦૧૩ માં રમાઈ હતી. આ બંને ટીમો વચ્ચે પાંચમી દ્વિપક્ષીય ટી૨૦ શ્રેણી હતી. લિટન નિયમિત ટી૨૦ કેપ્ટન બન્યા પછી બાંગ્લાદેશની આ ત્રીજી ટી૨૦ શ્રેણી છે. આ ત્રણ શ્રેણીમાં બાંગ્લાદેશે પહેલી વાર શ્રેણી જીતી. આ પહેલા બાંગ્લાદેશને પાકિસ્તાન સામે ૩-૦ અને યુએઈ સામે ૨-૧થી હારનો સામનો કરવો પડ્યો હતો.

આર્જેન્ટિનાના સ્ટાર લિયોનેલ મેસ્સીએ ૨૦૦૮ અને ૨૦૨૧ની વચ્ચે ક્લબમાં આ નંબર પહેર્યો હતો

# બાર્સેલોનાએ મેસ્સીની ૧૦ નંબરની જર્સી ૧૮ વર્ષના ખેલાડી લેમિન યમલને સોંપી

## યમલનો ક્લબમાં ૧૦ નંબરની જર્સી પહેરનારા દિગ્ગજ ખેલાડીઓની યાદીમાં સમાવેશ

નવી દિલ્હી,તા.૧૭

સ્પેનના ૧૮ વર્ષીય ફૂટબોલર લેમિન યામલ આ દિવસોમાં સમાચારમાં છે. તેની લોકપ્રિયતાનું કારણ મેદાન પર તેનું પ્રદર્શન નથી, પરંતુ તેમણે દિગ્ગજ ખેલાડી લિયોનેલ મેસ્સીની જર્સી નંબર ૧૦ ખરીદી છે. બાર્સેલોનાના યુવા ખેલાડી લેમિન યામલને સત્તાવાર રીતે ક્લબની આઈકોનિક નંબર ૧૦ જર્સી સોંપવામાં આવી છે, જે એક સમયે દિગ્ગજ લિયોનેલ મેસ્સી પહેરતો હતો. ક્લબે તેમનો કરાર ૨૦૩૧ સુધી લંબાવ્યો છે. લેમિન યમાલે આ જર્સી અનસુ ફાતી પાસેથી લીધી છે,



જે તાજેતરમાં એક સીઝન માટે ક્લબમાં જોડાયો હતો. મેસ્સી, રોનાલ્ડીન્હો, રિવાલ્ડો, રોમારિયો અને ડિએગો મેરાડોના પછી, યમલ ક્લબમાં ૧૦ નંબરની જર્સી પહેરનારા દિગ્ગજ ખેલાડીઓની યાદીમાં જોડાઈ ગયો છે. અગાઉ, યમાલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ સમાચારને ચર્ચામાં લાવ્યા હતા. જેને હવે પુષ્ટિ મળી ગઈ છે. આર્જેન્ટિનાના સ્ટાર લિયોનેલ મેસ્સીએ ૨૦૦૮ અને ૨૦૨૧માં ક્લબમાં આ નંબર પહેર્યો હતો, જે દરમિયાન તેણે ક્લબના ઈતિહાસમાં સૌથી મહાન ખેલાડી તરીકેનો પોતાનો વારસો મજબૂત કર્યો હતો. પરંતુ તેમના ગયા પછી, અનસુ ફાતીને શર્ટ વારસામાં મળી પરંતુ ઈજાઓ અને સુસંગતતાને કારણે સંઘર્ષ કરવો પડ્યો, જેના કારણે યમલને આગેવાની લેવાની મંજૂરી મળી. યામાલે ૨૦૨૨-૨૩માં ૪૧ નંબરની જર્સી પહેરીને ક્લબ માટે ડેબ્યૂ કર્યું હતું. તે ઝડપથી બાર્સેલોના અને સ્પેનિશ રાષ્ટ્રીય ટીમ બંને માટે મુખ્ય ખેલાડી બની ગયો છે.

લક્ષ્ય સેનનો જાપાનના કોડાઈ નારોકા સામે અને સાત્વિકસાઈરાજ અને ચિરાગની જોડીની ચીન સામે હાર

# લક્ષ્ય સેન અને સાત્વિક-ચિરાગની જોડી જાપાન ઓપનમાંથી બહાર : બધો મદાર અનુપમા પર

નવી દિલ્હી,તા.૧૭

ભારતના સ્ટાર શટલર લક્ષ્ય સેન અને સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી બીજા રાઉન્ડમાં મેચ હારી જાપાન ઓપનમાંથી બહાર થઈ ગઈ છે. હવે બીડબ્લ્યુએફ સુપર ૭૫૦ બેડમિન્ટન ટુર્નામેન્ટ, જાપાન ઓપનમાં માત્ર એક ભારતીય શટલર અનુપમા ઉપાધ્યાય બાકી છે.

ગુરુવારે, લક્ષ્ય સેનને તેના પ્રી-ક્વાર્ટર ફાઈનલ મેચમાં જાપાનના કોડાઈ નારોકા સામે સીધા સેટમાં હારનો સામનો કરવો પડ્યો. નારોકાએ લક્ષ્ય સેનને ૧૯-૨૧, ૧૧-૨૧ થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લક્ષ્યને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધો. અગાઉ લક્ષ્ય સેને ચીનના વાંગ ઝેંગ જિંગને ૨૧-૧૧, ૨૧-૧૮ થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. જાપાન ઓપન મેન્સ ડબલ્સમાં, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ચીની જોડી લિયાંગ વેઈ કેંગ અને વાંગ ચાંગ સામે સીધા સેટમાં હારી ગઈ. ભારતીય જોડીની સફરનો અંત આવ્યો, જ્યારે ચીની જોડી ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ. સાત્વિક-ચિરાગ વેઈ કેંગ અને ચાંગ સામે ૨૨-૨૪, ૧૪-૨૧થી હારી ગયા હતા. સાત્વિક અને ચિરાગે દક્ષિણ કોરિયાના કાંગ મીન હ્યુક અને કી ડોંગ જુને ૪૨ મિનિટમાં ૨૧-૧૮, ૨૧-૧૦ થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. ભારતને ટુર્નામેન્ટમાં મોટો ઝટકો લાગ્યો. હવે ભારતીય ચાહકોની બધી આશાઓ અનુપમા ઉપાધ્યાય પર ટકેલી છે. આજે મહિલા સિંગલ્સના રાઉન્ડ ઓફ ૧૬માં અનુપમાનો મુકાબલો ચીનની વાંગ ઝી યી સામે થશે. આજે આ પ્રી-ક્વાર્ટર ફાઈનલ મેચ જીતીને તેમની પાસે ક્વાર્ટર ફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરવાની તક રહેશે. બધાની નજર તેના મેચ પર રહેશે કારણ કે તે એકમાત્ર ભારતીય શટલર છે જે ટુર્નામેન્ટમાં ભારતની આશાઓને જીવંત રાખી રહી છે.



સુમોદ દામોદર (બોત્સ્વાના) અને શંકર રંગનાથન (સીએરા લિયોન)ને હરાવી

# ICC ચીફ એક્ઝિક્યુટિવ કમિટિમાં ગુરુ મૂર્તિ પલાની, ભટનાગર અને ક્લેર ચૂંટાયા




દુબઈ,તા.૧૭

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની પ્રભાવશાળી ચીફ એક્ઝિક્યુટિવ્સ કમિટીમાં ગુરુમૂર્તિ પલાની, અનુરાગ ભટનાગર અને ગુરદીપ ક્લેરે ચૂંટાયા છે. ફ્રાન્સના ગુરુમૂર્તિ પલાની, હોંગકોંગના અનુરાગ ભટનાગર અને કેનેડાના ગુરદીપ ક્લેરે ચીફ એક્ઝિક્યુટિવપદ માટે ચૂંટણી જીતી, સુમોદ દામોદર (બોત્સ્વાના) અને શંકર રંગનાથન (સીએરા લિયોન) ને હરાવ્યા. દામોદર અને રંગાનાથન ઉપરાંત, ટિમ કટલર (વાનુઆતુ), સ્ટેલા સીલ (સમોઆ) અને સારાહ ગોમર્સલ (જર્સી) પણ સીઈસી ચૂંટણીમાં હતા. આ ચૂંટણીમાં અમેરિકા, એશિયા, આફ્રિકા, યુરોપ અને પૂર્વ એશિયા-પેસિફિક ક્ષેત્રના ૪૦ એસોસિયેટ સભ્યો અને પાંચ પ્રાદેશિક પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો. સીઈસીએ આઈસીસીના સૌથી શક્તિશાળી બોર્ડમાંનું એક છે, જેમાં બધા પૂર્ણ સભ્ય દેશોના બોર્ડ પ્રતિનિધિઓ અને ચૂંટાયેલા એસોસિયેટ પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટના પ્રમોશન સંબંધિત નીતિઓ, શાસન અને માર્ગદર્શિકા ઘડવામાં સીઈસી પ્રભાવશાળી નિર્ણય લેવાની ભૂમિકા ભજવે છે. સીઈસી ચૂંટણી માટેના ઉમેદવારોએ એસોસિયેટ સભ્ય અથવા વર્તમાન/ભૂતપૂર્વ આઈસીસી ડિરેક્ટરનો પ્રતિનિધિ હોવો જરૂરી હતો. પલાની, ભટનાગર અને ક્લેરનો કાર્યકાળ બે વર્ષનો રહેશે. ત્રણેય મેમ્બર્સ કમિટીનો પણ ભાગ હશે, જે એસોસિયેટ સ્તરે ક્રિકેટનું સંચાલન અને નિયમન કરવાનું કામ કરે છે.


૧૯ વર્ષીય પ્રજ્ઞાનંધાએ પાંચ વખતના વિશ્વ ચેમ્પિયનને માત્ર ૩૯ ચાલમાં હરાવ્યો

# આર પ્રજ્ઞાનંધાએ મેગ્નસ કાર્લસનને હરાવ્યો

## ફ્રી સ્ટાઇલ ચેસ ગ્રાન્ડ સ્લેમમાં સંયુક્ત લીડ મેળવી : પ્રજ્ઞાનંધ, નોદિરબેક અબ્દુસત્તોરોવ અને જાવોખિર સિંદારોવ ૪.૫/૭ પોઈન્ટ સાથે ટોચ પર

લાસ વેગાસ,તા.૧૭

ભારતના ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંધાએ લાસ વેગાસમાં ફ્રીસ્ટાઈલ ચેસ ગ્રાન્ડ સ્લેમ ટૂરમાં વિશ્વના નંબર ૧ મેગ્નસ કાર્લસન પર શાનદાર જીત નોંધાવી. ૧૯ વર્ષીય પ્રજ્ઞાનંધાએ પાંચ વખતના વિશ્વ ચેમ્પિયનને માત્ર ૩૯ ચાલમાં હરાવ્યો. તાજેતરમાં ભારતના વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ સામે સતત મેચ હારી ગયેલા નોર્વેજીયન ગ્રાન્ડમાસ્ટર કાર્લસનને બીજી હારનો સામનો કરવો પડ્યો. ટુર્નામેન્ટના ગ્રુપ સ્ટેજના ચોથા રાઉન્ડમાં કાર્લસનનો ૧૯ વર્ષીય આર. પ્રજ્ઞાનંધાએ પરાજય કર્યો હતો. આ ટુર્નામેન્ટમાં, દરેક ખેલાડીને દરેક ચાલ પર ૧૦ મિનિટનો સમય અને ૧૦ સેકન્ડ વધારાનો મળે છે. આઠ ખેલાડીઓના ગ્રુપ વ્હાઈટમાં પ્રજ્ઞાનંધ




હવે ૪.૫ પોઈન્ટ સાથે સંયુક્ત રીતે આગળ છે. પ્રજ્ઞાનંધાએ નોદિરબેક અબ્દુસત્તોરોવ સામે કાળા ટુકડાઓ સાથે ડ્રો રમીને ટુર્નામેન્ટની શરૂઆત કરી. ત્યારબાદ તેણે અસૌબાયેવાને હરાવી. તેણે ત્રીજા રાઉન્ડમાં કીમરને કાળા ટુકડાઓથી હરાવ્યો અને પછી ચોથા રાઉન્ડમાં કાર્લસનને આશ્ચર્યચકિત કરી દીધો. કાર્લસન પહેલાથી જ પેરિસ અને કાર્લસ્રુહેમાં ફ્રીસ્ટાઈલ ચેસ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ જીતી ચૂક્યો છે. તે સમગ્ર પ્રવાસ દરમિયાન ટોચ પર હતો પરંતુ હવે લાસ વેગાસમાં ટાઈટલ રેસમાંથી બહાર ફેંકાઈ ગયો છે. રાઉન્ડ-રોબિન તબક્કામાં રોલર-કોસ્ટર દિવસ પછી, કાર્લસન તેના ગ્રુપમાં ચોથા સ્થાને રહ્યો અને પ્લેઓફમાં લેવોન એરોનિયન સામે બહાર થઈ ગયો. હવે તે નીચલા કૌંસમાં પહોંચી ગયો છે, જ્યાં તે ત્રીજા સ્થાનથી ઉપર રહી શકતો નથી. કાર્લસને બે જીત સાથે શરૂઆત કરી હતી, પરંતુ પછી તેના પ્રદર્શનમાં ઘટાડો થયો. પ્રજ્ઞાનંધ અને વેસ્લી સો સામે હાર અને બે ડ્રો બાદ, તેને ટાઈબ્રેકર માટે દબાણ કરવા માટે અંતિમ રાઉન્ડમાં જીતની જરૂર હતી. તેણીએ બિબીસારા અસુબાયેવાને હરાવી, પરંતુ પછી એરોનીયન સામે બંને પ્લેઓફ રમતો હારી ગઈ. આ કારણે, તે ટોચના બ્રેકેટમાં જઈ શક્યો નહીં. આ જ ગ્રુપમાં, પ્રજ્ઞાનંધ, નોદિરબેક અબ્દુસત્તોરોવ અને જાવોખિર સિંદારોવ ૪.૫/૭ પોઈન્ટ મેળવીને ટોચ પર રહ્યા. એરોનેયને ૪ પોઈન્ટ બનાવ્યા અને કાર્લસનને હરાવ્યો. હિકારુ નાકામુરાએ બ્લેક ગ્રુપમાં શાનદાર પ્રદર્શન કર્યું અને ૭ માંથી ૬ પોઈન્ટ સાથે ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવ્યું. શરૂઆતમાં ૫ માંથી ૪.૫ પોઈન્ટ મેળવનાર હેન્સ નીમેન પણ આગળના રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો. ફેબિયાનો કારુઆના અને અર્જુન એરિગાઈસી પણ તેમની સાથે આગળ વધ્યા. કારુઆનાએ તેની પહેલી છ મેચ ડ્રો કરી હતી પરંતુ છેલ્લા રાઉન્ડમાં નીમેનને હરાવવા માટે જરૂરી જીત નોંધાવી. આ જ ગ્રુપમાં, પ્રજ્ઞાનંધ, નોદિરબેક અબ્દુસત્તોરોવ અને જાવોખિર સિંદારોવ ૪.૫/૭ પોઈન્ટ સાથે ટોચ પર રહ્યા.

અજબ ગજબ

જાપાનમાં ક્લાયન્ટ સર્વિસીસ નામની કંપની ઓકે ગ્રાન્ડમા નામની એક અનોખી સેવા પ્રદાન કરે છે

# અહીં તમે દાદીમાઓને ભાડે રાખી શકો છો, લોકો ૧ કલાક માટે ૧૮૦૦ ચૂકવે છે



શું તમે ક્યારેય ઈચ્છ્યું છે કે કોઈ સમજદાર વ્યક્તિ તમારી સમસ્યાઓ સાંભળે, તમને સલાહ આપે અથવા તમારા માટે સ્વાદિષ્ટ ઘરે બનાવેલું ભોજન તૈયાર કરે? હવે જાપાનમાં તે શક્ય છે.

આજકાલ સંયુક્ત પરિવારો ઓછા થઈ રહ્યા છે. લોકો તેમના દાદા-દાદીથી દૂર થઈ રહ્યા છે. આ કારણે તેઓ એકલતાભર્યું જીવન જીવી રહ્યા છે. વડીલોનો સાથ ફક્ત ઘરને જ ભરતો નથી, પરંતુ વ્યક્તિ ઘણા પ્રકારના અનુભવો પણ શીખે છે જે તેના જીવન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જાપાનમાં, એક કંપનીએ એવા લોકો માટે એક ખાસ સેવા શરૂ કરી છે જેઓ શીખવામાં અસમર્થ છે. અહીં હવે લોકો દાદા-દાદીને ભાડે રાખી શકે છે.

શું તમે ક્યારેય ઈચ્છ્યું છે કે



કોઈ સમજદાર વ્યક્તિ તમારી સમસ્યાઓ સાંભળે, તમને સલાહ આપે અથવા તમારા માટે સ્વાદિષ્ટ ઘરે બનાવેલું ભોજન તૈયાર કરે? જાપાનમાં હવે તે શક્ય છે.

જાપાનમાં ક્લાયન્ટ સર્વિસીસ નામની કંપની ઓકે ગ્રાન્ડમા નામની એક અનોખી સેવા પ્રદાન કરે છે, જેમાં ૬૦ થી ૯૪ વર્ષની વયની મહિલાઓને નોકરી પર રાખી શકાય છે. ઓકે ગ્રાન્ડમા સેવા ૨૦૧૨ માં શરૂ કરવામાં આવી હતી અને હજુ પણ કંપનીની સૌથી લોકપ્રિય સેવાઓમાંની એક છે. સેવા માટે પ્રારંભિક ફી ૩,૩૦૦ યેન (આશરે ૧,૮૦૦) પ્રતિ કલાક છે, જેમાં પરિવહન ફી અને અન્ય ખર્ચ અલગ છે.

કંપનીના જણાવ્યા અનુસાર, આ દાદીઓ માત્ર ઉંમરમાં મોટી નથી પણ તેમની પાસે અમૂલ્ય અનુભવ પણ છે. તેમની પાસે ઘરકામ, બાળકોની સંભાળ, પરંપરાગત રસોઈ અને જીવનની સમજ જેવી ઘણી કુશળતા છે. તેઓ ફક્ત સેવાઓ પૂરી પાડવા માટે જ નથી આવતા, પરંતુ જીવનની ઠંડી છાયા અને પોતાનાપણાની ભાવના પણ લાવે છે. ગ્રાહકોને ફક્ત તેમની જરૂરિયાતો જણાવવાની હોય છે, જેમ કે કોઈને રસોઈ શીખવવાની જરૂર હોય, કોઈ એકલતા અનુભવતું હોય અથવા કોઈ ભાવનાત્મક સમસ્યામાં માર્ગદર્શનની જરૂર હોય અને કંપની તેમની પાસે યોગ્ય દાદી મોકલે છે.

આ સેવાનો ઉપયોગ વિચિત્ર રીતે કરી રહ્યા છે કેટલાક ગ્રાહકોએ આ સેવાનો ઉપયોગ અસામાન્ય રીતે કર્યો છે. એક વ્યક્તિએ કહ્યું, "હું મારા બોયફ્રેન્ડ સાથે સંબંધ તોડવા માંગતો હતો પણ એકલા કરવાની હિંમત નહોતી, તેથી મેં એક દાદીને મારી સાથે આવવા આમંત્રણ આપ્યું." જ્યારે બીજાએ કહ્યું, "મારા લગ્નમાં થોડા સંબંધીઓ હતા, તેથી મેં એક દાદીને પરિવારના સભ્ય તરીકે આમંત્રણ આપ્યું." ઓકે ગ્રાન્ડમા સેવામાં સામેલ દાદીઓ માત્ર રસોઈ કેવી રીતે બનાવવી કે ઘર સાફ કરવું તે જ જાણતી નથી, ઘણી બધી ઉત્તમ સલાહકાર પણ છે. જીવનના અનુભવોમાંથી શીખીને, તેઓ આજના યુવાનોને સંબંધો, કારકિર્દી અથવા માનસિક તાણનો સામનો કેવી રીતે કરવો તે અંગે સલાહ આપે છે. ઘણી દાદીઓ પાસે ઉત્તમ હસ્તાક્ષર પણ હોય છે, જે તેમને પરંપરાગત જાપાની સંસ્કૃતિના સમારંભોમાં ખાસ બનાવે છે.

### ઇન્કમટેક્સ ફાઇલ કરવા માટેની ડેડલાઇન લંબાવીને ૧૫ સપ્ટેમ્બર કરવામાં આવી

# ITRમાં ભૂલ હશે તો AI ગરબડ પકડી પાડશે!

## ખોટી માહિતી આપવા બદલ ૨૦૦ ટકા સુધી પેનલ્ટી અને સાત વર્ષની કેદ પણ થઈ શકે છે

નવી દિલ્હી, તા.૧૭

ઇન્કમટેક્સ ફાઇલ કરવા માટેની ડેડલાઇન લંબાવીને ૧૫ સપ્ટેમ્બર કરવામાં આવી છે. ડેડલાઇન લંબાવવા પાછળનું કારણ કરદાતા સરળતાથી અને ચકાસીને ITR ફાઇલ કરી શકે. જો ભૂલથી કે જાણી જોઈને ટેક્સ કપાત કે નકલી ક્લેમ કરવામાં આવે તો તમારે ભારે ભરખમ પેનલ્ટીનો સામનો કરવો પડી શકે છે. આવકવેરા વિભાગ ટેક્સ કપાતના નકલી ક્લેમની તપાસ માટે એઆઇ અને ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરી રહ્યા છે.




આવકવેરા વિભાગે આઇટીઆર ફાઇલિંગમાં થતી છેતરપિંડીઓ અટકાવવા માટે એઆઇ અને ડેટા એનાલિટિક્સ સાથે સિસ્ટમ અપગ્રેડ કરી છે. ઘણા એજન્ટ ગેરેન્ટેડ રિફંડનો દાવો કરતાં આ પ્રકારની છેતરપિંડી આચરતાં હોય છે. આવકવેરા અધિનિયમની કલમ 10 (13A) અંતર્ગત મકાન ભાડું ભથ્થું (એચઆરએ), કલમ 80 (S) હેઠળ દાન અને 80ની વિવિધ કલમો હેઠળ લોન વ્યાજ સહિત લોકપ્રિય કપાત કલમોનો વ્યાપકપણે દુરુપયોગ થઈ રહ્યો છે. જેથી વિભાગે એઆઈની મદદથી ટીડીએસ ડેટા, બેંક રેકોર્ડ અને અન્ય થર્ડ પાર્ટી સ્રોત પાસેથી ક્લેમ વેરિફાય કરી રહ્યું છે.

જો તમે નકલી ક્લેમ કરો છો અને આવકવેરા વિભાગની એઆઇ સિસ્ટમમાં ઝડપાઈ જાવ છો તો આવકવેરા અધિનિયમ કપાતની ખોટી માહિતી આપવા બદલ પેનલ્ટી ફટકારે છે. જેમાં ટેક્સના ૨૦૦ ટકા સુધી પેનલ્ટી અને વાર્ષિક ૨૪ ટકા સુધી વ્યાજ લાગુ થઈ શકે છે. ગંભીર ઉલ્લંઘન કરનારાઓ પર કેસ પણ ચલાવવામાં આવે છે. જેમાં જાણી જોઈને ટેક્સ ચોરી કરવાની કલમ ૨૭૬સી હેઠળ સાત વર્ષની સજાની જોગવાઈ છે.

આવકવેરા અધિનિયમ દ્વારા ઉપયોગમાં લેવાઈ રહેલી એઆઈ સિસ્ટમે અનેક કરદાતાઓનો પર્દાફાશ કર્યો છે. વિભાગની એઆઈ સંચાલિત સિસ્ટમ આવકવેરા રિટર્ન અને AIS તથા ફોર્મ 26AS સાથે મળી આવકના આંકડાઓ વચ્ચે જોવા મળતી વિસંગતિઓની તુરંત ઓળખી કાઢે છે. જેથી થોડી પણ ભૂલ તમને નોટિસ મોકલી શકે છે. હવે માત્ર ફોર્મ ભરવા સુધી સીમિત નથી. તમારી પાસે દરેક ક્લેમના સપોર્ટમાં નક્કર પુરાવો હોવો જોઈએ. જેથી નોટિસ મળે તો સાબિતી કરી શકાય. વિભાગ કરદાતાઓને સંદિગ્ધ રિફંડ આપતાં એજન્ટ પર વિશ્વાસ ન કરવા પણ સલાહ આપી રહ્યું છે.

જો આઈટીઆર ફાઈલ કરતી વખતે કોઈ ભૂલ થઈ હોય અથવા ક્લેમમાં કોઈ ભૂલ થઈ હોય તો તુરંત આઈટીઆર-યુ દાખલ કરવું જોઈએ. જેની મદદથી તમે આકરી પેનલ્ટી કે કેસની ઝંઝટમાંથી બચી શકો છો. આઈટીઆર-યુ અર્થાત્ અપડેટેડ આઈટીઆરમાં તમે તમારી ભૂલો કે ખામીને સુધારી શકો છો. આવકવેરા વિભાગ ટેક્સ કપાતના નકલી ક્લેમની તપાસ માટે એઆઈ અને ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરી રહ્યા છે. આવકવેરા અધિનિયમ દ્વારા ઉપયોગમાં લેવાઈ રહેલી એઆઈ સિસ્ટમે અનેક કરદાતાઓનો પર્દાફાશ કર્યો છે.

### પડકારોને કારણે ભારતની વેપારિકનિકાસ દબાણ હેઠળ આવી શકે છે

# યુએસ ટેરિફ ૨૦૨૬માં ભારતની નિકાસ ઘટાડી શકે છે : ક્રિસિલ રિપોર્ટ

નવી દિલ્હી, તા.૧૭

ક્રિસિલના અહેવાલ મુજબ, યુએસ ટેરિફ પડકારોને કારણે ભારતની વેપારી નિકાસ દબાણ હેઠળ આવી શકે છે. જોકે, ચાલુ ખાતાની ખાધ (CAD) નાણાકીય વર્ષ ૨૬ માં GDP ના ૧.૩ ટકાની સુરક્ષિત શ્રેણીમાં રહેવાની ધારણા છે.

રેટિંગ ફર્મ ક્રિસિલના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે નાણાકીય વર્ષ ૨૬ માં ભારતની વેપારી નિકાસને યુએસ ટેરિફથી પડકારોનો સામનો કરવો પડી શકે છે. અહેવાલમાં જણાવાયું છે કે ટેરિફ વધારો ઓગસ્ટથી અમલમાં આવવાની અપેક્ષા છે. ભારત અને અમેરિકા દ્વિપક્ષીય વેપાર સોદો અને એક મહત્વપૂર્ણ દેખરેખ કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) અનુસાર, ૨૦૨૫ માં વેપારના જથ્થામાં ૦.૨




ટકાનો ઘટાડો થવાની ધારણા છે, જે ૨૦૨૪ માં ૨.૯ ટકાનો વિકાસ દર હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક વૃદ્ધિ ૨૦૨૫ માં ૩.૩ ટકાથી ઘટીને ૨.૯ ટકા થવાની ધારણા છે. ૨.૮ ટકાથી ઘટીને ૧.૭ ટકા થવાની ધારણા છે, જે ભારતના સૌથી મોટા નિકાસ સ્થળ અમેરિકામાં ૨.૮ ટકા હતો. પરિણામે, આ નાણાકીય વર્ષમાં ભારતના વેપાર પર દબાણ આવવાની ધારણા છે. જોકે, ચાલુ ખાતાની ખાધ (CAD) નાણાકીય વર્ષ ૨૬ માં GDP ના ૧.૩ ટકાની સુરક્ષિત શ્રેણીમાં રહેવાની ધારણા છે. સેવાઓ વેપારમાં સરપ્લસ અને મજબૂત ઇનકમિંગ રેમિટન્સ ચાલુ ખાતાની ખાધ (CAD) ને અમુક અંશે સંતુલિત કરવામાં મદદ કરશે. જો કોઈ દેશની આયાત તેની નિકાસ કરતા વધુ હોય, તો તેને દેશની ચાલુ ખાતાની ખાધ કહેવામાં આવે છે.

**જાહેર નોટીસ**

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન : ૦૭૯-૨૩૨૫૮૯૫૯
Website :https://gujrera.gujarat.gov.in
વિષય : CMP/A/ONLINE/Vadodara/08052025/00148
હાઇબ્રીડ સુનાવણી
(વર્ચુઅલ/ફીઝીકલ) બાબતની નોટીસ

પ્રોજેક્ટ : Mapel Vista

ફરીયાદી : પ્રવિણભાઇ બી. વાછાણી
બી-૨૭, મહાલક્ષ્મી નગર,સોસાયટી, પાનડીયા હનુમાનરોડ, પાદરા, વડોદરા-૩૯૧૪૪૦.
સામાવાળા : (૧) શ્રી સિધ્ધિ વિનાયક ડેવલોપર્સ
૧૨, પહેલો માળ, મેપલ ગ્રીન, વિશ્વામિત્રી ટાઉનશીપ સામે, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧
(૨) અપુર્વ દિનેશ પટેલ
(૩) ભાર્ગવી પટેલ
૫/૧, સમૃધ્ધિ બંગ્લોઝ, વડોદરા-૩૯૦૦૧૧

પ્રોજેક્ટ : Mapel Vista

ઉપરોક્ત ફરીયાદી દ્વારા ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી ગાંધીનગર સમક્ષ ઉપરોક્ત Complain No. CMP/A/ONLINE/Vadodara/08052025/00148 માં દર્શાવ્યા મુજબ Complain દાખલ કરેલ છે. આથી તમો પ્રતિવાદી નં. ૧ થી ૩ ને વારંવાર તમારા જણાવેલા સરનામે નોટિસ મોકલવા છતા પણ પરત આવેલ છે. જેથી ચોક્કસ સરનામા નહી હોવાથી, સમન્સ/નોટીસ વગર બજે પરત આવેલ હોવાથી ફરીયાદી જાહેર નોટીસ/સમન્સ વર્તમાન પત્રમાં છપાવવાની અરજી કરતા Authority તે મંજુર રાખી [illegible]

આથી તમો પ્રતિવાદી ૧ થી ૩ ને આ પબ્લિક નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જો ઉપરોક્ત વેબ્ધ દિવસે અને સમયે તમે હાજર થવામાં કસુર કરશો તો કમ્પ્લેનની સુનાવણી અને નિકાલ કાયદાનુસાર તમારી ગેરહાજરીમાં કરવામાં આવશે.
આજ તારીખ ૦૭-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી તથા ઓથોરીટી નો સિક્કો કરી આપ્યો.

ઓથોરીટી નો સિક્કો
સેક્રેટરી
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ગાંધીનગર

### આંકડા ઔદ્યોગિક ઉત્પાદન, બેરોજગારી, ફુગાવાનો દર, વેપાર, આર્થિક વિકાસ દર

# ભારતીય અર્થતંત્રના ઉચ્ચ-આવર્તન સૂચકાંકો મંદીના સંકેતો બતાવી રહ્યા છે : નુવામાનો દાવો

## મોટાભાગના આર્થિક સૂચક ડેટા એક વર્ષ પહેલાં બે આંકડામાં હતા તે હવે એક અંકમાં આવી ગયા

નવી દિલ્હી, તા.૧૭

નુવામાના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતીય અર્થતંત્રના ઉચ્ચ-આવર્તન સૂચકાંકો મંદીના સંકેતો બતાવી રહ્યા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય રિઝર્વ બેંક દ્વારા વ્યાજ દરમાં ઘટાડો અને અન્ય પ્રવાહિતા પગલાં છતાં, મુખ્ય ક્ષેત્રોમાં વૃદ્ધિની ગતિ નબળાઈના સંકેતો બતાવી રહી છે.

અર્થતંત્રમાં ઝડપથી બદલાતા ડેટાને ઉચ્ચ આવર્તન સૂચકાંકો કહેવામાં આવે છે. આ આંકડા ઔદ્યોગિક ઉત્પાદન, બેરોજગારી દર, ફુગાવાનો દર, વેપાર સંતુલન, આર્થિક વિકાસ દર છે. અહેવાલ મુજબ, મોટાભાગના આર્થિક સૂચક ડેટા જે એક વર્ષ પહેલા બે આંકડામાં હતા તે હવે એક અંકમાં આવી ગયા છે. આ કોવિડ રોગચાળા પહેલાના સ્તર જેવું જ છે. જૂન ૨૦૨૫ સુધીમાં ભારતનો બેંક ક્રેડિટ વૃદ્ધિ દર ઘટીને ૯ ટકા થવાનો અંદાજ છે. એક વર્ષ પહેલાં તે ૧૬ ટકા હતો. આ ઘટાડાનું મુખ્ય કારણ આર્થિક પ્રવૃત્તિમાં મંદી અને ઉધાર લેવાની



માંગનો અભાવ છે. તેવી જ રીતે, જૂન ૨૦૨૫માં GST વસૂલાત ઘટીને માત્ર ૬.૨ ટકા થવાનો અંદાજ છે. ગયા વર્ષે તે ૧૧ ટકાના દરે વધી રહ્યો હતો. આ ઘટાડો વપરાશ અને વ્યવસાયિક પ્રવૃત્તિમાં મંદી દર્શાવે છે. અહેવાલમાં એ પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે નિકાસ વૃદ્ધિ પણ ધીમી રહી છે. કુલ નિકાસ (માલ અને સેવાઓ) માં માત્ર ૬ ટકાનો વધારો જોવા મળ્યો છે. આ નાણાકીય વર્ષ ૨૩ ના સમયગાળામાં જોવા મળેલા બે-અંકના વિકાસ કરતા ઘણો ઓછો છે. માહિતી અનુસાર, ૧૨ મહિનાની મૂવિંગ એવરેજ ધરાવતા ભારતમાં ઘણા મુખ્ય સૂચકાંકો સતત નીચે તરફ વલણ દર્શાવી રહ્યા છે. ગ્રાહક ખર્ચ સંબંધિત સૂચકાંકો પણ નબળી પરિસ્થિતિ તરફ ઈશારો કરી રહ્યા છે. ગયા વર્ષે પેસેન્જર વાહનોના વેચાણમાં ૭%નો વધારો થયો હતો પરંતુ હવે તે માત્ર ૨% પર છે,ટોચના ૭ શહેરોમાં રિયલ એસ્ટેટ વેચાણ વૃદ્ધિ ૨૮% થી ઘટીને ૪% થઈ, BSE ૫૦૦ કંપનીઓમાં પગાર વધારો ૧૨% થી ઘટીને ૬% થયો, બીએસઈ ૫૦૦ કંપનીઓ (ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સિવાય) નો નફો વૃદ્ધિ દર ૨૧ ટકાથી ઘટીને ૧૦ ટકા થયો.આઠ મુખ્ય ક્ષેત્રોનો વિકાસ દર ૮% થી ઘટીને ૩% થયો,ડીઝલના વપરાશમાં ૧%નો ઘટાડો થયો મધ્યમ અને ભારે વાણિજ્યિક વાહનોના વેચાણમાં ૩%નો ઘટાડો થયો,માલ અને સેવાઓની નિકાસ માત્ર ૬ ટકાના દરે વધી રહી છે.

### ઈસ્લામિક ઈન્વેસ્ટમેન્ટ્સના

# હેલ્થકેરમાં ભારતના ક્યુપિડ લિ.નું મોટું રોકાણ

મુંબઈ, તા.૧૭

જીઆઈઆઈ હેલ્થકેર ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ સાઉદી અરેબિયા સ્થિત એક અગ્રણી આરોગ્ય સેવા પ્રદાતામાં મહત્વપૂર્ણ લઘુમતી ઈક્વિટી હિસ્સો ધરાવે છે, જીઆઈઆઈ એક અગ્રણી ઈન્વેસ્ટમેન્ટ કંપની છે, જેની સંચાલન હેઠળની સંપત્તિ ૩.૫ બિલિયન અમેરિકન ડોલરથી વધુ છે અને તે સાઉદી અરેબિયા, યુએઈ, યુરોપ, યુએસએ અને ભારતમાં ઉપસ્થિતિ ધરાવે છે. ક્યુપિડ લિમિટેડ પુરુષ અને સ્ત્રી કોન્ડોમ, પાણી આધારિત પર્સનલ લુબ્રિકન્ટ્સ, આઈવીડી કિટ્સ, ડિઓડોરન્ટ્સ, પરફ્યુમ, આલમોન્ડ હેર ઓઈલ, બોડી ઓઈલ, પેટ્રોલિયમ જેલી સહિત અન્ય એફએમસીજી પ્રોડક્ટ્સની ભારતની અગ્રણી મેન્યુફેક્ચરર બ્રાન્ડ છે.

ગલ્ફ ઈસ્લામિક ઈન્વેસ્ટમેન્ટ્સ (જીઆઈઆઈ) દ્વારા સંચાલિત આરોગ્ય સેવા-કેન્દ્રિત રોકાણ માધ્યમ, જીઆઈઆઈ હેલ્થકેર ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડએ વ્યૂહાત્મક રોકાણની જાહેરાત કરી છે. ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર આદિત્ય કુમાર હલવાસિયાએ જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક ભાગીદારી છે. ગલ્ફ ક્ષેત્રમાં ક્યુપિડના પ્રવેશ માટેનો પાયો નાખે છે. પર્સનલ કેર પ્રોડક્ટ્સ, જીસીસીમાં દર્દી વસ્તી વિષયક સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે, ભવિષ્યમાં તાલમેલ અને વિશાળ વિતરણ તકો પેદા કરે છે. આ ઐતિહાસિક ભાગીદારી છે. ગલ્ફ ક્ષેત્રમાં ક્યુપિડના પ્રવેશ માટેનો પાયો નાખે છે.

### અમેરિકા-ભારત વેપાર વાટાઘાટો

# આઈટી શેરોમાં વેચવાલી, નવા વિદેશી ભંડોળના આઉટફ્લોને કારણે શેરબજાર નીચા સ્તરે બંધ




મુંબઈ, તા.૧૭

બેન્ચમાર્ક શેર સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી ઘટીને બંધ થયા હતા, કારણ કે આઈટી શેરોમાં વેચવાલી અને રોકાણકારો અમેરિકા-ભારત વેપાર વાટાઘાટોના પરિણામ પહેલા રાહ જુઓની સ્થિતિમાં રહ્યા હતા. ૩૦ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૩૭૫.૨૪ પોઈન્ટ અથવા ૦.૪૫ ટકા ઘટીને ૮૨,૨૫૯.૨૪ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૧૫.૨૧ પોઈન્ટ અથવા ૦.૫૦ ટકા ઘટીને ૮૨,૨૧૯.૨૭ પર બંધ થયો હતો. ૫૦ શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી ૧૦૦.૬૦ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા ઘટીને ૨૫,૧૧૧.૪૫ પર બંધ થયો હતો. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે નવા વિદેશી ભંડોળના પ્રવાહ અને ત્રિમાસિક કમાણીમાં ઘટાડો થવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર અસર પડી હતી. સેન્સેક્સ કંપનીઓમાં, ટેક મહિન્દ્રાના જૂન ક્વાર્ટરના કમાણી રોકાણકારોને ઉત્સાહિત કરવામાં નિષ્ફળ ગયા પછી, તેમાં લગભગ ૩ ટકાનો ઘટાડો થયો હતો. IT સેવાઓ કંપની ટેક મહિન્દ્રાએ ૩૦ જૂન, ૨૦૨૫ ના રોજ પૂરા થતા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૧,૧૪૦.૬ કરોડ રૂપિયાના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફાનો અહેવાલ આપ્યો હતો. આ વૃદ્ધિ કોમ્યુનિકેશન અને ફાઈનાન્શિયલ સર્વિસિસ વર્ટિકલ્સમાં થઈ હતી. ઈન્ફોસિસ, એચસીએલ ટેક, એટરનલ, લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને એક્સિસ બેંક પણ પાછળ રહ્યા હતા. જોકે, ટાટા સ્ટીલ, ટ્રેન્ટ, ટાઈટન અને ટાટા મોટર્સ વધ્યા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) એ ૧,૮૫૮.૧૫ કરોડ રૂપિયાના ઈક્વિટી વેચ્યા હતા. ભારતીય ઈક્વિટી બેન્ચમાર્ક નજીવા ઘટાડા સાથે બંધ થયા, કારણ કે રોકાણકારોએ Q1 ના નબળા કમાણીની જાહેરાતો વચ્ચે સાવચેતી રાખી હતી, ખાસ કરીને ટેકનોલોજી અને બેંકિંગ ક્ષેત્રોમાં. યુએસ-ભારત વેપાર સોદા અંગેની અનિશ્ચિતતાને કારણે લાર્જ-કેપ શેરોના ઊંચા મૂલ્યાંકન અને FII આઉટફ્લોને કારણે બજારના સહભાગીઓ બાજુ પર રહ્યા; જોકે, કોઈપણ સકારાત્મક વિકાસ બજારના સેન્ટિમેન્ટને વધારી શકે છે.

**નામ બદલેલ છે**
મારું જૂનું નામ: ટાવારવાલા અરબાબ હુસેન શબ્બીર હુસૈન, હતું
જે બદલીને નવું નામ:
અરબાબહુસેન ટાવરવાલા રાખેલું છે.
સરનામું: સ્ટેશન રોડ કાળુજી કંપની, મુકામ પોસ્ટ નસવાડી

**નામ બદલેલ છે**
મારું જૂનું નામ: રાજકુમારી દેવી હતું,
જે બદલીને નવું નામ:
રાજકુમારી મૌર્ય
રાખેલ છે,
સરનામું: મામલતદાર ઓફિસ, કડીપાણી રોડ, મુકામ પોસ્ટ કવાટ, જિલ્લો છોટાઉદેપુર

**નામ બદલેલ છે**
મારું જૂનું નામ: સુષમાકુમારી હરીમંગલ મૌર્ય, હતું જે બદલીને,
નવું નામ:
સુષમાબેન મૌર્ય, રાખેલ છે
સરનામું: મામલતદાર ઓફિસ, કડીપાણી રોડ, મુકામ પોસ્ટ કવાટ, જિલ્લો છોટાઉદેપુર

**શ્રી ભારત કો-ઓપરેટીવ બેન્ક લિ.**
"સહકાર સાધના" વાડી ટાવર પાસે, વાડી, વડોદરા-૩૯૦૦૧૭

ચુંટણી માટેનો કાર્યક્રમ

બેન્કના પેટા કાયદા નિયમ મુજબ સને ૨૦૨૫-૨૬ થી સને ૨૦૩૦-૩૧ ના પાંચ વર્ષ માટે ૧૨ (બાર) ડીરેક્ટર્સની ચુંટણી કરવાની થાય છે, તે પૈકી ૨(બે) ડીરેક્ટર મહિલા માટે અને ૧(એક) ડીરેક્ટર અનુસુચિત જાતિ અથવા અનુસુચિત આદિ જાતિના સભ્ય માટે અનામત રહેશે. ચુંટણી અંગેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

(૧) ઉમેદવારી ફોર્મ બેંકમાંથી મેળવવાની તા.૧૯/૦૭/૨૦૨૫, શનિવાર બપોરના ૧૦-૦૦ થી ૦૨-૦૦ કલાક સુધી.
(૨) ઉમેદવારી પત્રો સ્વીકારવાની શરૂ કરવાની તા. ૨૧/૦૭/૨૦૨૫, સોમવાર બપોરના ૧૦-૦૦ થી ૦૪-૦૦ કલાક સુધી.
(૩) ઉમેદવારી પત્રો ચકાસવાની તા. ૨૨/૦૭/૨૦૨૫, મંગળવાર બપોરના ૦૫-૦૦ કલાકે.
(૪) મંજુર થયેલ ઉમેદવારી પત્રોની જાહેરાતની તા. ૨૨/૦૭/૨૦૨૫, મંગળવાર બપોરના ૦૫-૦૦ કલાકે.
(૫) ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તા. ૨૩/૦૭/૨૦૨૫, બુધવાર બપોરના ૦૫-૦૦ કલાક સુધી.
(૬) ઉમેદવારોની છેવટના યાદી પ્રસિધ્ધ કરવાની તા. ૨૩/૦૭/૨૦૨૫, બુધવાર સાંજના ૦૫-૦૦ કલાકે.

ચુંટણી કરવાની જરૂર પડેથી :-
ચુંટણીની તા. ૨૭/૦૭/૨૦૨૫, રવિવાર સવારના ૮-૦૦ કલાકથી બપોરના ૪-૦૦ કલાક સુધી.
મતદાનનું સ્થળ : બેન્કની મુખ્ય ઓફીસ સહકાર સાધના વાડી ટાવર પાસે, વડોદરા.
મત ગણતરી : મતદાન પુરૂ થયેથી તેજ સ્થળે સાંજના ૫-૦૦ કલાકે કરવામાં આવશે.
નોંધ:- ચુંટણી અંગેનો વિગતવાર કાર્યક્રમ તમામ શાખાના નોટીસ બોર્ડ તેમજ બેંકની વેબસાઈટ www.shreebharatbank.com ઉપર પ્રસિધ્ધ કરેલ છે.
તા. ૧૭/૦૭/૨૦૨૫
વડોદરા
( )
ચુંટણી અધિકારી

**જંગમ મિલકતના વેચાણની જાહેર હરાજી અંગે નોટીસ**
મે.વડોદરાના પમાં એડી.ડીસ્ટ્રીક્ટ જજ (પ્રિયંકા અગ્રવાલ સાહેબ)ની કોર્ટમાં
કોમ દરખાસ્ત નંબર ૧૦૫/૨૦૨૨ ના કામે આંક-૧૧ લગત થયેલ હુકમ આધારે
દરખાસ્ત વાદી : કોમર્શિયલ દર. નંબર ૧૦૫/૨૦૨૨
1. Kansara Madhukar Ambalal
At- 01, G-Tower, Kunj Plaza, Near Polo Club, Rajmahal Road, Vadodara.
વિરૂધ્ધ
દરખાસ્ત પ્રતિવાદી :
1. M/s. Amalgamated Bean Coffee Trading Co. Ltd.
Office - "Cafe Coffee Day" Chandra Kutir Apartment, Opp. Kalyan Hotel, Sayajigunj, Vadodara.

૧) સદરહુ દરખાસ્તના કામે ના. કોર્ટના હુકમ મુજબ દ.પ્ર.વાદીની જંગમ મિલકત કે જે વડોદરા સબ ડીસ્ટ્રીક્ટ વડોદરાના મોજે દુકાન નં. ૩૮, ગ્રાઉન્ડ ફ્લોર, અલંકાર ટાવર, સયાજીગંજ, વડોદરા ખાતે ગોડાઉનમાં મુકેલ જપ્ત કરેલ જંગમ મિલકતની જાહેર હરાજીથી વેચાણ કરવા માટેનું જાહેરનામું બહાર પાડેલ છે. (૨) સદર ઉપર જણાવેલ મિલકતની જાહેર હરાજી સીવીલ કોર્ટના બેલીફ મારફતે બીજી વારી હરાજીની તા. ૨૨/૦૭/૨૦૨૫ ના રોજ મિલકતના સ્થળે અને ત્રીજીવારી છેલ્લી હરાજીની તા. ૦૬/૦૮/૨૦૨૫ ના રોજ ડીસ્ટ્રીક્ટ કોર્ટ, નાઝર બ્રાન્ચ, રૂમ નં. બી-૧૮, બીજે માળ, ન્યાય મંદિર, વડોદરા ખાતે રાખવામાં આવેલ છે, તો સદર મિલકત જાહેર હરાજીથી ખરીદવા માંગતા અને રસ ધરાવતા ઇસમોએ સદર તારીખોએ હરાજીમાં હાજર રહેવા આ નોટીસથી જણાવવામાં આવે છે અને બોલી લગાવવા આમંત્રણ આપવામાં આવે છે. સદર હરાજીની શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. અને જાહેરનામની શરતો લાગુ પડશે. આજ તા. ૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા ન્યાયાલયનો સિક્કો કરીને આપ્યું.
(વાય. એમ. ચૌધરી)
તા. ૦૪/૦૭/૨૦૨૫ કોર્ટ કમિશ્નર, વડોદરા

જપ્ત કરેલ જંગમ મીલકતનું વર્ણન
વડોદરા સબ ડીસ્ટ્રીક્ટ વડોદરાના મોજે દુકાન નં. ૩૮, ગ્રાઉન્ડ ફ્લોર, અલંકાર ટાવર, સયાજીગંજ, વડોદરા ખાતે આવેલ જંગમ મિલકતની યાદી

| અનુ. નં. | માલ/મિલકતની યાદી | અનુ. નં. | માલ/મિલકતની યાદી |
|---|---|---|---|
| ૧ | લાકડાની ગાદીવાળા રાઉન્ડ શેપમાં આવેલ ખુરશી નંગ-૭ | ૧૬ | લોખંડની એંગલવાળુ એડવર્ટાઝનું બોર્ડ |
| ૨ | લાકડાની ગાદીવાળી ખુરશી ટેકા દેવાના ભાગે ગાદીવાળી નંગ-૧૭ | ૧૭ | પેસ્ટી કેક કુલર-૧ |
| ૩ | લાકડાની ખુરશી નંગ-૦૫ | ૧૮ | કોફી મશીન |
| ૪ | લોખંડની ખુરશી પાછળ ટેકાવાળી નંગ-૦૪ | ૧૯ | કોફી ગ્રાઈન્ડર |
| ૫ | કાચની ગોળ ટીપોઇ નંગ-૦૩ | ૨૦ | આઇશ ક્યુબ મશીન |
| ૬ | લાકડાની ગોળ ટીપોઇ નંગ-૦૩ | ૨૧ | ડીપ ફ્રીજર વોલટાસ કંપનીનું મોટુ |
| ૭ | લાકડાની ગોળ ટીપોઇ લોખંડના ટેકા સાથેની નંગ-૦૩ | ૨૨ | ડીપ ફ્રીજર નાનું |
| ૮ | લાકડાની ચોરસ ટીપોઇ નંગ-૦૫ | ૨૩ | મીક્ષર મશીન બોક્ષ સાથે |
| ૯ | લાકડાના ઉંચા બે ટેબલ નંગ-૦૨ | ૨૪ | લાકડાનું દરવાજાવાળું નાનું કબાટ નંગ-૦૪ |
| ૧૦ | લાકડાના લાંબા ટેબલ નંગ-૦૨ | ૨૫ | એસ.એસ.ફ્રીજ સ્ટીલનું લાંબુ |
| ૧૧ | લાકડાના ગાદીવાળા બે સીટના સોફા સેટ નંગ-૦૫ | ૨૬ | માઇક્રોઓવન પેનાસોનીક કંપનીનું |
| ૧૨ | લાકડાનું કાચનું પાર્ટિશનવાળુ ખુલ્લુ કબાટ | ૨૭ | ઓટીજી મશીન સ્ટેબીલાઇઝર સાથે |
| ૧૩ | મચ્છર મારવાનું ઇલેક્ટ્રીક મશીન નંગ-૦૨ | ૨૮ | BanQ કંપનીનું નાનું ટીવી |
| ૧૪ | LG નું ૫૪ ઇંચનું ટી.વી. | ૨૯ | કોમ્પ્યુટર ટચ પેડ |
| ૧૫ | એરટેલ કંપનીનું ટી.વી.નું સેટઅપ બોક્ષ-૦૧ | ૩૦ | બ્લુ સ્ટાર કંપનીનું જુનું સ્પ્લીટ AC |


તમામ જપ્ત કરેલ જંગમ મિલકતની આશરે કિંમત રૂા. ૨,૮૮,૩૫૦/-

બે વારી હરાજીની તારીખ : ૨૨/૦૭/૨૦૨૫ ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે વડોદરાના મોજે દુકાન નં. ૩૮, ગ્રાઉન્ડ ફ્લોર, અલંકાર ટાવર, સયાજીગંજ, વડોદરા મિલકતના સ્થળ ઉપર રાખેલ છે.
ત્રણ વારી હરાજીની તારીખ : ૦૬/૦૮/૨૦૨૫ ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે ડીસ્ટ્રીક્ટ કોર્ટ, રૂમ નં. બી/૧૮, નાઝર સાહેબશ્રી રૂબરૂ રાખેલ છે.

મે. એડી. સીવીલ જજ અને જ્યુ. મેજી. ફ. ક. જજ સાહેબશ્રી બંધનવાણી સાહેબની કોર્ટમાં. મુ.વડોદરા
પ્રથમ માળ, બી/૭૭, ન્યાયમંદિર, ન્યુ કોર્ટ બિલ્ડીંગ, વેક્સિન ગ્રાઉન્ડ પાસે, દિવાળીપુરા, વડોદરા.
જાહેર નોટીસ સિવિલ પરચુરણ (વારસાઇ) અરજ નં.81/2025
અરજદાર તર્ફે પિ.વ. શ્રી.જે. વાય.પાઠક
અરજદારો:- (૧) શ્રીમતી હેમલતાબેન ઉન્નિવદન વકીલ તે શ્રી મંગળદાસ કુલાદાસ પટેલની દીકરી, રહે :- ૩૩/સી, ગૌરૂપ, વસુંધરા સોસાયટી, વાઘોડીયા રોડ, વડોદરા-આજવા રોડ, વડોદરા. ગુજરાત-૩૯૦૦૧૯ (૨) શ્રી ભુપેન્દ્રભાઇ મંગળભાઇ પટેલ તે શ્રી મંગળભાઇ કુલાભાઇ પટેલના પુત્ર. રહે :- ૬૬, વિશ્વભારતી સોસાયટી, વાઘોડીયા રોડ,આજવા રોડ, [illegible]
આજ તા. ૦૭-૦૭-૨૦૨૫ ના રોજ અમારી સહી તથા કોર્ટના સીક્કો કરી આપેલ છે.
(વિ. એ. સાતપતી) (એચ.પી.પ્રજાપતિ) (એમ.વી.શાહ)
કોર્ટનો સિક્કો

**ફોર્મ નં. URC-2**
પ્રકરણ XXI ના ભાગ I હેઠળ નોંધણી અંગે નોટિસ આપતી જાહેરાત
[કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ ની કલમ 374(b) અને કંપનીઓ (નોંધણી કરવા માટે અધિકૃત) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૪(૧) અનુસાર]
૧. આથી સૂચના આપવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૩૬૬ ની પેટા-કલમ (૨) અનુસાર, પંદર દિવસ પછી પરંતુ ત્રીસ દિવસની મુદત પૂરી થાય તે પહેલાં, સેન્ટ્રલ રજિસ્ટ્રેશન સેન્ટર (CRC), ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA), પ્લોટ નં. ૬, ૭, ૮, સેક્ટર ૫, IMT માનેસર, જિલ્લો ગુડગાંવ (હરિયાણા), પિન કોડ- ૧૨૨૦૫૦ ખાતે રજિસ્ટ્રારને અરજી કરવાની દરખાસ્ત છે કે "NIJAL INDUSTRIES" એક ભાગીદારી પેઢી કંપની અધિનિયમ ૨૦૧૩ ના પ્રકરણ XXI ના ભાગ ૧ હેઠળ શેર દ્વારા મર્યાદિત કંપની તરીકે નોંધણી કરાવી શકાય છે.
૨. કંપનીના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છે:
a) MNO પાવડર અને MNO-2 પાવડર બ્રાન્ડ નામો હેઠળ વિવિધ ઉત્પાદનોના ઉત્પાદન અને પુનર્વેચાણનો વ્યવસાય ચાલુ રાખવો.
b) કોબાલ્ટ કોન્સન્ટ્રેટ અને અન્ય સંકળાયેલ સામગ્રીના વેપાર, હેન્ડલિંગ અને સંબંધિત કામગીરીમાં જોડાવા માટે.
c) ઉપરોક્ત ઉદ્દેશ્યો માટે જરૂરી અથવા આકસ્મિક બધી આનુષંગિક અને સંબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે, અને બધા ભાગીદારોની પરસ્પર સંમતિથી કોઈપણ અન્ય વ્યવસાયિક પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે.
૩. પ્રસ્તાવિત કંપનીના ડ્રાફ્ટ મેમોરેન્ડમ અને આર્ટિકલ ઓફ એસોસિએશનની નકલ સર્વે નંબર ૨૦૭, ગામ ગોપીપુરા, એટ એન્ડ પો-ભાસ્કા, તાલુકા હાલોલ, પંચમહાલ - ૩૮૯૩૫૦, ગુજરાત, ભારત ખાતે રજિસ્ટર્ડ ઓફિસમાં તપાસી શકાય છે.
૪. આથી સૂચના આપવામાં આવે છે કે આ અરજી સામે વાંધો ઉઠાવનાર કોઈપણ વ્યક્તિ આ નોટિસના પ્રકાશનની તારીખથી એકવીસ દિવસની અંદર સેન્ટ્રલ રજિસ્ટ્રેશન સેન્ટર (સીઆરસી), ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (આઈઆઈસીએ), પ્લોટ નંબર ૬, ૭, ૮, સેક્ટર ૫, આઈએમટી માનેસર, જિલ્લો ગુડગાંવ (હરિયાણા), પિન કોડ-૧૨૨૦૫૦ ખાતે રજિસ્ટ્રારને લેખિતમાં પોતાનો વાંધો જણાવી શકે છે, અને તેની નકલ કંપનીને તેની રજિસ્ટર્ડ ઓફિસમાં મોકલી શકે છે.
તારીખ ૧૮ જુલાઈ ૨૦૨૫
સ્થળ: હાલોલ
નિજલ ઇન્ડસ્ટ્રીઝ
સંપાદક/-
૧. આશિક શેખરચંદ શાહ (પાર્ટનર)
૨. અલકા આશિક શાહ (પાર્ટનર)
૩. રોનક આશિક શાહ (પાર્ટનર)

**બાન્કો પ્રોડક્ટસ (ઈન્ડિયા) લિમિટેડ**
રજી. ઓફીસ : બીલ, ભાયલી રેલ્વે સ્ટેશનની પાસે, પાદરા રોડ, જિલ્લો : વડોદરા - ૩૯૧૪૧૦. ફોન નં. : (૦૨૬૫) ૨૩૧૮૨૨૬
ઈ-મેલ : investor@bancoindia.com • વેબસાઈટ : www.bancoindia.com
CIN : L51100GJ1961PLC001039
સૂચના
[illegible]








બોલિવૂડ ડાયરી

અભિનેત્રી એલી અવરામ ટી સિરિઝની ઓફિસ બહાર ક્લિક થઈ હતી. આયેશા શર્મા મુંબઈ શહેરમાં આઉટિંગ માટે નીકળી હતી. તો આલિયા ભટ્ટ તેના અનોખા અંદાજમાં સંજય લીલા ભણસાલીની ઓફિસ બહાર જોવા મળી હતી. દિયા મિર્ઝા મુંબઈ એરપોર્ટ પર ક્લિક થઈ હતી. જ્યારે મૃણાલ ઠાકુર અને અજય દેવગણ તેમની આગામી ફિલ્મ સન ઓફ સરદાર ૨ના પ્રમોશનમાં વ્યસ્ત છે.

**મહાન કહાની હોવા છતાં હોલિવૂડ કરતાં ઓછો ખર્ચ : પ્રોડ્યુસર**

# ભારતની સૌથી મોંઘી ફિલ્મ 'રામાયણ' ૪૦૦૦ કરોડમાં બનશે





રણબીર કપૂર અને યશ સહિતની કાસ્ટ, તેમાં થયેલાં ગ્રાફિક્સ અને ટેક્નોલોજીના ઉપયોગ અને વિઝ્યુઅલ ઈફેક્ટ્સને લઈને તો 'રામાયણ' ચર્ચામાં છે જ. સાથે જ તેમાં અમિતાભ બચ્ચન, સાઈ પલ્લવી, સની દેઓલ, લારા દત્તા સહિતના કલાકારોની પ્રભાવશાળી કાસ્ટ છે. બે ભાગમાં બની રહેલી આ ફિલ્મ ભવ્ય તો હશે જ, હવે આ ફિલ્મના બજેટ અંગે પણ નવા અહેવાલો આવી રહ્યા છે. જેણે લોકોનું ધ્યાન ખેંચ્યું છે. આ ફિલ્મ લગભગ ૪૦૦૦ કરોડનાં બજેટમાં બની રહી છે, આમ તે ભારતીય ફિલ્મના ઈતિહાસમાં સૌથી મોંઘી ફિલ્મ બની જશે.

તાજેતરમાં આ ફિલ્મના પ્રોડ્યુસર નમિક મલ્હોત્રાએ આ ફિલ્મના બજેટ અંગે કેટલીક વાતો જાહેર કરી છે. પ્રાઈમ ફોકસ પ્રોડક્શનના સીઈઓ અને 'ઈન્સેપ્શન', 'ઈન્ટરસ્ટેલર' અને ડ્યુન જેવી ફિલ્મમાં રોકાણ કરનાર નમિત મલ્હોત્રાએ કહ્યું કે અમે કોઈ પાસેથી પૈસા લીધાં નથી, આ એક ઘણી મહત્વાકાંક્ષી ફિલ્મ છે. તે તેમના માટે કેમ એક અંગત મિશન જેવી ફિલ્મ છે, તે અંગે વાત કરતા નમિત મલ્હોત્રાએ જણાવ્યું, "અમે અમારી ફિલ્મનો ખર્ચ અમારા પોતાના નાણાંમાંથી કરી રહ્યા છીએ. અમે જ્યારે છ-સાત વર્ષ પહેલાં, પેન્ડેમિક પછી અમે જ્યારે શરૂઆત કરી ત્યારે લોકોને લાગતું હતું કે અમે પાગલ છીએ. અત્યાર સુધીમાં કોઈ ભારતીય ફિલ્મ આ બજેટની નજીક પણ આવી શકી નથી."નમિત મલ્હોત્રાનો અંદાજ છે કે જ્યારે બંને ભાગ બની જશે, ત્યારે લગભગ ૫૦૦ મિલિયન ખર્ચ થશે, જે કેટલીક જાણીતી હોલિવૂડ ફિલ્મના ખર્ચ જેટલો છે. તેમણે આગળ જણાવ્યું, "અમે એક મહાન કહાણી માટે દુનિયાની સૌથી મોટી ફિલ્મ બનાવવા જઈ રહ્યા છીએ, એક એવું મહાકાવ્ય જે દુનિયાએ જોવું જોઈએ. હજુ પણ મને લાગે છે કે કેટલીક હોલિવૂડ ફિલ્મની સરખામણીએ આ ફિલ્મ ઘણી સસ્તી બની રહી છે."આવી મોટા બજેટની ફિલ્મ બનાવવાનાં સપનાની શરૂઆત અંગે વાત કરતા તેમણે કહ્યું કે બાળપણમાં તેમણે જુરાસિક પાર્ક ફિલ્મ જોઈ હતી, જેનાથી એક કાલ્પનિક પણ લોકોને વાસ્તવિક લાગે તેવી દુનિયાની શક્યતાએ તેમની કલ્પનાઓને પાંખો આપી. તેમણે ક્યારેય કોઈ ફિલ્મ ડિરેક્ટ કરી નથી પરંતુ તેમણે એક વિશ્વ કક્ષાનું પોસ્ટ પ્રોડક્શન અને વિઝ્યુઅલ ઈફેક્ટ પાવરહાઉસ ખડું કર્યું છે, જેમાં કેટલીક ઓસ્કાર વિજેતા ફિલ્મ બનીને તૈયાર થઈ છે. પરંતુ આ સપના સાથે ભારતીય ફિલ્મ માટે વિશ્વમાં સન્માનની ખામી પણ તેમને અકળાવતી

**કેસમાં રાન્યા રાવ સાથે અન્ય બે આરોપીનો પણ સમાવેશ**

# કન્નડ અભિનેત્રી રાન્યા રાવને સોનાની દાણચોરી કેસમાં ૧ વર્ષની જેલની સજા



સોનાની દાણચોરીના કેસમાં કન્નડ અભિનેત્રી રાન્યા રાવને એક વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. આ આદેશ ફોરેન એક્સચેન્જ કન્ઝર્વેશન એન્ડ સ્મગલિંગ પ્રિવેન્શન એક્ટ એડવાઈઝરી બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં રાન્યા રાવ સાથે અન્ય બે આરોપીઓનો પણ સમાવેશ થાય છે.આદેશ મુજબ ત્રણેયને એક વર્ષની જેલની સજા દરમિયાન જામીન માટે અરજી કરવાના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે. એટલે કે, સમગ્ર સજા દરમિયાન તેમાંથી કોઈ પણ જામીન માટે અરજી કરી શકશે નહીં. રાન્યા ફિલ્મ 'માણિક્ય'માં કન્નડ સુપરસ્ટાર સુદીપ સાથેની ભૂમિકા માટે જાણીતી છે. રાન્યાએ અનેક દક્ષિણ ભારતીય ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેની ચાલુ વર્ષે ૩ માર્ચે બેંગલુરુના કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ૧૪.૮ કિલો સોના સાથે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. રાન્યા વારંવાર આંતરરાષ્ટ્રીય પ્રવાસોને કારણે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સની દેખરેખ હેઠળ હતી. ૩ માર્ચની રાત્રે જ્યારે તેની ધરપકડ કરવામાં આવી ત્યારે તે દુબઈથી અમીરાતની ફ્લાઈટમાં બેંગલુરુ પહોંચી હતી. ડીઆરઆઈ અધિકારીઓએ કહ્યું હતું કે અભિનેત્રી રાન્યા રાવે મોટાભાગનું સોનું પહેર્યું હતું, અને તેણે પોતાના કપડાંમાં સોનાની લગડી પણ છુપાવી હતી. રાન્યાના સાવકા પિતા રામચંદ્ર રાવ એક વરિષ્ઠ આઈપીએસ અધિકારી છે. ડીઆરઆઈએ કહ્યું હતું કે એરપોર્ટ પહોંચતા જ રાન્યા પોતાને એક આઈપીએસની પુત્રી ગણાવતી હતી અને સ્થાનિક પોલીસ કર્મચારીઓને ઘરે મૂકવા માટે બોલાવતી હતી.

**લોકોએ કહ્યું, વિદ્યા તેની વાસ્તવિક ઉંમર કરતાં નાની લાગે છે**

# પિકોક મેગેઝિન માટે અભિનેત્રી વિદ્યા બાલને જબરદસ્ત ટ્રાન્ફોર્મેશન કર્યું



વિદ્યાએ તાજેતરમાં એક મેગેઝિન કવર શૂટ માટે નવી હેરસ્ટાઈલ અપનાવી હતી અને ખૂબ જ સુંદર રીતે પોતાનો ચાર્મ ફેલાવતી જોવા મળી હતી. વિદ્યાએ તેના ઈન્સ્ટાગ્રામ પર લેટેસ્ટ ફોટોશૂટ શેર કર્યું હતું જેમાં તે બોડીકોન ડ્રેસમાં ચમકતી જોવા મળી હતી.બોલિવૂડ અભિનેત્રી વિદ્યા બાલન તેના નવા લુકથી ઘણી હેડલાઈન્સ બનાવી રહી છે. આ વખતે તેણે તેના ટ્રાન્સફોર્મેશનથી બધાને આશ્ચર્યચકિત કર્યા છે. વિદ્યાએ તાજેતરમાં એક મેગેઝિન કવર શૂટ માટે નવી હેરસ્ટાઈલ અપનાવી હતી અને ખૂબ જ સુંદર રીતે પોતાનો ચાર્મ ફેલાવતી જોવા મળી હતી. વિદ્યાએ તેના ઈન્સ્ટાગ્રામ પર લેટેસ્ટ ફોટોશૂટ શેર કર્યું હતું જ્યાં તે બોડીકોન ડ્રેસમાં ચમકતી જોવા મળી હતી. આ જોઈને ચાહકો અભિનેત્રીના દિવાના થઈ ગયા હતા.એક તસવીરમાં વિદ્યા લાલ-ગુલાબી રંગનો ફર ગાઉન, ટૂંકા ભૂરા વાળ અને હળવા ઘરેણાં પહેરેલી જોવા મળી રહી છે.બીજા ફોટામાં અભિનેત્રીએ સિલ્વર રંગનું ગાઉન અને લાંબો બુરખો પહેર્યો છે. વિદ્યાનો લુક તેના વજન ઘટાડવા માટે પણ સમાચારમાં છે. અભિનેત્રી લાંબા સમય પછી આધુનિક લુકમાં જોવા મળી છે.વિદ્યાએ કહ્યું કે પડદા પર મહિલાઓની સ્ટોરીઓ બદલાઈ રહી છે, કારણ કે વાસ્તવિક જીવનમાં પણ સ્ત્રીઓ ધીમે ધીમે અને મજબૂત રીતે પોતાનો રસ્તો બનાવી રહી છે. આ જ વાત હવે ફિલ્મોમાં પણ દેખાય છે.'હું યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ હતી, પરંતુ વધુ મહત્ત્વની વાત એ છે કે, મેં મારા માર્ગમાં આવેલી દરેક તકનો પૂરો લાભ લીધો, કારણ કે મને હંમેશા કામ કરવાની ખૂબ ભૂખ રહી છે. મને મારું કામ ખરેખર ગમે છે. મને લાગે છે કે દરરોજ આ સ્વપ્ન જીવવું એ એક આશીર્વાદ છે. આજે પણ, આ સફર શરૂ કર્યાના ૨૦ વર્ષ પછી પણ, હું મારા કામ વિશે એટલી જ ઉત્સાહિત અને ખુશ છું.'વિદ્યાના ફોટાએ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. દરેક વ્યક્તિ તેના બદલાયેલા દેખાવ અને વજન ઘટાડવાની પ્રશંસા કરી રહ્યા છે. ઘણા લોકોએ કહ્યું કે વિદ્યા તેની વાસ્તવિક ઉંમર કરતા ઘણી નાની લાગે છે.

**એક્શન ફિલ્મો માટે જાણીતો વિદ્યુત જામવાલ ફિલ્મમાં ધલસિમનું પાત્ર કરશે**

# હોલિવૂડ ડેબ્યૂ ફિલ્મમાં વિદ્યુત શાંત અને શક્તિશાળી યોગી બનશે



એક્શન ફિલ્મ માટે જાણીતો કલાકાર વિદ્યુત જામવાલ હવે હોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. તેકેપકોમ વીડિયો ગેમ ફ્રેન્ચાઈઝી આધારીત સ્ટ્રીટ ફાઈટર પરથી બની રહેલી એક ફિલ્મ છે, જે લિજેન્ડરી એન્ટરટેઈનમેન્ટની લાઈવ એક્શન ફિલ્મ હશે. વિદ્યુત આ ફિલ્મમાં ધલસિમનું પાત્ર કરશે. આ રોલ વિદ્યુત જામવાલની કેરિઅર માટે પણ મહત્વનનો છે, તેના હોલિવૂડ ડેબ્યુની ઘણા સમયથી રાહ જોવાતી હતી.આ ફિલ્મ બેડ ટ્રિપથી જાણીતા ડિરેક્ટર કિતાઓ સકુરાઈ દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે, આ ફિલ્મના પ્લોટ અંગે હજુ સુધીમાં કોઈ વધુ માહિતી જાહેર થઈ નથી. આ ફિલ્મની કાસ્ટ નક્કી થઈ છે, તે ઘણી પ્રભાવશાળી છે. આ ફિલ્મમાં એન્ડ્રુ કોજી યુંના રોલમાં, નોઆ સેન્ટેનિયો કેનના રોલમાં, કોલિના લિઆંગ ચુન લિના રોલમાં અને જેસન મોમ્વા બ્લાંકાના રોલમાં જોવા મળશે. વિદ્યુત જામવાલ એક એવા યોગીના રોલમાં હશે, જે શાંત હોવા છતાં આગ જેટલો શક્તિશાળી છે, તે ધલસિમનું પાત્ર કરશે, જે સ્ટ્રીટ ફાઈટર યુનિવર્સ સાથે જોડાયેલો છે.તે માર્શલ આર્ટનો પણ જાણકાર છે, ફિલ્મમાં પણ અને વાસ્તવિક જીવનમાં પણ. વિદ્યુત જામવાલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ પોતાના સ્ટંટ સીન પોતે જ શૂટ કરવા માટે જાણીતો છે, તેની આ સ્કિલનું ઉદાહરણ તેની 'કમાન્ડો' અને 'ખુદા ગવાહ'માં પણ જોવા મળ્યું છે.

# બિહારમાં વિધાનસભા ચૂંટણી પહેલાં જામેલો મતદારયાદીનો વિવાદ આખરે છે શું?

જૂન માસના અંત ભાગમાં ભારતના ચૂંટણીપંચે કંઈક એવી જાહેરાત કરી છે જેના કારણે બિહારના રાજકારણમાં આક્ષેપોનો ક્રમ શરૂ થઈ ગયો છે. વિરોધમાં વિપક્ષી દળોનું 'ઈન્ડિયા' ગઠબંધન આ જાહેરાતનો વિરોધ કરી રહ્યું છે તો બીજી તરફ ભાજપે ભારતના ચૂંટણીપંચની આ જાહેરાતને બિરદાવી હતી.

આ વાત છે ભારતના ચૂંટણીપંચના બિહારમાં મતદાર 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' એસઆઈઆર કરાવવાના નિર્ણયની. આ પગલા પર માત્ર વિપક્ષ જ સવાલ નથી ઉઠાવી રહ્યો, પરંતુ સામાન્ય લોકોના મનમાં પણ આને લીધે ઘણાં શંકાસવાલ પેદા થઈ રહ્યાં છે. કેન્દ્રીય ચૂંટણીપંચે કરેલી જાહેરાત અનુસાર આ કાર્યવાહીથી તમામ યોગ્ય નાગરિકોના નામ વૉટર લિસ્ટમાં હોય એ બાબત સુનિશ્ચિત કરાશે. ચૂંટણીપંચે મતદારોને એક ફોર્મ ભરવા કહ્યું છે જેની સાથે જે પુરાવા સામેલ કરવાના છે તેમાં આધાર કાર્ડનો સમાવેશ નથી કરાયો. જોકે, સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન ચૂંટણીપંચને આધાર કાર્ડને સામેલ કરવા સલાહ આપી છે. પરંતુ ચૂંટણીપંચે આ વિશે કોઈ નિર્ણય નથી લીધો. તેથી સવાલ એ થાય છે કે ચૂંટણીપંચ માત્ર આધાર કાર્ડને દસ્તાવેજ તરીકે સ્વીકારશે કે નહીં.

બિહારમાં આ વર્ષે અમુક મહિના બાદ વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, તેથી વિપક્ષ આ કાર્યવાહીની ટીકા કરી રહ્યો છે અને કેન્દ્રીય ચૂંટણીપંચ પર 'ભાજપના સેલ' તરીકે કાર્ય કરવાનો આરોપ કરી રહ્યો છે. વિપક્ષનાં દળોની સાથોસાથ સિવિલ સોસાયટીએ પણ આ પગલાનો વિરોધ કર્યો છે. તેમનું કહેવું છે કે આ પ્રક્રિયા લાગુ કરવાથી ઘણા લોકો મતદારયાદીની બહાર રહી જશે. ૨૪ જૂન ૨૦૨૫ના રોજ ચૂંટણીપંચે પોતાની એક પ્રેસનોટ જાહેર કરીને જણાવ્યું કે બિહારમાં મતદારયાદીનું છેલ્લે 'ઈન્ટેન્સિવ રિવિઝન' ૨૦૦૩માં કરાયું હતું. એ બાદ ઘણા લોકોનાં મૃત્યુ, પ્રવાસ અને ગેરકાયદેસર ઈમિગ્રેશનને કારણે એક સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની જરૂર છે.

ભારતના ચૂંટણીપંચે જણાવ્યું કે જે લોકનાં નામ ૨૦૦૩ની યાદીમાં સામેલ છે, તેમણે ચૂંટણીપંચ તરફથી જાહેર કરાયેલ એક ફોર્મ માત્ર ભરવાનું રહેશે. જેમનું નામ એ યાદીમાં નથી, તેમણે જન્મના વર્ષ પ્રમાણે દસ્તાવેજો આપવાના રહેશે. જેમનો જન્મ ૧ જુલાઈ, ૧૯૮૭ પહેલાં થયો છે, તેમણે પોતાના જન્મસ્થળ કે જન્મતિથિ માટે દસ્તાવેજ આપવા પડશે. જેમનો જન્મ ૧ જુલાઈ, ૧૯૮૭થી ૨ ડિસેમ્બર ૨૦૦૪ વચ્ચે થયો છે, તેમણે પોતાની સાથોસાથ પોતાનાં માતાપિતા પૈકી કોઈ એકનો દસ્તાવેજ આપવાનો રહેશે. જેમનો જન્મ ૨ ડિસેમ્બર ૨૦૦૪ બાદ થયો છે, તેમણે પોતાના દસ્તાવેજ સાથે પોતાનાં માતાપિતાના દસ્તાવેજ પણ આપવાના રહેશે. જેમનાં માતાપિતાનું નામ ૨૦૦૩ની મતદારયાદીમાં સામેલ છે, તેમણે પોતાનાં માતાપિતાના દસ્તાવેજ જમા કરાવવાની કોઈ જરૂર નહીં રહે. જોકે, તમામ મતદારોએ ચૂંટણીપંચ તરફથી જાહેર કરાયેલ ફોર્મ ભરવાનું રહેશે. આ સમગ્ર પ્રક્રિયા માટે એક મહિનાનો સમય અપાયો છે. ૨૬ જુલાઈ સુધી તમામ મતદારોએ ફોર્મ ભરવાનું રહેશે. એ બાદ ૧ ઑગસ્ટના રોજ ચૂંટણીપંચ એક ડ્રાફ્ટ લિસ્ટ જાહેર કરશે. એ બાદ ફરિયાદ દાખલ કરાવવા માટે લોકો પાસે એક મહિનાનો સમય હશે.

૩૦ સપ્ટેમ્બરના રોજ મતદારોની ફાઈનલ લિસ્ટ જાહેર કરાશે. ચૂંટણીપંચ પ્રમાણે, બિહારમાં લગભગ આઠ કરોડ મતદાર છે, તેથી લોકો એ વાતનો વિરોધ કરી રહ્યા છે કે સમગ્ર પ્રક્રિયા પૂરી કરવા માટે ખૂબ ઓછો સમય અપાયો છે. એસઆઈઆર બે પ્રકારે થશે. પ્રથમ બૂથ લેવલ ઑફિસર (બીએલઓ) ઘરે ઘરે, એક પ્રી-ફિલ્ડ ફોર્મ ગણના પ્રપત્ર (મતદારની જાણકારી અને દસ્તાવેજ) લઈને જશે. બીજી રીતમાં કોઈ પણ વ્યક્તિ ચૂંટણીપંચની વેબસાઈટ પર જઈને આ ફોર્મ ડાઉનલોડ કરીને તેને ભરી શકે છે. અહીં પ્રી-ફિલ્ડ ફોર્મનો અર્થ એ છે કે તેમાં મતદાર વિશેની વિગતો અગાઉથી જ ફોર્મમાં ભરેલી હશે. બીએલઓ માત્ર તેનું વેરિફિકેશન કરશે. સાથે જ જો જરૂર હશે તો વ્યક્તિને આવશ્યક દસ્તાવેજ જમા કરાવવાના રહેશે.

પ્રી ફિલ્ડ ફોર્મનો આધાર, આ વર્ષે ૭ જાન્યુઆરીના રોજ ચૂંટણીપંચ તરફથી જાહેર કરાયેલ મતદારોની પ્રકાશિત 'અંતિમ યાદી' છે. ૭ જાન્યુઆરીના રોજ પ્રકાશિત થયેલી આ યાદી પ્રમાણે, બિહારમાં કુલ ૭,૮૦,૨૨,૯૩૩ મતદાર છે, જેમાં ૩,૭૨,૫૭,૪૭૭ મહિલા ૪,૦૭,૬૩,૩૫૨ પુરુષ અને ૨,૧૦૪ થર્ડ જેન્ડર છે. ચૂંટણીપંચે ૧૧ દસ્તાવેજોની યાદી પણ જાહેર કરી છે, જે પૈકી કોઈ એક દસ્તાવેજ ફોર્મની સાથે જોડવાનો રહેશે. નોંધનીય છે કે આ તમામ માન્ય દસ્તાવેજોની યાદીમાં આધાર કાર્ડ, રેશન કાર્ડ, મનરેગા જોબ કાર્ડ, પાન કાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ સમાવિષ્ટ નથી. ઉપર જણાવ્યું એમ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનના પગલા હેઠળ મતદારયાદીમાં પોતાનું નામ જાળવી રાખવા માટે કેટલાક મતદારોએ પુરાવા રજૂ કરવા પડી શકે છે. આના કારણે બિહારમાં સામાન્ય લોકો મૂંઝવણનો સામનો પણ કરી રહ્યા છે. બિહારને આંકડાના સંદર્ભમાં જોવામાં આવે તો એ દેશનું સૌથી વધુ પૂર પ્રભાવિત રાજ્ય છે. રાજ્યના ભૂગોળનો ૭૩ ટકા ભાગ પૂરપ્રભાવિત છે.

સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (સીઆરએસ) ૨૦૨૨ના રિપોર્ટ પ્રમાણે, બિહારમાં ૨૧ દિવસની અંદર જન્મ રજિસ્ટ્રેશન માત્ર ૭૧.૬ ટકા લોકોએ કર્યું. જન્મનું રજિસ્ટ્રેશન ૨૧ દિવસની અંદર મફત થતું હોય છે. આવી જ રીતે શૈક્ષણિક યોગ્યતાની વાત કરીએ તો બિહાર સરકારના જાતિ આધારિત સર્વે પ્રમાણે રાજ્યમાં સામાન્ય વર્ગમાં ૧૭.૪૫, ઓબીસીમાં ૨૧.૬૯, ઈબીસીમાં ૨૪.૬૫, એસસીમાં ૨૪.૩૧, એસટીમાં ૨૪.૫૨, અન્ય જાતિઓમાં ૧૮.૩૨ ટકા લોકોએ માત્ર પહેલા ધોરણથી પાંચમા ધોરણ સુધીનું શિક્ષણ લીધું છે. રાજ્યમાં આવા લોકોની સંખ્યા ૨૨.૬૭ ટકા છે. બિહારના પૂર્વ મુખ્ય મંત્રી તેજસ્વી યાદવે સોશિયલ મીડિયા પર લખ્યું કે, બિહારમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં ચૂંટણીપંચ દ્વારા અચાનક સ્પેશન ઈન્ટેન્સિવ રિવિઝન કરાવવાની જાહેરાત અત્યંત શંકાસ્પદ અને ચિંતાજનક છે. તેમણે લખ્યું કે, ચૂંટણીપંચે આદેશ આપ્યો છે કે તમામ વર્તમાન મતદારયાદીને રદ કરીને દરેક નાગરિકે પોતાનું નામ મતદારયાદીમાં સામેલ કરવા માટે નવેસરથી અરજી કરવાની રહેશે. પછી ભલે તેનું નામ પહેલાંથી જ મતદારયાદીમાં કેમ ન હોય.

બીજી તરફ પશ્ચિમ બંગાળની સત્તાધારી પાર્ટી તૃણમૂલ કોંગ્રેસનાં સાસંદ સાગરિકા ઘોષે કહ્યું કે ચૂંટણીપંચના માધ્યમથી ભાજપ વિપક્ષને નિશાન બનાવવાની કોશિશ કરી રહ્યો છે. તેમણે દાવો કર્યો કે ચૂંટણીપંચે બિહાર વિધાનસભા પહેલાં મતદારયાદીમાં સંશોધનની વાત કરી છે, પરંતુ તેમનું નિશાન પશ્ચિમ બંગાળ છે. સાગરિકા ઘોષે કહ્યું છે કે ચૂંટણીપંચના અધિકારી ઘરેઘરે જઈને મતદારો તપાસશે અને એ બાદ આખી મતદારયાદી બદલી દેવાશે. થોડા દિવસ પહેલાં આ નિર્ણય અંગે વિપક્ષની દળોના ઈન્ડિયા ગઠબંધનની દસ પાર્ટીઓએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સાથે મુલાકાત કરી હતી.

ચૂંટણીપંચ મુજબ ૧૫ જુલાઈ સુધીમાં પંચે ૮૬.૩૨ ટકા મતદારોનાં ફોર્મ એકઠાં કરી લીધાં છે. અત્યાર સુધીમાં ૯૦.૮૪ ટકા મતદારોનો સંપર્ક પણ થઈ ચૂક્યો છે. વાસ્તવમાં ૧.૫૯ ટકા મતદારો મૃત હોવાનું જાણવા મળ્યું હતું. ૨.૨ ટકા મતદારો કાયમ માટે બિહાર બહાર જતા રહ્યા છે અને ૦.૭૩ ટકા મતદારોના નામ એક કરતા વધુ જગ્યાએ રજિસ્ટર્ડ છે. એટલે કે કુલ ૪.૫૨ ટકા મતદારોનાં નામ મતદારયાદીમાંથી હટાવાશે, આવા કુલ ૩૫ લાખ મતદાર થાય છે. જાન્યુઆરી ૨૦૨૫માં બિહારમાં મતદારોની સંખ્યા ૭.૯૦ કરોડ દર્શાવાઈ હતી. ચૂંટણીપંચ ૨૫ જુલાઈ સુધી ગણતરી ફોર્મ સ્વીકારશે.

### બેંગલુરુ નાસભાગ કેસમાં કર્ણાટક સરકારે હાઈકોર્ટમાં જવાબ રજૂ કર્યો

# પોલીસ અધિકારીઓએ RCBના જાણે નોકર હોય તેમ કામ કર્યું હતું

## IPS વિકાસ કુમારને સસ્પેન્ડ કરવાની બાબતને યોગ્ય ઠેરવી



બેંગલુરુ, તા.૧૭

બેંગલુરુ નાસભાગ કેસમાં કર્ણાટક સરકારે ગુરુવારે હાઈકોર્ટમાં જવાબ રજૂ કરી IPS અધિકારી વિકાસ કુમારને સસ્પેન્ડ કરવાની બાબતને યોગ્ય ઠેરવી છે. સરકારે આક્ષેપ કર્યો છે કે, 'વિકાસ કુમાર અને તેમના સહયોગીઓ આરસીબીના નોકર હોય તેમ કામ કરી રહ્યા હતા અને તેઓએ મંજૂરી વગર કાર્યક્રમની તૈયારી શરૂ કરી દીધી હતી.' કર્ણાટક સરકાર વતી હાઈકોર્ટમાં હાજર થયેલા વરિષ્ઠ વકીલ પી.એસ.રાજગોપાલે દલીલ કરી હતી કે, 'આરસીબીએ મેચ પહેલા જ ઉજવણીના આયોજન માટે પોલીસને અરજી આપી દીધી હતી. આ દરમિયાન અધિકારીઓએ વરિષ્ઠોની સલાહ લીધી નથી અને કોઈપણ પ્રકારની મંજૂરી પણ લીધી નથી. તેના બદલે ભીડ નિયંત્રણ અને સુરક્ષા વ્યવસ્થાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી.' કર્ણાટક સરકારના વકીલે હાઈકોર્ટમાં એવું પણ કહ્યું કે, આઈપીએસ અધિકારીએ નિયંત્રણ-તૈયારીઓ કરવાના બદલે સ્પષ્ટ કહ્યું હોત કે, તમે મંજૂરી લીધી નથી... જો તેમણે આવું કહ્યું હોત તો આરસીબી હાઈકોર્ટમાં ગઈ હોત અને કાયદો પોતાનું કામ કરતો હોત. અધિકારી પાસે કર્ણાટક રાજ્ય પોલીસ અધિનિયમની કલમ ૩૫ હેઠળ જરૂરી કાર્યવાહી કરવાની સત્તા હતી, જોકે તેમણે પોતાની શક્તિઓનો ઉપયોગ ન કર્યો.'

### ભારે વરસાદના કારણે અમરનાથયાત્રા સ્થગિત

# બાલતાલ રૂટ પર ભૂસ્ખલન થતાં ૧નું મોત, અનેક ઘાયલ

## આજથી યાત્રા શરૂ થવાની સંભાવના

જમ્મુ, તા.૧૭

અમરનાથ યાત્રાને મામલે અત્યારે ફરી એક નવી અપડેટ આવી છે. અત્યારે અમરનાથમાં હવામાન ખરાબ ચાલી રહ્યું હોવાથી ફરી યાત્રાને રોકવામાં આવી હોવાનું એલાન કરાયું છે. હવામાનને કારણે થઈ રહેલી સમસ્યાઓના કારણે આજે યાત્રા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમરનાથ યાત્રાના બાલતાલ રૂટ પર ભૂસ્ખલન થયું હોવાનું પણ જાણવા મળ્યું છે. આ ભૂસ્ખલનમાં એક મહિલાનું મોત થયું છે, જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા છે.અમરનાથ યાત્રા અંગે જમ્મુ અને કાશ્મીર ડીઆઈપીઆરએ કહ્યું કે, 'પહલગામ અને બાલતાલ બંને બેઝ કેમ્પથી અમરનાથ યાત્રા આજ માટે સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે'. હવામાન ખરાબ હોવાના કારણે ૧૬મી જુલાઈએ યાત્રા સ્થગિત કરવામાં આવી હતી. આજથી યાત્રા ફરી શરૂ કરવાની હતી પરંતુ હવામાનની સ્થિતિમાં કોઈ સુધાર આવ્યો ના હોવાથી આજે પણ યાત્રા સ્થગિત રાખવામાં આવી છે. કારણ કે, અમરનાથ યાત્રાના રૂટમાં છેલ્લા કેટલાય દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદના કારણે ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ છે.યાત્રાના રૂટની વાત કરવામાં આવે તો, જે યાત્રાળુઓ પંચતરણી કેમ્પમાં રોકાયેલા હતા તેમને બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન અને માઉન્ટેન રેસ્ક્યુ ટીમના રક્ષણ હેઠળ બાલતાલ તરફ જવાની મંજૂરી આપી દેવામાં આવી છે. કાશ્મીર ડિવિઝનલ કમિશનર વિજય કુમાર બિધુરીએ કહ્યું કે, અત્યારે ખરાબ હવામાનને કારણે યાત્રા બંધ કરવામાં આવી છે. ૧૮ જુલાઈથી યાત્રા શરૂ થવાની સંભાવના છે'.

### પુરાવા છે, સરકાર કાર્યવાહી નહીં કરે તો અમે જાહેર કરીશું : પટોલે

# મહારાષ્ટ્રમાં ૭૨થી વધુ અધિકારીઓ અને મંત્રીઓ હનીટ્રેપમાં ફસાયાનો દાવો

## કેટલીક કંપની અને સોશિયલ નેટવર્કને લગતા દસ્તાવેજો ખોટા હાથોમાં પહોંચી ગયા



મુંબઈ, તા.૧૭

વિધાનસભામાંથી બહાર નીકળ્યા બાદ કોંગ્રેસ નેતા નાના પટોલેએ મીડિયા સાથે વાત કરી. આ દરમિયાન તેમના હાથમાં પેન ડ્રાઈવ જોવા મળી રહી છે.મહારાષ્ટ્ર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ નાના પટોલેએ ગુરુવારે આરોપ લગાવ્યો હતો કે રાજ્યમાં સામે આવેલા હની ટ્રેપ કાંડમાં રાજ્યના મંત્રીઓ, સીનિયર IAS અને IPS અધિકારીઓ પણ સામેલ છે. હની ટ્રેપ કાંડ ફક્ત ઉપર સુધીની વાત નથી, તેના મૂળ ઘણા ઊંડા છે.તેમણે કહ્યું, 'આ કેસમાં આરોપીઓની સંખ્યા, જે સરકાર આપી રહી છે, તે ૭૨ સુધી મર્યાદિત નથી. ખરેખરમાં, તે ઘણી વધારે છે. મને ડર છે કે હની ટ્રેપ દ્વારા, મહારાષ્ટ્રની કેટલીક કંપનીઓ અને સોશિયલ નેટવર્કને લગતા દસ્તાવેજો ખોટા હાથોમાં પહોંચી ગયા છે. આનાથી નાગરિકોની સુરક્ષા જોખમમાં મુકાઈ છે.'પટોલેએ કહ્યું- મારી પાસે બધા પુરાવા પેન ડ્રાઈવમાં છે. અમે કોઈના ચરિત્રને બદનામ કરવા માંગતા નથી, તેથી જ અમે તેને અત્યાર સુધી જાહેર કર્યું નથી. જો સરકાર કાર્યવાહી નહીં કરે તો વિપક્ષ તેને જનતા સમક્ષ લાવવા માટે મજબૂર થશે.૨૦૧૬માં ધરપકડ કરાયેલી એક મહિલા પર મહારાષ્ટ્રના ઘણા સીનિયર "છજી અને"જી અધિકારીઓને હનીટ્રેપમાં ફસાવવાનો અને તેમની પાસેથી પૈસા પડાવવાનો આરોપ હતો.

## અરાઉન્ડ ધ વર્લ્ડ

### ધીરેન્દ્ર શાસ્ત્રીએ ઇતિહાસ રચ્યો: બ્રિટિશ સંસદમાં હનુમાનચાલીસા ગવડાવી

લંડન : બાગેશ્વર ધામના સંત અને દેશના જાણીતા કથાકાર પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ લંડન મુલાકાત દરમિયાન ઇતિહાસ રચ્યો છે. પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીની યુરોપિયન દેશોની મુલાકાત દરમિયાન સંસદ ભવનની અંદર હનુમાન ચાલીસાના શ્લોકો વાંચવામાં આવ્યા હતા.બ્રિટિશ સંસદના ઇતિહાસમાં પહેલીવાર સંસદ ભવનની અંદર હનુમાન ચાલીસા વાંચવામાં આવી હતી. બ્રિટિશ સંસદમાં સાંસદોના એક જૂથ દ્વારા આયોજિત એક ખાસ કાર્યક્રમમાં બાગેશ્વર ધામ બાબા તરીકે જાણીતા પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સંસદમાં હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવ્યો હતો.

### ૧૦૦ કરોડના ફંડિંગનો મામલો : છાંગુર બાબાના ૧૪ સ્થળોએ ઈડીના દરોડા

લખનૌ : યુપીમાં ધર્મ પરિવર્તનના માસ્ટરમાઈન્ડ છાંગુર બાબા ઉર્ફે જલાલુદ્દીનના ઠેકાણાઓ પર EDએ દરોડા પાડ્યા છે. બલરામપુરમાં ૧૨ અને મુંબઈમાં ૨ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, EDએ ૧૦૦ કરોડ રૂપિયાના ફંડિંગના કેસમાં આ કાર્યવાહી કરી છે. ખરેખરમાં, યુપી એટીએસને છાંગુર બાબા ગેંગના હવાલા નેટવર્ક, શંકાસ્પદ બેંક વ્યવહારો અને વિદેશી ભંડોળ વિશે ઘણા સંકેતો મળ્યા હતા. એટીએસે આ સંદર્ભમાં EDને દસ્તાવેજો સોંપ્યા હતા. ત્યારબાદ EDએ આ કાર્યવાહી કરી છે.ગેંગના ૩૦ માંથી ૧૮ બેંક ખાતાઓમાં અત્યાર સુધીમાં લગભગ ૬૮ કરોડ રૂપિયાના ટ્રાન્જેક્શન નોંધાયા છે.

### ચૂંટણી પંચ હવે ભાજપનું ઈલેક્શન ચોરી શાખા બન્યું હોવાના રાહુલના આક્ષેપ

પટના : કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ બિહારમાં SIRના ભાગરૂપે થઈ રહેલી મત ચોરીમાં ભાજપનો સાથ આપી રહ્યું હોવાનો આક્ષેપ મૂક્યો છે. તેમણે ચૂંટણી પંચ ભાજપની 'ઈલેક્શન ચોરી શાખા' તરીકે કામ કરતું હોવાનો દાવો કર્યો છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરી જણાવ્યું હતું કે ,બિહારમાં SIRના નામ પર ચૂંટણી પંચ મતની ચોરી કરતાં રંગે હાથ પકડાયું છે. નામ SIR અને કામ ચોરી. જે લોકો તેને ઉજાગર કરી રહ્યા છે, તેના પર નોંધાઈ રહી છે એફઆઈઆર. તેમણે આ પણ સવાલ કર્યો કે, શું ચૂંટણી પંચ હવે ચૂંટણી પંચ જ રહ્યું છે કે, પછી ભાજપની ઈલેક્શન ચોરી શાખા બની ગયું છે?

### કન્નડ અભિનેત્રી રાન્યા રાવને સોનાની દાણચોરીના કેસમાં ૧ વર્ષની જેલની સજા

નવી દિલ્હી : સોનાની દાણચોરીના કેસમાં કન્નડ અભિનેત્રી રાન્યા રાવને એક વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. આ આદેશ એડવાઈઝરી બોર્ડ દ્વારા કંઝર્વેશન ઓફ ફોરેન એક્સચેન્જ એન્ડ પ્રિવેન્શન ઓફ સ્મગલિંગ એક્ટિવિટિઝ એક્ટ (COFEPOSA) હેઠળ જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં રાન્યા રાવ સાથે અન્ય બે આરોપીઓનો પણ સમાવેશ થાય છે. આદેશ મુજબ ત્રણેયને એક વર્ષની જેલની સજા દરમિયાન જામીન માટે અરજી કરવાના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે. એટલે કે, સમગ્ર સજા દરમિયાન તેમાંથી કોઈ પણ જામીન માટે અરજી કરી શકશે નહીં. રાન્યા ફિલ્મ 'માણિક્ય'માં કન્નડ સુપરસ્ટાર સુદીપ સાથેની ભૂમિકા માટે જાણીતી છે.

### ત્સુનામીનું એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું

# યુએસના અલાસ્કા પોપોફ દ્વીપ પર સેન્ડ પોઈન્ટ પાસે ૭.૩ની તીવ્રતાનો ભૂંકપ

## લોકોને સતર્ક રહેવા અને સલામતી પ્રોટોકોલનું પાલન કરવા આદેશ અપાયો

અલાસ્કા, તા.૧૭

અમેરિકાઃ વિશ્વમાં ભૂકંપની ઘટનાઓ વધી રહી છે. અમેરિકાના અલાસ્કા દ્વીપકલ્પમાં મોડી રાત્રે જોરદાર ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૩ની માપવામાં આવી છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, આ ભૂકંપના અલાસ્કા દ્વીપકલ્પના વચ્ચે આવેલા પોપોફ દ્વીપ પર સેન્ડ પોઈન્ટપાસે આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદ દરિયામાં આશરે ૩૬ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. મહત્વની વાત એ છે કે, આ ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે, અલાસ્કામાં અત્યારે સુનામીની ચેતવણી આપી દેવામાં આવી છે.અલાસ્કામાં આવેલો ભૂકંપ ભારતીય સમય પ્રમાણે રાત્રે ૨.૭ વાગ્યે આવ્યો હતો. જે અમેરિકાના સમય પ્રમાણે વાત કરવામાં આવે તો, બપોર ૧૨.૩૦ વાગ્યો આવ્યો હતો. અમેરિકામાં ભરબપોરે જોકદાર ભૂકંપ આવ્યો હોવાથી લોકો ડરીને ઘરની બહાર આવી ગયાં હતાં. મિશિગન ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ આપેલી વિગતો પ્રમાણે ૭થી ૮ થી તીવ્રતાનો ભૂકંપ વિનાશકારી અને ભારે તબાહી મચાવે તેવો સાબિત થયાં છે. એટલા માટે અલાસ્કા દ્વીપના આસપાસના વિસ્તારોમાં સુનામીની ચેતવણી આપવામાં આવી છે.ભૂકંપ આવ્યાંના એક કલાક પછી ચેતવણીને એલર્ટમાં બદલી નાખવામાં આવી હતી.

**ભારતના રાજ્યમાં ૮ દિવસમાં ચોથી વાર ધરા ધ્રૂજી**

અમેરિકામાં અલાસ્કાના સેન્ડ પોઈન્ટ નજીક ૭.૩ ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો હતો. હરિયાણાના રોહતકમાં ૧૭મી જુલાઈએ રાત્રે ૧૨:૪૬ વાગ્યે ૩.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રોહતક શહેરથી માત્ર ૧૭ કિ.મી. પૂર્વમાં જમીનની ૧૦ કિ.મી. ઊંડાઈએ હતું. ભૂકંપના કારણે લોકો જાગી ગયા હતા અને ઘરની બહાર નીકળી ગયા હતા અને ખુલ્લી જગ્યામાં આવી ગયા હતા. જોકે હજુ સુધી કોઈ જાનમાલના નુકસાનના સમાચાર નથી. અહેવાલો અનુસાર, હરિયાણામાં છેલ્લા કેટલાક દિવસોથી હળવા ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. ૧૧મી જુલાઈના રોજ હરિયાણાના ઝજ્જર જિલ્લામાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો.

### ઈમિગ્રેશન કોર્ટમાં હવે બોન્ડ હિયરિંગની તક નહીં

# USમાં ગેરકાયદે રહેતાં લોકોને હવે સીધા જેલમાં જ ધકેલવામાં આવશે

## ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને પકડવાની પ્રક્રિયા ઝડપી બનાવાશે

સેન ડિએગો, તા.૧૭

અમેરિકાના ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટે કાયદાકીય સત્તાનો ઉપયોગ કરીને યુએસમાં વસતા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને પકડવાની પ્રક્રિયા ઝડપી બનાવતા વધુમાં વધુ લોકોને જેલ હવાલે કરાશે. આ આક્રમક નીતિને પગલે આગામી સમયમાં ભારતીયોની મુશ્કેલીમાં વધારો થવાની શક્યતા છે. આઈસીઈ ગેરકાયદે ઘુસેલા ઈમિગ્રન્ટ્સને કોર્ટમાં બોન્ડ સુનાવણી વગર જ સીધા જેલમાં ધકેલશે. અગાઉના નિયમો મુજબ જ્યાં સુધી ઈમિગ્રેશન કોર્ટમાં કેસ સુનાવણી માટે ના આવે ત્યાં સુધી ઈમિગ્રન્ટ્સને મુક્ત રહેવાની છૂટ મળતી હતી. નવી નીતિના અમલથી હવે તે શક્ય નહીં બને. નિષ્ણાતો આ નીતિને ક્રૂર ગણાવી રહ્યા છે. આઈસીઈના કાર્યકારી ડાયરેક્ટર ટોડ લિયોન્સે ૮ જુલાઈએ કર્મચારીઓને સંબોધીને લખેલા પત્રમાં જણાવ્યું કે, એજન્સીએ લોકોની અટકાયત માટેની વ્યાપક અને જટિલ સત્તામાં ફેરફાર કર્યો છે અને તાત્કાલિક ધોરણે તેને લાગુ કરતા હવે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ જજ સમક્ષ બોન્ડ સુનાવણી માટે અયોગ્ય ઠરશે. આવા લોકોને ત્વરિત જેલમાં ધકેલાશે અને હોમલેન્ડ સિક્યોરિટી ડીપાર્ટમેન્ટની મંજૂરી વગર કોઈને છોડવામાં નહીં આવે. ડોનાલ્ડ ટ્રમ્પ અને સેક્રેટરી ક્રિસ્ટી નોએમ અમેરિકાને ખરેખર સુરક્ષિત રાખવા માટે આ કાયદો અમલમાં લાવ્યા છે.

**ડોનાલ્ડ ટ્રમ્પે સામૂહિક ડિપોર્ટેશનની કવાયતમાં નડતરરૂપ ૧૭ જજોને કારણ વગર કાઢી મૂક્યા**

ટ્રમ્પ વહીવટીતંત્રે દેશમાં ડિપોર્ટેશનની કવાયત શરુ કરી છે. તેની આ કવાયતમાં તેને નડતર રૂપ ઈમિગ્રેશન કોર્ટના જજો છે. તેથી આવા જજોની પણ હકાલપટ્ટી કરવા માંડી છે. ટ્રમ્પે તાજેતરમાં આવા ૧૭ જજની હકાલપટ્ટી કરી નાખી છે, જેથી ડિપોર્ટેશનની પ્રક્રિયા વધુ ઝડપી બને. ટ્રમ્પે બે જજને કોઈપણ કારણ દર્શાવ્યા વગર કાઢી મૂક્યા હતા. ધ ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ પ્રોફેશનલ એન્ડ ટેકનિકલ એન્જિનિયર્સે જણાવ્યું હતું કે નવી યાદી મુજબ ૧૫ જજને શુક્રવારે કોઈપણ કારણ વગર કાઢી મૂકવામાં આવ્યા હતા.

### બ્રિક્સ વિકાસશીલ અર્થતંત્રોને એક મંચ પર લાવે છે

# બ્રિક્સ વર્સિસ વેસ્ટર્ન વર્લ્ડ: દુનિયામાં ફરી શીતયુદ્ધ શરૂ થવાના ભણકારા

## બ્રિક્સ સંગઠનનો પ્રસાર વધી રહ્યો હોવાથી નાટો ચિંતામાં




નવી દિલ્હી, તા.૧૭

બીજા વિશ્વ યુદ્ધ પછી દુનિયામાં અમેરિકાના નેતૃત્વમાં લોકતંત્રના પ્રસાર જ્યારે સોવિયેત સંઘ રશિયાના નેતૃત્વમાં સામ્યવાદી વિચારધારાના પ્રસાર માટે શીત યુદ્ધ શરૂ થયું હતું. દુનિયામાં રશિયાનું પ્રભુત્વ રોકવા માટે પશ્ચિમી દેશોએ સૌથી શક્તિશાળી સૈન્ય સંગઠન નાટો બનાવ્યું હતું. જોકે, સોવિયેત સંઘ રશિયાના પતન સાથે અમેરિકા અને રશિયા વચ્ચેના શીત યુદ્ધનો અંત આવ્યો હતો. પરંતુ દુનિયામાં હવે નાટો વિરુદ્ધ બ્રિક્સ વચ્ચે શીત યુદ્ધના ભણકારા વાગવા લાગ્યા છે, જે સૈન્યના બદલે આર્થિક અને રાજદ્વારી હોવાની શક્યતા છે. બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને સાઉથ આફ્રિકા દ્વારા સ્થાપિત બ્રિક્સ એવું સંગઠન છે જે વિકાસશીલ અર્થતંત્રોને એક મંચ પર લાવે છે. સંગઠનમાં વધુ પાંચ દેશો ઈજિપ્ત, ઈથોપિયા, ઈન્ડોનેશિયા, ઈરાન અને સંયુક્ત આરબ અમીરાત જોડાતા આ સંગઠન હવે ૧૦ દેશોનું બની ગયું છે. વૈશ્વિક અર્થતંત્રમાં આ ૧૦ દેશોનો હિસ્સો ૪૧% જેટલો છે. બીજી તરફ પશ્ચિમી દેશોનું નેતૃત્વ અમેરિકા અને નાટો કરી રહ્યા છે, આર્થિક ઉપરાંત સૈન્ય શક્તિનું કેન્દ્ર છે. દુનિયામાં બ્રિક્સ સંગઠનનો પ્રસાર વધી રહ્યો હોવાથી નાટો ચિંતામાં પડી ગયું છે. બ્રિક્સ અમેરિકા અને પશ્ચિમી દેશો માટે જોખમી બની રહ્યું હોવાની અટકળો વચ્ચે ટ્રમ્પે બ્રિક્સના સભ્ય દેશો પર ૧૦ ટકા વધારાના ટેરિફની ધમકી આપી હતી.

### ભારતે ઘાતક હથિયારનું સફળ રીતે પરીક્ષણ કર્યું

# ૧૫ હજાર ફૂટથી મિસાઈલે સચોટ નિશાન લગાવ્યું : નવી સિસ્ટમ સેનામાં સમાવાશે

## પરીક્ષણ ખૂબ જ ઊંચાઈવાળા વિસ્તારમાં કરવામાં આવ્યું



લદાખ, તા.૧૭

ભારતીય સેનાએ બુધવારે લદાખ ક્ષેત્રમાં ૧૫,૦૦૦ ફૂટથી વધુની ઊંચાઈએ સ્વદેશી રીતે વિકસિત આકાશ પ્રાઈમ એર ડિફેન્સ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના વરિષ્ઠ અધિકારીઓ અને એર ડિફેન્સ યુનિટ દ્વારા આ આ નવી સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું.પરીક્ષણ દરમિયાન સપાટીથી હવામાં પ્રહાર કરતી આકાશ મિસાઈલે ખૂબ જ ઊંચી ગતિએ ઉડતા હવાઈ લક્ષ્યો પર સચોટ નિશાન સાધ્યું હતું. આ પરીક્ષણ ખૂબ જ ઊંચાઈવાળા વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. આકાશ પ્રાઈમ સિસ્ટમ હવે ભારતીય સેનાના હવાઈ સંરક્ષણના ત્રીજા અને ચોથા એકમ (રેજિમેન્ટ)નો ભાગ બનશે. આનો અર્થ એ થયો કે હવે આ નવી સિસ્ટમ સેનાના બે વધુ એકમોમાં સમાવવામાં આવશે જેથી દુશ્મનના હવાઈ હુમલાઓ સામે વધુ સારી સુરક્ષા પૂરી પાડી શકાય.

આકાશ પ્રાઈમ ૧૫ હજાર ફૂટની ઊંચાઈએ સ્થાપિત કરી શકાય છે. તે લગભગ ૨૫-૩૦ કિલોમીટરના અંતરે સ્થિત લક્ષ્ય પર પ્રહાર કરી શકે છે.તેમજ આ સફળ પરીક્ષણથી ચીન અને પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ પણ મળ્યો છે કે ભારતીય સેના સતત મજબૂત થઈ રહી છે.

### એટીસીને PAN..PAN.. મેસેજ મોકલ્યો

# એન્જિનમાં ખામી: ઈન્ડિગોની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

## દિલ્હીથી ગોવા જતી ફ્લાઇટ મુંબઈમાં ઉતરી

નવી દિલ્હી, તા.૧૭

અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ દેશભરમાં વિમાનમાં ખામી અને ઈમરજન્સી લેન્ડિંગના અહેવાલો સામે આવી રહ્યા છે. ત્યારે બુધવારે ઈન્ડિગોની ફ્લાઈટ રાત્રે ૮ વાગ્યે દિલ્હીથી ગોવા માટે ઉડાન ભરી હતી. આ ફ્લાઈટ રાત્રે ૯:૪૨ વાગ્યે ગોવામાં ઉતરવાની હતી. પરંતુ એક એન્જિનમાં ખામી સર્જાતા ફ્લાઈટને મુંબઈમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવવી પડી હતી. જો કે, ઈમરજન્સી લેન્ડિંગ પહેલાં પાયલટે એર ટ્રાફિક કંટ્રોલ (ATC)ને PAN...PAN... PANનો મેસેજ મોકલ્યો હતો. ત્યારે એ જાણીએ કે"છ્દ્ર મેસેજ અર્થ શું હોય છે

અહેવાલો અનુસાર, ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ ૬૨૭૧ દિલ્હીથી ગોવા માટે ઉડાન ભરી હતી. આ દરમિયાન ફ્લાઈટના એક એન્જિનમાં ખામી સર્જાતા તેનું મુંબઈમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. એન્જિનમાં ખામી સર્જાવાના કારણે પાયલટે એટીસીને PAN..PAN.. મેસેજ મોકલ્યો હતો. આ મેસેજ ઈમરજન્સી સિચ્યુએશન દરમિયાન મોકલમાં આવે છે. આ મેસેજ દ્વારા એટીસીને જાણ કરવામાં આવે છે કે વર્તમાન પરિસ્થિતિ ગંભીર છે, પરંતુ જીવલેણ નથી.

વિમાનની ઈમરજન્સી લેન્ડિંગ પહેલાં પાયલટે મોકલેલો PAN મેસેજ એક કોડ છે, જેમાં વર્તમાન સિચ્યુએશનમાં એટીસીને મદદ માંગવામાં આવે છે.

### ભાજપના ધારાસભ્યે ફુકેએ હદ કરી!

# ભગવાન રામ અને કૃષ્ણ સાથે મુખ્યમંત્રી ફડણવીસની તુલના કરી

## ફડણવીસે મહારાષ્ટ્રને નવી ઊંચાઈએ પહોંચાડ્યું

મુંબઈ, તા.૧૭

મહારાષ્ટ્રના એક ભાજપ ધારાસભ્યએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વિશે મોટું નિવેદન આપ્યું છે. વિધાનસભા પરિષદના સભ્ય પરિણય ફુકેએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની તુલના ભગવાન શ્રી રામ, ભગવાન કૃષ્ણ અને ભગવાન શિવ સાથે કરી છે. આ ઉપરાંત ધારાસભ્ય પરિણય ફુકેએ કહ્યું કે, 'દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રને વિકાસની નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને તેને દેશનું નંબર-વન રાજ્ય બનાવ્યું છે.'

આટલું જ નહીં, ધારાસભ્ય પરિણય ફુલેએ વધુમાં કહ્યું કે, 'મુખ્યમંત્રી ફડણવીસે મહારાષ્ટ્રને વિકાસની નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને તેને નંબર વન રાજ્ય બનાવ્યું છે. અમે તેમના ભજન ગાઈએ છીએ કારણ કે તે અમારા માટે ભગવાન જેવા છે. મને ખબર નથી કે દેવેન્દ્ર ફડણવીસ ભગવાન છે કે નહીં, પરંતુ તેઓ ભગવાન જેવા વ્યક્તિ છે. તેમનું પાત્ર શ્રી રામ જેવું છે અને બુદ્ધિ કૃષ્ણ જેવી છે. તેમની સહનશીલતા બિલકુલ મહાદેવ જેવી છે, તેમનામાં ઝેર પણ પીવાની ક્ષમતા છે.'ધારાસભ્ય ફુકેએ કહ્યું કે, 'મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસમાં સૂર્યનું તેજ અને ચંદ્રની શાંતિ છે.' આવી સ્થિતિમાં, મુખ્યમંત્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા પરિણય ફુકેએ તેમની પ્રશંસા કરી., નાગપુર વિધાન ભવનનું વિસ્તરણ કરવામાં આવશે.

### પાકિસ્તાનનું ટેન્શન વધ્યું

# બલૂચ બળવાખોરોએ ૬ મહિનામાં ૭૦૦ જવાનો માર્યા : રિપોર્ટમાં દાવો

## બળવાખોરોનો બલુચિસ્તાનના ઘણાં વિસ્તારો પર કબજો

બલૂચિસ્તાન, તા.૧૭

બલૂચિસ્તાનમાં બલૂચ લિબરેશન આર્મીએ પાકિસ્તાની સરકાર અને સેનાની મુશ્કેલીઓ વધારી છે. બલૂચ નેતાઓ, બળવાખોરો અને મોટાભાગના લોકો પાકિસ્તાનથી અલગ થઈને સ્વતંત્ર બલૂચિસ્તાન ઈચ્છે છે. આ દરમિયાન એક ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. રિપોર્ટમાં સામે આવ્યું છે કે, જાન્યુઆરીથી જૂન ૨૦૨૫ દરમિયાન બીએલએ બળવાખોરો દ્વારા પાકિસ્તાની સેના પર ૨૮૬ હુમલાઓ થયા છે, જેમાં લગભગ ૭૦૦ જવાનો માર્યા ગયા છે. નોંધનીય છે કે, મીર યાર બલૂચ સહિત ઘણાં બલુચ નેતાઓએ બલૂચિસ્તાન માટે સ્વતંત્રતા પણ જાહેર કરી છે અને બલૂચિસ્તાનને વિશ્વથી સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપવાની માંગ કરી રહ્યા છે.રિપોર્ટ અનુસાર, બલૂચ બળવાખોરોના હુમલાઓનું લક્ષ્ય પાકિસ્તાની સેના હોય છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં આ હુમલાઓમાં નિર્દોષ લોકો પણ જીવ ગુમાવે છે. જેમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. મોટાભાગના કિસ્સાઓમાં બલૂચ બળવાખોરોના હુમલામાં એવા નિર્દોષ લોકો માર્યા જાય છે જે વિસ્ફોટ સમયે સેનાની ચોકી અથવા વાહનની નજીક હોય છે.બલૂચ બળવાખોરોએ બલૂચિસ્તાનના ઘણાં વિસ્તારો પર કબજો કર્યો છે. બલૂચ બલૂચિસ્તાનના સુરબ શહેર પર કબજો કરી લીધો છે.

### તમામ પક્ષોના નેતાઓ હાજર રહેશે

# ચોમાસું સત્ર પહેલાં કેન્દ્ર સરકારે ૨૦ જુલાઈએ મહત્ત્વપૂર્ણ બેઠક બોલાવી

## આવકવેરા બિલ ૨૦૨૫ પણ રજૂ થવાની શક્યતા

નવી દિલ્હી, તા.૧૭

સંસદમાં ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થવા જઈ રહ્યું છે, એવામાં તેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ૨૦ જુલાઈએ સવારે ૧૧ વાગ્યે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠકમાં તમામ પક્ષોના લોકસભા અને રાજ્યસભાના નેતાઓ હાજર રહેશે તેમજ આ બેઠકમાં ચોમાસુ સત્રમાં આવતા બિલો અને મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવશે.

સંસદનું ચોમાસુ સત્ર એવા સમયે શરૂ થઈ રહ્યું છે જ્યારે બિહારમાં જીંઇ પ્રક્રિયાને લઈને રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ સહિત વિપક્ષો ચૂંટણી પંચ અને સરકાર પર સતત પ્રહારો કરી રહ્યા છે. વિપક્ષોનું કહેવું છે કે ચૂંટણી પંચે આ પ્રક્રિયા મનસ્વી રીતે શરૂ કરી છે. આ પ્રક્રિયાનો સમગ્ર પ્રયાસ શાસક પક્ષને ફાયદો પહોંચાડવાનો છે. ઈતકૃ સહિત ઘણા વિપક્ષોનો આરોપ છે કે મતદાર ચકાસણી માટે માંગવામાં આવતા દસ્તાવેજો પહેલાથી જ લોકો પાસે છે. આધાર ઉપરાંત તેમણે મનરેગા જોબ કાર્ડ સહિત કેટલાક અન્ય ઓળખ કાર્ડ પણ સામેલ કરવાની માંગ કરી છે. ચોમાસુ સત્ર દરમિયાન કોંગ્રેસ અને કેટલાક અન્ય વિપક્ષો ઓપરેશન સિંદૂર અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરવાના દાવા જેવા મુદ્દાઓ પર સરકાર પાસેથી જવાબો માંગવાની તૈયારી કરી રહ્યા છે. આ વખતે સરકાર આવકવેરા બિલ ૨૦૨૫ પણ રજૂ કરી શકે છે.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા જનસત્તા

શહેરોનું તાપમાન: 35.4° અમદાવાદ | 34.6° વડોદરા | 33.3° સુરત | 35.1° રાજકોટ

હવામાન વિભાગ: શહેરમાં ગુરૂવારે મહત્તમ તાપમાનનો પારો ૩૪.૬ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનત્તમ તાપમાન ૨૭.૧ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાનાં પવનની ગતિ ૬ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

## વિકાસલક્ષી કામોની બેઠકમાં

### ચૂંટણી પૂર્વે ભાજપની છબી સુધારવા કયા કામો કરવા જોઈએ તે માટે શહેર સંગઠને બેઠક બોલાવી

# કોર્પોરેટર-ધારાસભ્યે મેયર-ચેરમેન-મ્યુ. કમિશનર વિરુદ્ધ મોરચો માંડ્યો

**સંગઠન, પાલિકાના હોદ્દેદારો, કોર્પોરેટરો, ધારાસભ્યોની ઝોનવાર બેઠક વ્યક્તિગત રજૂઆતોમાં પરિવર્તિત થઇ**

**વિકાસનાં કરવાપાત્ર કામો અને કાઉન્સિલરે કરેલા કામોની ચર્ચાના બદલે ફરિયાદોનો ઢગલો થયો**

**પૂર્વ ઝોન-દક્ષિણ ઝોનની બેઠકમાં ભાજપના જ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પોતાની જ સત્તાનાં કપડાં કાઢ્યાં**

વડોદરા, તા. ૧૭

આગામી ડિસેમ્બર મહિનામાં મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થાય તેવી શકયતાઓ જણાઈ રહી છે ત્યારે ભાજપ દ્વારા હાલથી જ તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. શહેર ભાજપ સંગઠન દ્વારા ઝોન વાર બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે જેમાં સંગઠન, પાલિકાના હોદેદારો, સ્થાનિક કોર્પોરેટરો અને ધારાસભ્યો સાથે ચર્ચા કરીને હાલ સુધી કરેલા કામો અને આગામી સમયમાં કરવાપાત્ર કામો અંગેની ચર્ચા કરવામાં આવી રહી છે. ગઈકાલે પૂર્વ ઝોન અને દક્ષિણ ઝોનની બેઠક મળી હતી. જેમાં વિકાસના કરવાપાત્ર કામો અને કાઉન્સિલરે કરેલા કામોની ચર્ચાના બદલે ફરિયાદોનો ઢગલો જોવા મળ્યો હતો. આ બેઠક વ્યક્તિગત રજૂઆતોમાં પરિવર્તિત થઇ ગઈ હોય તેમ લાગી રહી હતી. આ બેઠકમાં ભાજપના જ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પોતાની જ સત્તાના કપડા કાઢ્યા હતા.

ચૂંટણીઓની તૈયારીઓ રૂપે ભાજપનું સંગઠન હવે લોકો સુધી પહોંચવા માટે અને આગામી સમયમાં કરવાપાત્ર કામોની સમીક્ષા કરવા માટે ઝોન વાર બેઠક બોલાવી સ્થાનિક આગેવનોના મંતવ્યો જાણી રહ્યું છે. પરંતુ હાલમાં ભાજપના જ આગેવાનો ભાજપની જ સત્તાના કપડા કાઢવાના પ્રયાસો કરી રહ્યું છે. અને પોતાની જ સત્તા સામે મોરચો માંડ્યો છે. ગઈકાલે પૂર્વ ઝોન અને દક્ષિણ ઝોનની બેઠક મળી હતી. આ બેઠકમાં આ વિસ્તારના સંગઠનના આગેવાનો, સ્થાનિક કોર્પોરેટર, કોર્પોરેશનના હોદેદારો અને ધારાસભ્ય ઉપસ્થિત હતા. વિકાસલક્ષી કામોની બેઠકમાં કોર્પોરેટર અને ધારાસભ્યે મેયર, ચેરમેન તેમજ મ્યુનિસિપલ કમિશનર વિરુદ્ધ જ મોરચો માંડ્યો હતો. પોતાના વિસ્તારમાં થયેલા કામોને બદલે મેયર- ચેરમેન કામ કરવા દેતા નથી આ ઉપરાંત મ્યુનિસિપલ કમિશનર પણ પોતાની રીતે જ કામ કરતા હોવાની રજૂઆતો કરવામાં આવી હતી. કોર્પોરેટરોએ પોતાના વિકાસના કામોને બદલે ફરિયાદોનો ઢગલો કર્યો હતો. સંગઠન, પાલિકાના હોદેદારો, કોર્પોરેટરો, ધારાસભ્યોની ઝોન વાર બેઠક વ્યક્તિગત રજૂઆતોમાં પરિવર્તિત થઇ હતી. ત્યારે આગામી સમયમાં ચૂંટણી પૂર્વે તમામને એક સાથે લઈને કેવી રીતે પ્રજા સુધી પહોંચાશે તે એક સવાલ છે.

### પૂર્વ વિસ્તાર પાણીથી ત્રસ્ત છે છતાં કમિશનરે આજવામાંથી પાણી કેમ છોડ્યું? : મનીષાબેન

વડોદરા શહેરના પૂર્વ ઝોનમાં પાણીની સમસ્યા ઠેરની ઠેર છે. અને ઉનાળામાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તાર પૂર્વ વિસ્તાર હોય છે. આજવા સરોવરમાંથી આ વિસ્તારમાં પાણી પૂરું પાડવામાં આવે છે. ગઈકાલે સંગઠનની સંકલન બેઠક મળી હતી. જેમાં કાઉન્સિલર, ધારાસભ્ય સહિતના આગેવનો ઉપસ્થિત હતા. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર વિરુદ્ધ પણ કાઉન્સિલરોએ મોરચો માંડ્યો હતો. જેમાં સુર પુરાવતા શહેર- વાડી મતવિસ્તારના ધારાસભ્ય મનીષાબહેન વકીલે ગંભીર સવાલ ઉઠાવ્યો હતો કે પૂર્વ વિસ્તારમાં પીવાના પાણીનો ખુબ મોટો પ્રશ્ન છે તે પ્રશ્ન હોવા છતાં આજવાનું પાણી સમય કરતા વહેલું છોડી દેવામાં આવ્યું છે. તો ભવિષ્યમાં પાણીનો પ્રશ્ન સર્જાશે તો મ્યુનિસિપલ કમિશનર તેની જવાબદારી લેશે ખરા? આમેય શહેરમાં પાણીના મુદ્દે અનેક મુશ્કેલીઓ છે ત્યારે તેઓનો આ નિર્ણય કેટલો યોગ્ય છે? કમિશનર કોને પૂછીને આવા આયોજન કરે છે? તેવી ગંભીર બાબત અંગે મનીષાબહેને ટકોર કરી હતી. જેને લઈને કમિશનરની કામગીરીને લઈને પણ સવાલો ઉઠ્યા હતા.

**ધારાસભ્યે ફોન રિસીવ ન કર્યો**

મનીષાબહેન વકીલે આજવા સરોવરમાંથી વહેલું પાણી છોડી દેવાયું હોવાના મ્યુનિસિપલ કમિશનરના નિર્ણય અંગે સંગઠનમાં રજૂઆત કરી હતી. આ સંદર્ભે ધારાસભ્યનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ તેઓએ ફોન રિસીવ કર્યો ન હતો.

### મેયર-ચેરમેનની બસ ચૂકેલાઓ એકજૂથ

## પોતાના જ પક્ષના મેયર - ચેરમેન વિરુદ્ધ મોરચો માંડ્યો

સંગઠન દ્વારા ઝોન વાર બેઠક બોલાવવા પાછળનો આશય એ હતો કે દરેક કોર્પોરેટર અને આગેવનો પોતાના વિસ્તારમાં થયેલા કામો અંગે માહિતી આપે અને હવે પછી લોકો સુધી પહોંચવા માટે કયા કામો કરવા તે અંગેની ચર્ચા વિચારણા કરે. ચૂંટણી પહેલા કયા કામો કરવાથી પક્ષને ફાયદો થાય તે ચર્ચા કરવાની હતી પરંતુ પ્રમુખની સ્પષ્ટ સૂચના છતાં પણ મેયર અને ચેરમેનની બસ ચુકી ગયેલી ટોળકીએ આ બેઠકને વ્યક્તિગત મમતની બેઠક બનાવી અને મેયર તેમજ ચેરમેન તેમનું સંભાળતા નહીં હોવાની રજૂઆતો કરી હતી જેના કારણે આ આખી બેઠક મેયર - ચેરમેન વિરુદ્ધ હોય તેવું પ્રતીત થયું હતું.

## ગૌરવપથની કામગીરીને વ્યક્તિગત ગૌરવનો મુદ્દો કોણ બનાવે છે?

રાજ્ય સરકારની મંજૂરી બાદ વડોદરા શહેરના તમામ મુખ્ય પ્રવેશદ્વાર ઉપર ગૌરવપથ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડિઝાઈનમાં ધારાસભ્ય યોગેશ પટેલની રજૂઆત બાદ ફૂટપાથ મોટો કરવો કે નેનો કરવો તે અંગેની સ્થાયી સમિતિમાં દરખાસ્ત મુકવામાં આવી હતી. સમગ્ર શહેરના તમામ ગૌરવપથના ફૂટપાથ નાના કરવા માટેની દરખાસ્ત મંજુર પણ કરવામાં આવી પરંતુ હરણી થી સંગમના રસ્તાની દરખાસ્ત જ્યારે આવી ત્યારે કોર્પોરેટર અજિત દધીચે સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોને ફોન કરીને ફૂટપાથને નાનો કરવા માટેની દરખાસ્ત નામંજૂર કરાવી હતી. જે બાદ કમિશનરે મૂળ ટેન્ડર મુજબ કામગીરી શરુ કરાવતા તે અંગે પણ અજિત દધીચને વાંધો પડ્યો હતો. ત્યારે ગઈકાલની બેઠકમાં પણ અજિત દધીચ અને મનીષા વકીલે ગૌરવપથના મુદ્દે રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું છે.

### બે ટર્મના કોર્પોરેટર અજિત દધિચને મેયર કામ નહીં કરવા દેતાં હોવાનો અહેસાસ કેમ થાય છે?

મેયર પીકીબહેન સોની વોર્ડ ૪ માંથી ચૂંટાઈને આવ્યા છે. આ જ વોર્ડમાં તેઓના સાથી કોર્પોરેટર અજિત દધીચ છે. તેઓ છેલ્લી બે ટર્મથી ચૂંટાઈ આવે છે. અજિત દધીચ ૯.૫ વર્ષથી વધુ સમયથી કાઉન્સિલર છે. તેઓએ ગઈકાલની બેઠકમાં તેમના વિસ્તારમાં મેયર કામ નથી કરવા દેતા તેવી ગંભીર ફરિયાદ કરી હતી ત્યારે ભાજપના જ શાસનમાં પોતાના જ સાથી કોર્પોરેટર અને શહેરના પ્રથમ નાગરિક માટે આટલા ગંભીર આક્ષેપને લઈને સંગઠન પણ ચોંકી ઉઠ્યું હતું. અજીત દધીચિ ૯.૫ વર્ષથી આ વોર્ડના કોર્પોરેટર છે. જયારે પિંકી બહેન સોની માત્ર ૨ વર્ષથી જ મેયર બન્યા છે. ત્યારે અગાઉના ૭.૫ વર્ષમાં તેઓના વિસ્તારની કોઈ સમસ્યા અજિત દધીચ દ્વારા હલ કરવામાં આવી જ નથી કે જે હવે બાકી રહી ગઈ હોય અને છેલ્લા બે વર્ષમાં જ તમામ આક્ષેપ મેયર ઉપર મૂકી રહ્યા છે તેવું ભાજપમાં જ ચર્ચાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે અજિત દધીચ એ શહેર વાડી વિધાનસભાના ધારાસભ્ય મનીષાબહેન વકીલના ખાસ માનવામાં આવે છે ત્યારે માથે ધારાસભ્યનો સીધો હાથ હોવા છતાં પણ આ પ્રકારની ફરિયાદે ભાજપમાં જ આશ્ચર્ય ઉભું કર્યું છે. હવે જયારે મહાનગર પાલિકાની ચૂંટણીઓ નજીક છે ત્યારે પોતે નહીં કરેલા કામનુ ઠીકરું મેયર ઉપર ઢોળવામાં આવી રહ્યું હોવાની ચર્ચાએ ખુદ ભાજપ સંગઠનમાં જોર પકડયું છે. આંતરિક જૂથ બંધીના કારણે આગામી સમયમાં ભાજપને જ તેનુ નુકસાન વેઠવુ પડશે તેવી ચર્ચાએ જોર પકડયું છે.

### શહેરમાં અનેક સ્થળોએ ગંદકી છતાં સ્વચ્છતા સર્વેક્ષણમાં વડોદરાએ કૂદકો માર્યો

# વડોદરાએ આ વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણમાં ૧૮મો ક્રમ હાંસલ કર્યો, પણ ટોપ-૧૦માંથી બહાર

**૧૦ લાખથી વધુ વસતીની કેટેગરીમાં અમદાવાદ બાદ રાજ્યમાં વડોદરા બીજા ક્રમે**

વડોદરા, તા. ૧૭

કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યો હતો જેમાં વડોદરાએ ગત વર્ષ કરતા કૂદકો માર્યો છે. ગત વર્ષે વડોદરા ૩૩ માં ક્રમે આવ્યું હતું આ વર્ષે ૧૦ લાખથી વધુ વસ્તીની કેટેગરીમાં વડોદરા ગુજરાતમાં ૧૮મો ક્રમ હાંસલ કર્યો છે.

કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ ધારાધોરણો નક્કી કરીને સ્વચ્છતા સર્વેક્ષણ હાથ ધર્યો હતો. જેમાં વડોદરાએ સમગ્ર દેશમાં ૧૮મો ક્રમ હાંસલ કર્યો છે. ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતી મહાનગરપાલિકાઓની કેટેગરીમાં વડોદરાએ આ સિદ્ધિ હાંસલ કરી છે. ગત વર્ષે વડોદરાએ ૩૩મો ક્રમ મેળવ્યો હતો. જો કે ત્યારબાદ વડોદરા મહાનગરપાલિકાએ સ્વચ્છતા સંદર્ભે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. એટલું જ નહિ ઈંદોરની એક એજન્સીને પણ કામગીરી સોંપવામાં આવી હતી. જેના ફળસ્વરૂપે વડોદરાનો અગ્રીમ ક્રમાંક પ્રાપ્ત થયો છે. વડોદરાએ ગુજરાતમાં આ જ કેટેગરીમાં બીજો ક્રમ હાંસલ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે સુરત સુપર સ્વચ્છ લીગમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. સમગ્ર દેશમાં સુરતે આ સિદ્ધિ મેળવી છે. તો અમદાવાદ મહાનગરપાલિકાએ પણ રાજ્યમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. ત્યાર બાદ બીજા સ્થાને વડોદરાનો સમાવેશ થયો છે. વડોદરા મહાનગરપાલિકાના મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન દિલ્હી ખાતે આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે ગયા હતા. વડોદરાને આ સિદ્ધિ બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. વડોદરા ને પ્રોમિસિંગ સ્વચ્છ શહેર ઓફ ગુજરાતનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

આ મામલે સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, શહેરને સ્વચ્છ બનાવવા માટે ગત વર્ષથી જ પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ શરૂઆતથી જ સ્વચ્છતા માટે વિવિધ પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમયાંતરે કરાયેલા આયોજનના કારણે વડોદરા શહેરે આ ક્રમ હાંસલ કર્યો છે. આગામી સમયમાં વડોદરા ટોપ ૧૦ના આવે તેવા પ્રયાસો કરવામાં આવશે.



**પબ્લિક ટોઈલેટની સફાઈ અને કચરાના સ્ત્રોતોના વિભાજનમાં સૌથી ઓછા માર્ક્સ**

વડોદરા મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે વર્ષે કરોડોનો ખર્ચ કરે છે. પરંતુ શહેરને હજુ સ્વચ્છ અને સુંદર બનાવવામાં નિષ્ફળ રહ્યું છે. શહેરના અનેક વિસ્તારોમાં હજુ પણ કચરાના ઢગલા જોવા મળે છે. જ્યારે ૧૦૦ ટકાં કચરાનો નિકાલ પણ હજુ થઈ શકતો નથી. ગત વખતે સ્વચ્છતા સર્વેક્ષણમાં પાલિકાને સૌથી ઓછા માર્ક્સ જળસ્ત્રોતોની સફાઈમાં મળ્યાં હતા. જ્યારે આ વખતે સૌથી ઓછા માર્ક્સ જાહેર શૌચાલયોની સફાઈ, કચરાની સામે પ્રક્રિયા અને કચરાના પ્રોસેસીંગમાં સૌથી ઓછા માર્ક્સ મળ્યા છે.

**સિટી રિપોર્ટ કાર્ડ મુજબ કઈ કામગીરીમાં કેટલા માર્કસ મળ્યા?**

| કામગીરી | માર્ક્સ ૨૦૨૩-૨૪ | માર્ક્સ ૨૦૨૪-૨૫ |
|---|---|---|
| ડોર ટુ ડોર કચરા કલેકશન | ૧૦૦ ટકા | ૯૧ ટકા |
| કચરાનું એકત્રિકરણ | ૯૯ ટકા | ૭૪ ટકા |
| કચરાની સામે પ્રક્રિયા | ૯૭ ટકા | ૮૫ ટકા |
| કચરાની ડમ્પિંગ સાઈટ પર નિવારણ | ૧૦૦ ટકા | ૧૦૦ ટકા |
| રહેણાંક વિસ્તારોમાં સફાઈ | ૧૦૦ ટકા | ૧૦૦ ટકા |
| માર્કેટ વિસ્તારોની સફાઈ | ૧૦૦ ટકા | ૧૦૦ ટકા |
| જળસ્ત્રોતોની સફાઈ | ૮૮ ટકા | ૧૦૦ ટકા |
| જાહેર શૌચાલયોની સફાઈ | ૬૩ ટકા | ૭૦ ટકા |

**પાછલાં પાંચ વર્ષમાં કયો રેન્ક હતો?**

| | | |
|---|---|---|
| વર્ષ | ૨૦૧૯-૨૦ | ૭૮ |
| વર્ષ | ૨૦૨૦-૨૧ | ૧૦ |
| વર્ષ | ૨૦૨૧-૨૨ | ૦૮ |
| વર્ષ | ૨૦૨૨-૨૩ | ૧૪ |
| વર્ષ | ૨૦૨૩-૨૪ | ૩૩ |
| વર્ષ | ૨૦૨૪-૨૫ | ૧૮ |

**વડોદરા ટોપ-૧૦માં આવે તેવા પ્રયાસો કરવામાં આવશે : સ્થાયી ચેરમેન**

### પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના રણજિતનગર ગામના

## ભાજપ તાલુકા કિસાન મોરચાના પ્રમુખ મિત્તલ પટેલ પર બે અજાણ્યા ઈસમોએ ફાયરિંગ કર્યું

**ડેપ્યુટી સરપંચ મિતલ પટેલ દ્વારા રાજગઢ પોલીસ મથકમાં અજાણ્યા ઇસમો સામે ફરિયાદ દાખલ**





ગોધરા, તા,૧૭

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના રણજીત નગર ગામના ડેપ્યુટી સરપંચ અને ભાજપ નેતા મિત્તલ પટેલ પર બે અજાણ્યા ઈસમોએ રસ્તો પૂછવાના બહાને ફાયરિંગ કરતા ચકચાર મચી જવા પામી હતી. બનાવને લઈને પોલીસ કાફલો સ્થળે દોડે હતો અને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. બીજી બાજુ સમગ્ર ઘટનાને લઈને ડેપ્યુટી સરપંચ મિતલ પટેલ દ્વારા રાજગઢ પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

રાજગઢ પોલીસ મથકમાં એક ગંભીર ઘટનાની ફરિયાદ નોંધાઈ છે. ઘોઘંબા તાલુકામાં ભાજપના નેતા પર બે અજાણ્યા શખ્સોએ ફાયરિંગ કર્યું હતું. ઘટના દરમિયાન બે અજાણ્યા વ્યક્તિઓ મોટરસાઇકલ પર આવ્યા હતા. આ બંને શખ્સોની ઉંમર ૨૦થી ૨૫ વર્ષની આસપાસની હોવાનું અનુમાન છે. તેમાંથી એક વ્યક્તિએ મિત્તલ પટેલ પાસે આવીને પહેલા ચેલાવાડા જવાનો રસ્તો પૂછ્યો હતો. ત્યારબાદ તે વ્યક્તિ પાછો આવ્યો અને ચેલાવાડાનો રસ્તો પૂછ્યો. આ પછી તેણે 'અપશબ્દો' કહીને મિત્તલ પટેલના માથા તરફ બંદૂક કે કટ્ટા જેવું હથિયાર તાકીને ફાયરિંગ કર્યું. જો કે, ગોળી મિત્તલ પટેલની બાજુમાંથી નીકળી ગઈ અને તેઓ બચી ગયા. ફાયરિંગ કર્યા બાદ બંને આરોપીઓ મોટરસાઇકલ પર બેસીને ફરાર થઈ ગયા હતા. આ ઘટના સંદર્ભે રાજગઢ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.અત્રે ઉલ્લેખનીય છે કે પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના રણજીતનગર ગામના ડેપ્યુટી સરપંચ અને ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મિતલ પટેલ પર અજાણ્યા ઈસમ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જેને કારણે સમગ્ર પંથકમાં ભય અને અફરાતફરીનો માહોલ ફેલાઈ ગયો છે.ઘટનાની જાણ થતાં જ પંચમહાલ જિલ્લા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ગુનાહિત દિશામાં તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ દ્વારા આસપાસના વિસ્તારોમાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવીને તપાસ શરૂ કરવામાં આવી છે.હુમલાવાર કોણ હતો? અને ફાયરિંગ પાછળ શું કારણ હતું? તે અંગેની તપાસ નો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

### સમા-સાવલી રોડ પર આર્શિવાદ હોસ્પિટલની બહાર

## કારનો કાચ તોડી ૭૦ હજારની મત્તા ચોરી કરનાર રિક્ષાચાલકની ધરપકડ

વડોદરા, તા. ૧૭

આજવા રોડ પર સકીના એપાર્ટમેન્ટની સામે મન્સૂરી મંઝીલમાં રહેતાં અને અને ખાનગી લેબમાં ફરજ બજાવતા નીલોફરબાનું મન્સૂરી ગત ૪થી તારીખના બપોરે અઢી વાગે સમા સાવલીરોડ પર આવેલા આર્શિવાદ હોસ્પિટલમાં ગયા હતા અને તેમની સ્વીફ્ટ કાર હોસ્પિટલની બહાર પાર્ક કરી હતી. આશરે ચાલીસ મિનીટ બાદ કારમાં પરત આવતાં તેમને ચોંકાવનારી જાણ થઈ હતી કે કોઈ ગઠિયો કારનો કાચ તોડી કુલ ૭૦,૯૦૦ની મત્તાની ચોરી કરી ગયો છે. આ બનાવની તેમણે સમા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવની તપાસમાં જોડાયેલી શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે પાણીગેટ ગૌરવ સોસાયટીના રોડ પરથી હાથમાં બેગ લઈને શંકાસ્પદ હાલતમાં જઈ રહેલાં ૩૬ વર્ષીય મુનાફ હનીફભાઈ મન્સૂરીને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની કડકાઈથી પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે ઓટોરિક્ષાચાલક છે અને ગત ૪થી તારીખે તે રીક્ષા લઈને સમાસાવલી રોડ પરથી પસાર થતો હતો તે સમયે તેણે નિલોફરબાનુને તેમની કારમાં બેગ મુકીને કારને લોક મારી હોસ્પિટલમાં જતા જોયા હતા. તેને નાણાંની જરૂર હોઈ અને બેગમાં કિંમતી મત્તા હશે તેમ માની તેણે કારનો કાચ તોડવાનું નક્કી કર્યું હતું. તેણે નજીક પડેલા વજનદાર પથ્થરથી કારનો કાચ તોડી તેમાંથી બેગની ઉઠાંતરી કરી હતી. પોલીસે તેની પાસેથી લેપટોપ,એરપેડ, ચાર્જર સહિત ૬૬,૨૦૦ની મત્તા કબજે કરી તેને સમા પોલીસના હવાલે કર્યો હતો.

### કોંગ્રેસ શાસનમાં થયેલી ભરતીનો બોજો ભાજપ શાસનની પાલિકા પર પડશે

## હાઈકોર્ટમાં મેટર પેન્ડિંગ હોવા છતાં કોના દબાણને વશ થઈ શિક્ષણ સમિતિના કર્મચારીઓની દરખાસ્ત સભાના એજન્ડામાં ચઢાવાઈ?

**જો કર્મચારીઓને ન્યાય આપવો હોય તો કોર્ટના વકીલોની હાજરીમાં સમાધાન કરી કેસમાં ડિક્રી ફાઈલ કર્યા બાદ સભામાં લેવી પડે, અવળી ગંગા કોના કહેવાની વહી રહી છે?**

વડોદરા, તા. ૧૭

મહાનગરપાલિકાની સામાન્ય સભામાં નાગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓના ચોથા વર્ગના કર્મચારીઓને પ્રોબેશન પિરિયડ દૂર કરી કાયમી રીતે સમાવવા માટેની દરખાસ્ત સામાન્ય સભાના એજંડા ઉપર મુકવામાં આવી છે. જો કે આ દરખાસ્ત જો મંજુર કરવામાં આવે તો કોર્પોરેશન ઉપર મોટો આર્થિક બોજો વધશે. કોંગ્રેસના શાસનમાં આ કર્મચારીઓની ભરતી કરવામાં આવી હતી જેનો બોજો હવે ભાજપ શાસિત પાલિકા ઉપર પડશે. ત્યારે આ દરખાસ્ત કોના દબાણ હેઠળ ચઢાવવામાં આવી છે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. કારણ કે આ મેટર હાઈકોર્ટમાં પેન્ડિંગ છે તેમ છતાં અવળી ગંગા કેમ વહેવડાવવામાં આવી છે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

શુક્રવારે વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભા મળશે. જેમાં નાગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ/ બાલવાડીઓ તેમજ કચેરીના ૧૯૯૨થી ફરજ બજાવતા ચોથા વર્ગના કર્મચારીઓના પ્રોબેશન પિરિયડ દૂર કરવા ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ હેઠળ ઔદ્યોગિક ન્યાયપંચ કોર્ટના ફેબ્રુઆરી - ૨૦૧૯ ના ચુકાદાને અમલ કરવા માટે દરખાસ્ત મુકવામાં આવી છે. આ કર્મચારીઓની ભરતી કોંગ્રેસના શાસન દરમિયાન કરવામાં આવી હતી. ત્યારે હવે ભાજપ શાસિત પાલિકામાં અંદાજે રૂ. ૧૦ કરોડ જેટલો આર્થિક બોજો વધશે. ઉપરાંત હાલમાં આ મેટર હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. ત્યારે કોના દબાણ હેઠળ આ દરખાસ્ત સભામાં લેવામાં આવી છે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. નિયમ મુજબ જો કર્મચારીઓને ન્યાય આપવો હોય તો કોર્ટના વકીલોની હાજરીમાં સમાધાન કરી કેસમાં ડિક્રી ફાઈલ કરવી પડે છે. અને તે કર્યા બાદ દરખાસ્ત સભામાં લેવી પડે, ત્યારે આ અવળી ગંગા કોના કહેવાની વહી રહી છે? તેવી ચર્ચા

### ડિવોર્સી મહિલા પર હથિયારથી હુમલો કરનાર

## પૂર્વ પ્રેમીની યુવતીને ધમકી અગાઉ તું બચી ગઈ હતી, પણ હવે નહીં બચે

વડોદરા, તા. ૧૭

વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં રહેતી યુવાન ડીવોર્સી મહિલા ઉપર અગાઉ ખૂની હુમલો કરનાર તેના પૂર્વપ્રેમીએ તેને ફરીથી હુમલો કરી મારી નાખવાની ધમકી આપતા મહિલાએ ફતેગંજ પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી.

નવાયાર્ડ વિસ્તારમાં રહેતી મહિલાએ પોલીસને કહ્યું છે કે, મારા ડિવોર્સ થઈ ગયા બાદ હું એકલી રહું છું. પાંચ વર્ષ પહેલા મારે ગોરવાના સત્યમ એપાર્ટમેન્ટમાં રહેતાં દિનેશ પરમાર નામના યુવક સાથે મારે પ્રેમ સંબંધ થયો હતો. એક વર્ષ બાદ દિનેશે મારી સાથે તકરાર કરી મારી પર તિક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો જે બનાવની બે જે તે સમયે પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી. આ ફરિયાદમાં દિનેશ અને મારી વચ્ચે સમાધાન થયું હતું અને ત્યારબાદ મારા મારા દિનેશ સાથે કોઈ સંબંધ નથી. ગત ૧૨મી તારીખના બપોરે હું મારે ઘેરે હતી તે સમયે દિનેશ સ્કૂટર લઈને મારી ઘરે આવ્યો હતો અને તેણે અગાઉ થયેલા ઝઘડાની અદાવતમાં ફરી મને અપશબ્દો કહ્યા હતા. તેણે મને એવી ધમકી આપી હતી કે પહેલા તો તું બચી ગઈ હતી, પરંતુ હવે નહીં બચે. આ ધમકી આપીને તે તેની સ્કુટર પર ફરાર થયો હતો. ત્યારબાદ તે સ્કૂટર લઈને ફરાર થઈ ગયો હતો. આ ફરિયાદના પગલે પોલીસે દિનેશ પરમાર સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.